ચૈત્ર માસમાં વંચાતી કથા

ઓખા હરણ

(ખંડ કાવ્ય)

વિષ્ણુ મહંત

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

OKHA HARAN

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

ઓખા હરણ

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

Mayur's

-: વિક્રેતા :-

એમ. એમ. સાહિત્યપ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

અર્પણ પ્રિન્ટરી, આણંદ

અર્પણ

ભારતની પુજનીય નારીશક્તિને....

પ્રસ્તાવના....

રઘુકુળ વંશના રાજા બલીનો પુત્ર બાણાસુર જે શંકર ભગવાનનો પ્રિય ભક્ત હતો. જે બાણાસુરની દીકરી ઓખા જે સ્વપ્નમાં અનિરૂદ્ધ સાથે પરણી ત્યારથી તે તેને વરી ચૂકી હતી. અનિરૂદ્ધ જે પ્રદ્યુમંતનો દીકરો. આ પ્રદ્યુમંત જે કૃષ્ણભગવાન અને રૂકમણીનો દીકરો. આમ કૃષ્ણભગવાનના દીકરાના દીકરાએ બાણાસુરની પુત્રી ઓખાનું હરણ કર્યું જેની આ કથા 'ઓખા હરણ'.

ચૈત્ર માસમાં 'ઓખા હરણ' વાંચવાથી મહારોગ માંથી મુક્તિ થાય, ભૂત પ્રેતના ભણકારા સ્વપ્નમાંય આવતા નથી અને સુખી મન તન પામીને જીવનમાં લાભ થાય છે, અખંડ સોભાગ્યપ્રાપ્તિનું વ્રત છે.

આ દરમ્યાન અલૂણાવ્રત કરવુ જોઈએ જેમાં ચૈત્ર માસમાં છેલ્લા પાંચ દિવસ, ત્રણ દિવસ અથવા એક દિવસ કરવામાં આવે છે. આ વ્રત કરનારે નાહી ધોઈને શંકર પાર્વતીનું પુજન કરી એકટાણુ કરવું જેમાં મીઠા વગરનું ખાવું અને બ્રહ્મચર્ય પાળવું. આ માસ દરમ્યાન લીમડાની કુરી કુપણોનો રસ પીએ છે જે સ્વાસ્થપૂર્ણ બને છે.

ચૈત્ર માસ દરમ્યાન એક વાર, ત્રણ વાર કે પાંચ વાર વાંચવાથી લાભદાયી બને છે.

બહુ સરળ કાવ્યમય રચના કરી છે જે વિવિધ રાગમાં સરળ ગુજરાતીમાં બનાવ્યું છે... આપને રસ પડશે.

ચૈત્ર માસમાં વાંચો અને સંભળાવો...

આ ઓખાહરણમાં...

ઓખા કોણ?
તેની સહેલી ચિત્રલેખા કોણ?
ઓખાને શાપ મળ્યો ત્રણ વાર પરણજે...
ઓખા ત્રણ વખત કેવી રીતે પરણી?
ઓખા અને અનિરુદ્ધ કેવી રીતે મળ્યાં?
અનિરુદ્ધને કેવી રીતે પકડાયો?
અનિરુદ્ધને ક્યાં બંધન બનાવ્યો?
શ્રીકૃષ્ણ ભગવાન કેવી રીતે આવ્યા?
કેવુ ભીષણ યુદ્ધ થયું?
અંતે ઓખા અને અનિરુદ્ધનું મિલન થયું?

.... વાંચો ઓખાહરણ....

લિ.

વિષ્ણુ મહંત
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫

ઓખાહરણ

શ્રી ગણેશજીની પ્રાર્થના

(રાગ : આશાવરી)

એક નામ મુજને સાંભર્યું, શ્રી ગૌરીપુત્ર ગણેશ;
પાર્વતીના અંગથી ઊપજ્યો, તાત તણો ઉપદેશ. ૧
માતા જેની પાર્વતી ને, પિતા શંકર દેવ;
નવ ખંડમાં જેની સ્થાપના, કરે જગ ભૂતળ સેવ. ૨
સિંદૂરે શણગાર સજ્યા, ને કંઠે પુષ્પના હાર;
આયુધ ફરશી કર ધરીને, હણ્યા અસુર અપાર. ૩
પહેલા કરમાં જળકમંડળ, બીજે મોદિક આહાર;
ત્રીજા કરમાં ફરશી સોહીએ, ચોથે જપમાળ રે. ૪
ચાલો સહિયારો દેરે જઈએ, પૂજીએ ગણપતિ રાય;
મોટા લીજે મોદક લાડુ, લાગીએ શંભુસુતને પાય. ૫
એવા દેવ સાચા મુનિ વાચા, પૂરે મનની આશા;
બે કર જોડી કહે જન વૈષ્ણવ, દાસ તણો જે દાસ. ૬

પ્રકરણ ૧ લું

શ્રી અંબાજીની પ્રાર્થના

આદ્યશક્તિમા અંબા પ્રગટ્યાં, જ્યાં પવન નહિ પાણી;
સુરીનર મુનિવર સર્વે કળાણાં, તું કોણે ન કળાણી. ૧
તારું વર્ણન કઈ પેરે કરીએ, જો મુખ રસના એક;
સહસ્ત્ર ફેણા શેષનાગને મા, તોયે ન પામ્યો ભેદ. ૨
જુજવાં રૂપ ધારે જુગદંબા, રહી નવ ખંડે વ્યાપી;
મહા મોટા જડ મુઢ હતા મા, તેમની દુરમત કાપી.૩
ભક્તિભાવ કરી ચરણે લાગું, મા આદ્યશક્તિ જાણી;
અમને સહાય કરવા તું સમરથ, નગર કોટની રાણી. ૪
તું તારા ત્રિપુરા ને તોતળા, નિર્મળ કેશ રંગે રાતા;
બીજી શોભા શી મુખે કહીએ, રચના બની બહુ ભાતે. ૫
હંસાવતી ને બગલામુખી, વહાણવટી તું માય;
ભીડ પડે તમને સંભારું, કરજો અમારી સહાય. ૬
મા ! સેવકજન તારી વિનંતી કરે, ઉગારજો અંબે માય;
બ્રહ્મા આવી પાઠ રે, વિષ્ણુ વાંસળી વાય. ૭
શિવજી આવી ડાક વગાડે, નારદજી ગુણ ગાય;
અબીલ ગુલાલ તણા હોય ઓચ્છવ, વાગે મૃદંગના ઝણકાર. ૮

સિંહાસને બેઠી જુગદંબા, અમૃત દૃષ્ટે જોતી;
સોળ શણગાર તેં સજ્યા મા, નાકે નિર્મળ મોતી. ૯
ખીર અને મધ શર્કરા, આરોગો આંબા માય;
અગર કપૂરે તારી કરું આરતી, સેવકજન શિર નમાય. ૧૦
તું બ્રહ્માણી તું રૂદ્રાણી, તું દેવાધિ દેવા;
સકલ વિશ્વમાં તું છે માતા, કરું તમારી સેવા. ૧૧
માના ચરણ થયા પ્રતિજ્ઞાપાલન, પહોંચી મનની આશ;
કુશળ ક્ષેમ રાખજો અંબામા સર્વેને, એમ કહે ત્રિપુરદાસ રે. ૧૨

પ્રકરણ ૨ જું

શુકદેવજી ઓખાહરણની કથા કહે છે

(રાગ : કેદારો)

હું તો શ્રી પુરુષોત્તમ શિર નામું, હું તો સકળ પદારથ પામું;
વામું રે દુઃખ સકળ કલેવર તણા રે

રાગ : ઢાળ

દુઃખ સકળ વામું કલેવરનાં, સુણતાં પાતક જાય;
ઓખા હરણ જે સાંભળે, મહારોગ થતી મુકાય. ૧
તાવ તરીઓ એકાંતરિયો, ને ચઢે તેની કાય;
ભૂતનો ભણકારો તેને, ન આવે સ્વપ્નમાંય. ૨
પરીક્ષિત પૂછે કહોને શુકજી, ઓખાનો મહિમાય;
કોણ રીતે થયો, ઓખા-અનિરુદ્ધનો વિવાહ. ૩
પ્રથમથી તે નવમ સુધી, કહ્યા મને નવ સ્કંધ;
હવે દશમની કહો કથા, જેમ ઊપજે આનંદ. ૪
હરિએ વૃંદાવનમાં લીલા લીધી, વાયો મધુરો વંશ;
પ્રથમ મારી પૂતનાને, પછી પછડાયો કંસ. ૫
પછી પધાર્યા દ્વારિકામાં, પરણ્યા છે બહુ રાણી;
સોળ સહસ્ર શતરાણી, તેમાં અષ્ટ કરી પટરાણી. ૬
તેમાં વડા જે રુકમણી, પ્રદ્યુમન તેના સંતાન;
પ્રદ્યુમનના અનિરુદ્ધ કહીએ, કર્મ કથા પાવન. ૭

આદ્ય બ્રહ્મા સૃષ્ટિ કરતા, મરીચી જેના તન;
મરીચી સુત કશ્યપ કહીએ, હિરણ્યકશ્યપ રાજન. ૮
વિષ્ણુભક્ત પ્રહલાદજી, તેને વહાલા શ્રી ભગવંત;
પ્રહલાદ સુત વિરેચન, બલિરાય તેનો તન. ૯
બલિ તણો સુત બાણાસુર, જેનું મહારુદ્રચરણે મન;
એક સમે ગુરુજી શુક આવ્યા, ત્યારે બોલિયા વચન. ૧૦
અહો ગુરુજી અહો ગુરુજી, કહોને તપ મહિમાય
શુક વાણી બોલિયા, તું સાંભળને જગરાય. ૧૧
ત્રણલોકમાં શંભુ ભોળા, આપશે વરદાન;
મધુવનમાં જઈ તપ કરો, આરાધો શિવભગવાન રે. ૧૨

પ્રકરણ ૩ જું

બાણાસુરનું તપ - શિવે આપેલ વરદાન

(રાગ : ઢાળ)

રાય તપ કરવાને જાય છે, એ તો આવ્યા મધુવન માંય રે;
કીધું રાયે નિરમળ જળે સ્નાન રે, ધરિયું શિવજી કેરું ધ્યાન રે. ૧
રાય બેઠા છે આસન વાળી રે, કર જમણામાં જપમાળા ઝાલી રે;
માળા ઘાલ્યા સુગ્રીએ કાન રે, તોયે આરાધે શિવ ભગવાન રે.૨
રુધિર માંસ સુકાઈ ગયું રે, શરીર સુકા કાષ્ટવત સમ થયું રે;
મહા તપીઓ કેમ નવ બોલે રે, એના તપથી ત્રિભુવન ડોલે રે.૩
વળતા બોલ્યા શંકર રાય રે, તમે સાંભળો ઉમિયાય રે;
એક અસુર મહાતપ સાધે રે, મારું ધ્યાન ધરીને આરાધે રે. ૪
કોણ કહીએ જેનો બાપ રે, તે તો માંડી બેઠો મહા જાપ રે;
તમે કહો તો તેને વરદાન આપું રે, કહો તો પુત્ર ગણીને સ્થાપું રે.૫
વળતાં બોલ્યાં રુદ્રાણી રે, મારી વાત સુણો શૂલપાણિ રે;
દૂધ પાઈને ઉછેરીએ સાપ રે, આગળ ઉપજાવે સંતાપ રે. ૬
ભેદ ભસ્માંગદનો લહ્યો રે, વરદાન પામીને પૂંઠળ થયો રે;
વરદાન રાવણને તમે આપ્યાં રે, તેણે જાનકીનાથ સંતાપ્યા રે. ૭
માટે શી શિખામણ દીજે રે, ભોળા રૂડું ગમે તે કીજે રે;
વળતા બોલ્યા શિવરાય રે, તમે સાંભળો ઉમિયાય રે. ૮
સેવા કરી ચઢાવે જળ રે, તેની કાયા કરું નિરમળ રે;

સેવા કરી ચઢાવે સુગંધ રે, બુદ્ધિ કરું ધન ધન રે. ૯
જે કોઈ ચઢાવે બીલીપત્ર રે, તેને ધરાવું સોનાનું છત્ર રે;
સેવા કરીને વગાડે ઝાલતાલ રે, તેને કરી નાખું ન્યાલ રે. ૧૦
નારી પાનીએ બુદ્ધિ તમારી રે, આપતાં ન રાખીએ વારી રે;
હું તો ભોળાનાથ કહેવાઉં રે, હવે કપટીનાથ કેમ થાઉં રે. ૧૧
એવું કહીને ચાલ્યા ભોળાનાથ રે, મૂક્યો બાણાસુર શિર પર હાથ રે;
તું તો જાગ બાણાસુર રાય રે, તને વરદાન આપે શિવરાય રે. ૧૨
હું તો જાગું છું મહારાજ રે, આપો શોણિતપુરનું રાજ રે;
શિવ માંગું છું વારંવાર રે, મને આપો કર હજાર રે. ૧૩
કર એક્કો એવો કીજે રે, દશ સહસ્ર હસ્તિતણું બળ દેજો રે;
અસ્તુ કહીને શિવ વર આપ્યો રે, બાણાસુરને પુત્ર કરી સ્થાપ્યો રે. ૧૪

પ્રકરણ ૪ થું

બાણાસુર સમસ્ત સૃષ્ટિનો અધિપતિ બન્યો

(રાગ : આશાવરી)

વરદાન પામી વળિયો બાણાસુર, શોણિતપુરમાં જાય;
વનનાં વાસી પશુ-પંખી, તે લાગ્યાં બ્હીવાય. ૧
કાંઈ ન દીઠું સાંભળ્યું, જેમ વૃક્ષ ચાલ્યું જાય;
આવીને જોવા લાગ્યા સર્વે, દીઠો બાણાસુર રાય. ૨
નગર સમીપે ચાલી આવ્યો, બાણાસુર બળવાન
કૌભાંડ નામે રાય તણે ઘર, પ્રગટ થયો પ્રધાન. ૩
કોઈક દેશની કન્યા લાવી, પરણાવ્યો રાજન;
દેશ જીતવા સંચર્યો, રાય બાણાસુર બળવંત. ૪
પાતાળે નાગલોક જીતી, ચાલ્યો તેણી વાર;
દેશ દેશના મહિપતિ જીત્યા, કહેતાં ન આવે પાર. ૫
સ્વર્ગે જઈને જીત્યા, સર્વે દેવ નાઠા જાય;
સૂરજે વળતી સાંગ આપી, બાણાસુર તણા કરમાય. ૬
જીતી સૂરજ પાછો વળિયો, મળિયા નારદ મુનિ;
પ્રણામ કરીને પાયે લાગ્યો, તણે સમે રાજન. ૭
ઓ નારદજી, ઓ નારદજી, ના થયું મારું કામ;
એક જોદ્ધો ન મળ્યો સ્વામી, પહોંચે મનની હામ. ૮
નારદ વાણી બોલિયા, તું સુણ બાણાસુર રાય;
જેણે તુજને હાથ આપિયા, તે શિવશું કર સંગ્રામ. ૯

પ્રકરણ ૫ મું

બાણાસુર શિવજી સાથે યુદ્ધ કરવા ગયો

(રાગ : ઢાળ)

કૈલાસ પર્વત જઈ, રાજાએ ભીડી મોટી બાથ;
જળમાંહી જેમ નવ ડોલે, એમ ડોલે ગિરિનાથ. ૧
ટોપ કવચ ને ગદા ફરશી, કડકડાટ બહુ થાય;
તેણે સમે ઉમિયાજી, મનમાં લાગ્યા રે બ્હીવાય. ૨
જઈને શંકરને ચરણે નમિયા, અહો અહો શિવરાય;
શાને કાજે બીહો પાર્વતી, આવ્યો બાણાસુર રાય. ૩
શોણિતપુરનું રાજય આપ્યું, ઉપર કર હજાર;
વળી માગવા શું આવ્યો છે, અંધતણો કુમાર. ૪
સહસ્ર હાથ તો મુજને આપ્યા, તે તો સ્વામી સત્ય;
એક યોદ્ધો મુજને આપો, યુદ્ધ કરવા સમર્થ. ૫
આવો શિવ આપણે બે વઢીએ, આપ આવ્યા મારી નજરે;
ફટ ભૂંડા તું એ શું બોલ્યો, ખોટી હઠ આ તજ રે. ૬

પ્રકરણ ૬ ઠું

શિવજીએ શાપ આપ્યો - ગણપતિને ઓખાની ઉત્પત્તિ

(રાગ - ઢાળ)

તે તારા વણ કહે મેં, ઉપજાવ્યો છે એક;
જે કરછેદન કરી, તારા કરશે કટકા અનેક. ૧
તે તો સ્વામી કેમ જાણું, ચિંતા મુજને થાય;
લે બાણાસુર જા હું આપું, તુજને એક ધજાય. ૨
જ્યારે ધજા એ ભાંગી પડશે, ત્યારે કર તારા છેદાશે;
રુધિર તણો વરસાદ વરસશે, તારા નગર મોઝાર. ૩
ત્યારે તું એમ જાણજે, રિપુ ઉત્પન્ન થયો સાર;
વરદાન પામી વળિયો બાણાસુર, શોણિતપુરમાં જાય. ૪
એક સમે મહાદેવ કહે, મારે તપ કરવાનું મન;
તેણે સમે ઉમિયાએ માંડ્યું અતિ ઘણું રુદન. ૫
અહો શિવજી કહો, જન્મારો કેમ જાય;
મારે નથી એકે બાળક તો, કહો વલે શી થાય. ૬
મહારુદ વાણી બોલિયા, લે આ મારું વરદાન;
એક પુત્રી ને એક પુત્ર, ઉપજાવજે સંતાન. ૭
વરદાન આપી મહાદેવજી, વન તપ કરવાને જાય;

ઉમિયાજી નાહવાને બેઠાં, વિચાર્યું મનમાંય. ૮
શિવના ઘર મોટાં જાણીને, રખે આવતું કોય;
બાળક બારણે મેલું, બેઠા બેઠા જોય. ૯
દક્ષિણ અંગથી મેલ લઈને, અઘડ ઘડિયું રૂપ;
હાથ ચરણ ને ઘૂંટણ પાની, ટૂંકું અંગ સ્વરૂપ. ૧૦
ચતુર્ભુજને ફાંદ મોટી, પરમ દીસે વિશાળ;
શોભા તેની શી કહું હું, કંઠે ઘુઘરમાળ. ૧૧
પહેલા કરમાં જળકમંડળ, બીજો મોદિક આહાર;
ત્રીજા કરમાં ફરશી સોહીએ, ચોથે કર જપમાળ. ૧૨
ગણેશને ઉપજાવીને, બોલ્યાં પાર્વતી માત;
એની પાસે જોડ હોય તો, કરે તે બેઠાં વાત. ૧૩
વામ અંગથી મેલ લઈને, ઘડી કન્યા રૂપ;
શોભા તેની શી વાત કહું, શુકદેવ કહે સુણ ભૂપ. ૧૪
સેંથો ટીલડી રાખડી, અંબોડે વાંકી મોડ;
કંઠ કપોત ને કામની, તેહી મોડા મોડ. ૧૫
કોથળી ફૂલની વેલણ દાબલી, રમતાં નાના ભ્રાત;
કંઠુ પડો નાડાછડી, તે આપ્યો લઈને હાથ. ૧૬
વલણ : પરીક્ષિતને શુકદેવ કહે, કુંવારી કન્યા જેહ રે;
ઘર સાચવવાને બાળકો, બે પ્રગટાવ્યાં તેહ રે. ૧૭

પ્રકરણ ૭ મું

શિવજીએ ગણપતિજીનો શિરોચ્છેદ કર્યો

(રાગ : ઢાળ)

દેવી નાવણ કરવા બેઠાં, નારદ આવ્યા ત્યાંય;
બાળક બે જોઈને નાઠા, ગયા શિવજી જ્યાંય. ૧
નારદ ચાલી આવિયા, મધુવન તતખેવ;
ઓરે શિવજી ઓરે શિવજી, નફ્ફટ ભૂંડી ટેવ. ૨
વનવગડામાં ભમતા હીંડો, માથે ઘાલો ધૂળ;
આંક ધતુરો વિજયા ચાવો, વાળ્યો આડો આંક. ૩
તમે રે વનમાં તપ રો, ને ઘેર ચાલ્યું ઘરસૂત્ર;
તમો વિના તો ઉમિયાજીએ ઉપજાવ્યા છે પુત્ર. ૪
મહાદેવ ત્યાંથી પરવર્યા, કૈલાસ જોવા જાય;
ગણપતિ વાણી બોલિયા, આડી ધરી મહાકાય. ૫
અલ્યા જટિલ જોગી, ભસ્મ ચોળી દિસતો અદભુત;
આજ્ઞા વિના અધિકાર નહિ, હોય પૃથ્વીનો જો ભૂપ. ૬
વચન આવું સાંભળી, ને કોપિયા શિવ રાય;
લાતો ગડદા પાટુ મૂકી, આવ્યા ઘરની માંય. ૭
ગણપતિનો ગડદો પડે, બ્રહ્માંડ ભાગી જાય;
ત્રિલોક તો ખળભળવા લાગ્યું, આ તે શું કહેવાય? ૮

ત્યારે શિવજી કોપિયા છે, ચડી મનમાં રીસ;
કોપ કરીને ત્રિશૂળ મેલ્યું, છેદ્યું ગણપતિનું શીશ. ૯
માગશર વદ ચોથને દહાડે, પુત્ર માર્યો તર્ત;
તે દહાડાથી ચાલ્યું આવ્યું, ગણેશ ચોથનું વ્રત. ૧૦
તે મસ્તક તો જઈને પડ્યું, ચન્દ્રના રથમાંય;
તેથી ચતુર્થીને દિવસે, ચન્દ્રપૂજન થાય. ૧૧
એવે શિવજી ઘરમાં આવ્યા, જ્યાં ઉમિયાજી નહાય;
ઓખા બેઠી'તી બારણે, તે નાસી ગઈ ઘરમાંય. ૧૨
વલણ કોટડીમાં જઈને પેઠી, મનમાં વાત વિચારી;
ભાઈના કટકા કીધા માટે, મુજને નાખશે મારી. ૧૩
મહાદેવજી ઘરમાં ગયા ને, ઝબક્યા ઉમિયા મન;
નેત્ર ઉઘાડીને નીરખિયું, ત્યાં દીઠા પંચવદન. ૧૪
વસ્ત્ર પહેરી ઉમિયા કહે છે, કેમ આવ્યા મહાદેવ;
આંક ભાંગ ધતુરો ચાવો, નફ્ટ ભૂંડી ટેવ. ૧૫
નાહતા ઉપર શું દોડ્યા આવો, સમજો નહિ મન માંહે;
બે બાળક મેલ્યાં બારણે, કેમ આવ્યા મંદિર માંહે. ૧૬
છાની રહે તું પાપણી, મેં જોયું પારખું બધું;
આટલા દહાડા સતી જાણતો, પણ સર્વ લૂંટી ખાધું. ૧૭
મુજ વિના તેં તો પ્રજા કીધી, એવું તારું કામ;
પાર્વતીજી ! તમે રાખ્યું, હિમાચલનું નામ. ૧૮

વચન એવું સાંભળી, ઉમિયાજીને ઊઠી જ્વાળ;
કાલે તમે કહી ગયા હતા, જે પ્રગટ કરજો બાળ. ૧૯
ત્યારે શંકરે નીચું જોયું, મનમાં વાત વિચારી;
તારી પુત્રી તો નાસી ગઈ, તારા પુત્રને નાખ્યો મારી. ૨૦

પ્રકરણ ૮ મું

ગણપતિના મૃત્યુથી ઉમિયાજીએ કરેલ વિલાપ

(રાગ : સાખી)

વાડી વિના ઝૂરે વેલડી, વાછરું વિના ઝૂરે ગાય;
બાંધવ વિના ઝૂરે બેનડી, પુત્ર વિના ઝૂરે માય. ૧
ધન ધાન્ય ને પુત્રાધન, પુત્ર જ આગેવાન;
જે ઘર પુત્ર ન નીપજ્યો, તેના સુનાં બળે મસાણ. ૨
પુત્ર વિના ઘર પાંજરું, વન ઊભે અગ્નિ બાળીશ;
શિવ શાથી માર્યો ગણપતિ, મારો પુત્ર ક્યાંથી મેળવીશ. ૩

(રાગ : વિલાપનો વલણ)

બોલો હો બાળ રે હો ગણપતિ બોલો હો બાળ.
શિવ રે શાને માર્યો તન, હો ગણપતિ (ટેક) ૧
ઉમિયાજી કરે રુદન, હો ગણપતિ;

તેની સંપત્તિ પરઘેર જાય, હો ગણપતિ. ૨
શિવ પુત્ર વિનાની જેની માય, હો ગણપતિ;
તે તરણાથી હળવી થાય, હો ગણપતિ. ૩
ત્યારે શિવને આવ્યું છે જ્ઞાન, હો ગણપતિ;
મેં તો આપ્યું હતું વરદાન, હો ગણપતિ. ૪
પેલા નારદિયાનું કામ, હો ગણપતિ;
એ જૂઠાબોલો છે તેનું નામ, હો ગણપતિ. ૫
એણે વાત કરી સર્વ જૂઠી, હો ગણપતિ;
હું તો તપથી આવ્યો ઊઠી, હો ગણપતિ. ૬
મેં માર્યો તમારો તન, હો ગણપતિ;
આ ઊગ્યો શો ભૂંડો દિન, હો ગણપતિ. ૭

શિવજીએ ગણપતિને આપેલ વરદાન

(રાગ : આશાવરી)

નંદી ભૃંગી મોકલ્યા, તે, પહેલી જાય;
હસ્તિ એક મળ્યો માર્ગમાં, તેને શિર કીધો થાય. ૧
તે ગજનું મસ્તક લાવીને, ધડ ઉપર મેલ્યું નેટ;
ગડગડીને હેઠે બેઠું, આગળ નીકળ્યું પેટ. ૨
કાળા એના કુંભસ્થળ, વરવા એના દાંત;
આગળ એને સૂંઢ મોટી, લાંબા પહોળા કાન. ૩
દેવોમાં જાશે શું પોષાશે, અપાર મુજને દુ:ખ;

દેવતા સર્વે મેણાં દેશે, ધન્ય પાર્વતીનું કુખ. ૪
ત્યારે શિવજી બોલિયા, સુણો વાત હે સતી;
સુરીનર મુનિવર પૂજશે, ગણનાયક ગણપતિ. ૫

પ્રકરણ ૯ મું

રૂપ સાથે ગુણ જરૂરી છે

(રાગ : આશાવરી)

રૂપ ગુણનો વાદ પડ્યા, ચાલ્યા રાજદ્વાર;
ગુણને આપ્યાં બેસણાં, પછી રૂપને કર્યા જુહાર. ૧
રૂપ તો આપ્યાં શિવે નાગરાં, કોઈ જોગી અવધૂત;
ચતુરાઈ દીધી જે ચારણાં, વળી કોઈ રાજપૂત. ૨
પુન્ય વિના ધન કયા કામનું, કયા કામનો ઉદય વિણ કુંભ;
એ બે વસ્તુ કશા ન કામની, જેમ ગુણ વિના રૂપ. ૩
સ્વરૂપ દિયો શિવ ચાતુરી, ગુણ ન દિયો લગાર;
રૂપ તમારું પાછું લો, રૂપ ગુણ વિણ છે ભાર. ૪

પ્રકરણ ૧૦ મું

ગણપતિજીનો દર્શાવેલ મહિમા

(રાગ : મારુ)

પંથી જ્યારે ચાલે ગામ, પહેલું લે ગણપતિનું નામ;
કથા ગ્રંથ આરંભે જેહ, પ્રથમ ગણપતિ સમરે તેહ.
સૌભાગ્યવંતી શણગાર ધરે, ગણપતિ કેરું સ્મરણ રે;
સોની સમરે ઘડતા ઘાટ, પંથી સમરે જાતાં વાટ.
પંચવદનના દહેરામાંય, પહેલી પૂજા ગણપતિની થાય;
એ વિના મુજને પૂજે તો, સર્વ મિથ્યા થાય.
ઊથલો શાને કાજે રૂવે, પાર્વતી શાને લોચન ચોળે;
જેને ઘેર વિવાહ-વાજન હશે, ત્યાં બેસશે ઘી ને ગોળ રે.

પ્રકરણ ૧૧ મું

ઉમિયાજીએ ઓખાને આપેલ શ્રાપ

(રાગ : ઢાળ)

ઓખા કહી ઉમિયાએ, સાદ કર્યો બેચાર;
ત્યારે ઓખા આવી ઊભી, નીસરીને ઓરડીની બહાર.
મરાવીને ભાઈને, તું તો નાસી ગઈ;
મહાદેવે ગણપતિને માર્યો, તે સુધ મને નવ કહી.
તે માટે તારું અંગ ગળજો, લૂણે ખોજે કાય;
જા દૈત્યના કુળમાં અવતરજે, એણી પેર બોલ્યા માય.
ઓખાબાઈ તો થરથર ધ્રુજયાં, એ વાત અટંક;
અપરાધ પાખે માત મારો, આવડો શો દંડ?
ઉમિયા કહે મેં શાપ દીધો, તે કેમ મિથ્યા થાય;
દૈત્યકુળમાં અવતરજે, દેવ કોઈ વરી જાય.
ચૈત્રના મિનારકમાં, બાઈ તાહરો રે મહિમાય;
ઓખાહરણ જે સાંભળે, મહારોગ થકી મુક્ત થાય.
ચૈત્ર માસના ત્રીસ દહાડા, અન્ન અલૂણું ખાય;
ત્રીસ નહિ તો વળી, પાંચ દાડા પાછલા જે કહેવાય.
પાંચ દિવસ જો નવ પાળે, તો ત્રણ દિવસ વિશેક;
ત્રણ દિવસ નવ થાય, તો કરવો દિવસ એક.

એ પ્રકારે વ્રત કરવું, સમગ્ર સ્ત્રી જન;
અલૂણું ખાય ને અવની સૂવે, વળી એક ઉજ્જવળ અન્ન.
દેહ રક્ષણ દાન કરવું, લવણ કેરું જેહ;
પાર્વતી કહે પુત્રીને, સૌભાગ્ય ભોગવે તેહ.
વૈશાખ સુદી તૃતીયાને દિને, તું આવજે મુજ પાસ;
ગોર્ય કરીને પુત્રી મહારી, પૂરીશ મનની આશ.
શુકદેવ કહે રાજા સુણો, અહીં થયો એહ પ્રકાર;
હવે બાણાસુરની શી ગત થઈ, તેનો કહું વિસ્તાર.
વલણ : કહું વિસ્તાર એનો, સુણો રાજા નિરધાર રે;
હવે બાણાસુર ત્યાં રાજ કરતો, શોણિતપુર મોઝાર રે.

પ્રકરણ ૧૨ મું

બાણાસુરને ચાંડાલણીએ વાંઝિયાપણાનું ભાન કરાવ્યું

(રાગ : સામગ્રીની ચાલ)

રાય બાણાસુરને બારણે, વાળવા આવી રે ચંડાળ;
નિત્ય પડી રજ વાળીને, કર્યું ઝાકઝમાળ. બાણાસુરને....
રાય મેડિયેથી હેઠે ઊતર્યો, થયો પ્રાતઃ કાળ;
મુખ આગળ આડી ધરી, સાવરણી તે સાર. બાણાસુરને...
રાય બાણાસુર વળતો વદે, મનમાં પામી દુઃખ;
મુજને દેખી કેમ ફેરવ્યું, અલી તારું રે મુખ. બાણાસુરને...
ત્યારે ચાંડાલણી વળતી વદે, સાંભળી એ રાય;
તમો ઊંચ અમો નીચ છીએ, મુખ કેમ દેખાડાય? બાણાસુરને...
ત્યારે બાણાસુર વળતો વદે, સાંભળ રે ચંડાલણી નાર;
સાચું રે બોલને કામિની, નહિતર મારું ઠાર. બાણાસુરને...
ત્યારે ચંડાલણી વળતી વદે, સાંભળો તે રાજન;
સાચું બોલું જેવો ઘટે, તેવો દેજો દંડ. બાણાસુરને...
પ્રાતઃકાળે જોઈએ, નહિ વાંઝિયાનું વદન;
તમારે કાંઈ છોરું નથી, સાંભળો રે રાજન. બાણાસુરને...

પ્રકરણ ૧૩ મું

દસ પ્રકારના ચાંડાલ

(રાગ : આશાવરી)

ચંડાળ તો કોઈ એક નથી રાય, દશ વિધના કહેવાય;
પહેલાં ચંડાળ તેને કહીએ, નદી ઊતરી નવ નહાય.
બીજો ચંડાળ તેને કહીએ, પુત્રીનું ધન ખાય;
ત્રીજો ચંડાળ તેને કહીએ, દુભે માત પિતાય.
ચોથો ચંડાળ તેને કહીએ, પારકું ધન ખાય;
પાંચમો ચંડાળ તેને કહીએ, જેનું મેલું મન.
છઠ્ઠો ચંડાળ તેને કહીએ, જેનું કરમાયું વદન;
સાતમો ચંડાળ તેને કહીએ, નહિ તનયા કે તન.
આઠમો-નવમો ચંડાળ તેને કહીએ, હરે પારકી નાર;
દશમો ચંડાળ તેને કહીએ, જે કરમે ચંડાળ.

પ્રકરણ ૧૪ મું

શિવજી બાણાસુરને તેનો ભૂતકાળ જણાવે છે

(રાગ : આશાવરી)

બળિયો બાણાસુર રાય, પુત્ર ભાગવાને જાય;
મહાદેવજીની પાસે આવી, બેઠો તપ કરવાય.
હજાર હાથે તાળી પાડી, તવ રીઝ્યા શ્રી મહાદેવ;
આપો ને આપો શિવજી, પુત્ર એક તતખેવ.
ચિત્રગુપ્ત લહિયાને તેડ્યા, કર્મ તણા જોનાર;
પૂર્વે રાજા તું તો કહાવે, વૈશ્ય તણો અવતાર.
તારા ઘેર એક જ હતો, લાડકવાયો બાળ;
ભોજન કરવા તું તો બઠો, તે સાંભળને ભૂપાળ.
તુજ ભાણામાં જમવા આવ્યો, વેગે તારો બાળ;
માટીવાળા હાથ હતા, બાળકને તે વાર.
ત્યારે તુજને સંખા આવી, હાંકી કાઢ્યો બાળ;
બાળક ત્યારે થરથર ધ્રૂજ્યો, સાંભળને ભૂપાળ.
બાળકને તો રીસ ચઢીને, નવ ગણ્યો કાંઈ તાત રે;
પુત્ર વહાલો નથી માટે, તું વાંઝિયો રહેજે જન્મ સાત રે.

પ્રકરણ ૧૫ મું

ઉમિયાજીએ પુત્રી આપી - આકાશવાણી થઈ

(રાગ : ઢાળ)

ઉમિયા વાણી બોલિયા, તું સુણ બાણાસુર રાય;
તારા મનમાં જો ગમે તો, તને આપું એક કન્યાય.
ત્યારે બાણાસુર કહે, પુત્રી મારે કોટિક પુત્ર સમાન;
મુજને ટાળે વાંઝિયો, આપો એ વરદાન.
કોઈક દેશનો રાજા જોઈશ, રાખશે મારું નામ;
પોષ માસથી પૂરણ માસે, પૂરણ થશે મન કામ.
વર પામી વળિયો બાણાસુર, શોણિતપુરમાં જાય;
બાણામતીને ગર્ભ રહ્યો છે, તેનો કહું મહિમાય.
પોષ માસથી પૂરણ માસે, પ્રગટ થઈ કન્યાય;
વધમાણિયા પરવરિયા રાજસભામાં જાય.
શાણા જોષી તેડિયા, તેની જન્મપત્રિકા થાય;
વિદ્યા બળે કરી ગુરુજી બોલ્યા, પોતે તેણી વાર.
પહેલી ઉમિયાજીના અંગથી, પ્રગટી છે કન્યાય;
તેને નામે રાશિ જોઈને, નામ ધરજો ઓખાય.
ગ્રહ વેળા શુભ લગ્નમાં, સંતાન પ્રગટી છે સાર;
એથી તારા હાથનો, વેગે ઊતરશે ભાર.

ત્યારે આકાશવાણી એવી થઈ, તું સાંભળ ભૂપ નિરધાર;
એ પુત્રી ઈચ્છાવરને વરશે, કો કારણ રૂપકુમાર.
જયારે પુત્રી પરણશે, ત્યારે વરતશે હાહાકાર;
ભાર ઊતારશે તુજ હાથનો, તે માટે કરવો શો ઉપાય.
તે માટે તે ઘડી પ્રધાન, એણી પેર પૂછે રે રાય;
દેવવચન મિથ્યા નવ થાય, તે માટે કરવો શો ઉપાય.
રચો માળિયા સુંદર સાર, તે માટે કરો ઉપાય;
ઓખા અને ચિત્રલેખાને, મેલો મંદિર માળિયામાંય.

પ્રકરણ ૧૬ મું

ચિત્રલેખાની ઉત્પત્તિ કથા

(રાગ : ધનાશ્રી)

પરીક્ષિતે પ્રશ્ન કર્યો વિચારજી,
કહો કેમ પ્રગટ થઈ બેઉ નારીજી;
ઓખા ને ચિત્રલેખા કેમ ધર્યા નામજી,
કઈ વિધિએ આવ્યાં અસુરને ધામજી;
ધામ આવ્યાં અસુરને, તેણે કામ શા દેવનાં કર્યાં;
મને વિસ્તારીને વર્ણવો, એ કેવી રીતે અવતર્યા.
શુકદેવ કહે સુણ પરીક્ષિત, અભિમન્યુકુમાર;
પ્રશ્ન તેં પૂછ્યો મને, સંદેશ ખોલું નિરધાર.
એક વાર દેવ પાતાળે નાઠા, બાણાસુરના તાપથી;
ત્યારે વરુણ કેરા જગતમાં કન્યા પ્રગટી આપથી.
કન્યા કહે કેમ પ્રગટ કીધી, કહો એમ સરખું કામ;
ત્યારે દેવ કહે દૈત્ય દુઃખ દે છે, બાણાસુર જેનું નામ.
કન્યા કહે દુઃખ કાં ધરો, બાણાસુર આવશે પાતાળ;
એના પિતાના ચરણ પૂજવા, નિત્ય જાય છે પાતાળ.
ત્યારે મને પુત્રી કરીને સોંપજો, હું જઈશ એને ઘેર;
સાંકડી સગાઈએ સૂતા થઈને, કરાવું ભૂપની પેર.

તેણે સમે પાતાળ આવ્યો, બાણાસુર રાજન;
તેને દેવે દીકરી આપી, પ્રસન્ન થઈને મન.
પ્રધાન કહે સ્વામી સાંભળીએ, આપો મુજને બાળ;
કન્યાદાન કુંવરીનું દઉં તો, ઊતરે શિરની ગાળ.
ત્યારે રાજા કહે પ્રધાનને, આ પુત્રી મૂકું વન;
કાલે તેડીને તું આવજે, જાણે નહિ કોઈ જન.
પ્રભાતે પ્રધાન આવ્યો, પુત્રી બેઠી જયાં;
પુત્રી તો સમાધિ લઈ, હરિધ્યાન ધરે છે ત્યાંય.
વાયુ દ્વારા તેણે રૂંધિયા, ને રૂંધ્યા શ્વોસોશ્વાસ;
જમણા પગના અંગૂઠા પર, ઊભી રહી છે ખટ માસ.
તે જોઈને પાછો વળ્યો, પછી પુર ભણી પ્રધાન;
ખટ માસ પૂરણ તપ થયું, ત્યારે પધાર્યા ભગવાન.
માગ્ય કહેતાં કન્યા કહે, મને કરો આજ્ઞા પ્રકાશ;
ભૂત, ભવિષ્ય વર્તમાન જાણું, ને ઊંચી ચડું આકાશ.
એટલે પ્રભુએ તેને પાંખ આપી, વર આપીને વળિયા હરિ;
પ્રધાન આવ્યો પુર વિશે, તે કૌંભાંડે પુત્રી કરી.
વલણ : કુંવરી થઈ પ્રધાનની, તેનું પરાક્રમ કોઈ પ્રીછે નહિ;
શુકદેવ કહે રાય સાંભળો, એ ચિત્રલેખાની ઉત્પત્તિ કહી.

પ્રકરણ ૧૭ મું

ઓખાને ચિત્રલેખા મંદિર માળિયામાં

(રાગ : સાખી)

ભાદરવે જે ઠરે હળોતરા, શત્રુ પાસે માંગે શીખ;
જે ઘેર પુત્રી લાડકવાયી, તેનાં માબાપ માંગે ભીખ.
બાળો અગ્નિ બધું વન દહે, છળ વડે પર્વત કોરાય;
જો અબળા રૂઠી જે કરે, દેવથી નવ કળાય.
મણિધર નારી ને ઋષિકુળ, નદી નૃપ ને કમલા;
એટલો અંત ન લીજિયે, જો ઈચ્છીએ કુશળ ક્ષેમ;

(રાગ : ઢાળ)

નગર થકી કોઈ એક જોજન, રાજાએ મહેલ રચાવ્યો સાર;
ગોખ બારી ને અટારી, તેનો કહેતાં ન આવે પાર.
મરકત મણિ મોતીએ જડ્યા, માંહે પીરોજાના પાટ;
હયશાળા ગજશાળા છે, હીંચવા હીંડોળા ખાટ.
દિવસ માસ ને વરસ ગયાં, કન્યા મોટી થાય;
ચિત્રલેખાને સંગ રમતાં, ઉલટ અંગ ન માય.
સવા લાખ યોદ્ધા રખવાળે, મેલ્યા છે રાજન;
એમ કરતાં ઓખાબાઈને, આવ્યું છે જોબન.
તમે રાત્રે જાગો તો, નવ મીંટો લોચન રે;

ઓખા કેરા માળિયામાં, રખે સંચરે પવન રે.
શોણિતપુર પાટણ ભલું, રાય બાણાસુરનું નામ;
ઓખા તેની પુત્રી કહીએ, કરતી ઉત્તમ કામ.
ઘડી એકમાં લાવે સોગઠાં, ઘડી એકમાં પાટ;
નાના વિધની રમત રમે, ઘડી એક હીંડોળ ખાટ.
ઘડી એકમાં ઢીંગલી પોતિયા, રમતની હોડાહોડ;
હીંડોળે હીંચવાને કાજે, રેશમ કેરી દોર.
ધમ ધમ ઘુઘરા ગાજે, ઘુઘરડીનો ઘોર;
નાના વિધનું ગાણું ગાતાં, મધુર નીકળે શોર.
રમે જમે આનંદ કરે, પહેલા મંગલ થાય રે;
જે નબવંતી થઈ છે ઓખા, મંદિર માળિયા માંયરે.

પ્રકરણ ૧૮ મું

ઓખા ચિત્રલેખાને પોતાની જુવાની જણાવે છે

(રાગ : સાખી)

જોબનિયું વધ્યું રે, ઓખા નાનકડી રે લોલ;
મારે જોબનિયાની જાય બની, ઘડી ઘડે રે લોલ.
તું તો સાંભળ સહિયર, મારી બેનડી રે લોલ;
મારો મૂરખ પિતા કાંઈ, જોતો નથી રે લોલ.
બોલતી ઓખા વળતી વાણી, સાંભળ બેનડી રે લોલ;
મારો જાય કન્યા કાળ, વર જોતો નથી રે લોલ.
મારો જોબનિયાનો લટકો, દહાડા ચાર રે લોલ;
ટાણે રે મળશે પણ, નાણે નહિ મળે રે લોલ.

પ્રકરણ ૧૯ મું

કન્યા વિવાહનું ફળ

(રાગ : આશાવરી)

પાંચ વર્ષની પુત્રી, તે તો ગવરી રે કહેવાય;
તેનો કન્યાદાન દે તો, કોટિ યજ્ઞફળ થાય.
પણ પુત્રી કેરા પિતાને કોઈ કહાવો રે વધાઈ;
ગાંધર્વ વિવાહનું ફળ જેને, વર્ષ થાય બે નવ.
એમ કરતાં વળી વચમાં, આવી પડે કાંઈ વાંક;
મનુષ્ય વિવાહનું ફળ જેને, અગિયારે આડો આંક.
એમ કરતાં વરસ જાય ને, બાર પૂરા થાય;
પુત્રીનું મુખ પિતા જુવે, તો બેસે બ્રહ્મહત્યાય રે.

પ્રકરણ ૨૦ મું

ઓખા-ચિત્રલેખા વચ્ચે વાર્તાલાપ

(રાગ : આશાવરી)

ચિત્રલેખા એણી પેર બોલી, સાંભળ સહીયર વાત;
તારે કાજે નહિ પરણાવે, બાણ તારો તાત.
તારે કાજે પરણાવે તો, છેદાય રાયના હાથ;
તારે કાજે નહિ પરણાવે, પ્રધાન મારો તાત.
તાત કેરી આજ્ઞા લઈ, આવોને ઓખાય;
વચન સાંભળી ઓખા વળતી, ત્યાં ચાલી જાય.
તાત આપો આજ્ઞાય, તો શંભુ પૂજવા જાઉં;
બાણાસુર પ્રત્યે પુત્રીએ, એવું વચન ઉચ્ચાર્યું.
ઘેલી પુત્રી એમ ન કહીએ, બેસી રહો મંદિર માંય;
ઘેર આવે મહાદેવજી, પૂજીને લાગો પાય.
વચન સાંભળી ઓખા ચાલ્યાં, પોતે તેણી વાર;
ચિત્રાલેખા સહિયર મારી, ઉપાય કરવો સાર.

પ્રકરણ ૨૧ મું

ઓખાનું ચિત્રાત્મક વર્ણન

(રાગ : સામેરી)

ઓખા તારે શ્રવણે, ઝબુકે ઝાલ રે;
ઓખા તારે કુમકુમ રાતા ગાલ રે.
ઓખા તું તો, હંસની ચાલે ચાલ રે;
ઓખા તારે ચણિયો, ચોળીને ચૂંદડી રે.
ઓખા તારે બાંય બાજુ બંધ રે;
ઓખા તારું મુખડું પૂનમ ચાંદ રે.
ઓખા તારા તેજ તણો નહિ પાર રે;
ઓખા તને વર્ષ થયાં દસ બાર રે.
ઓખા તાર શોભીતા શણગાર રે;
ઓખા તારે પાલવે, નેપૂર વાજતા રે.

પ્રકરણ ૨૨ મું

(રાગ : સાખી)

હારે બેની તારે વિછુવા, કરકંકણ મુદ્રિકા હાર;
એ પુરૂષ વિના પહેરે પ્રેમદા, તેનો ધિક પડ્યો અવતાર.
સેંથો ટીલડી રાખડી, નયને કાજળ કુમકુમ આડ;
પુરૂષ વિના પહેરે પ્રેમદા, તેનો ધિક પડ્યો અવતાર.
બાઈએ તોડી નાખ્યા હાર રે, આ તું લે તારા શણગાર રે;
હું તો નહિ પામું ભરથાર રે, નહિ ઓઢું ઘાટડી રે. ૧
બાણાસુર મારો બાપ રે, કોણ જનમના પાપ રે;
નહિ પરણાવે બાપ રે, નહિ જોઉં વાટડી રે. ૨

પ્રકરણ ૨૩ મું

ઓખાની વિરહવેદના

(રાગ : તોડી)

વર વરવાને થઈને પ્રગટ્યાં સ્ત્રીનાં ચેનજી;
ઓખા કહે છે ચિત્રલેખાને, સાંભળ મારી બહેનજી.
સહિયર શું અણસારે દોહ્યલા કેમ લીજે;
મારી બેન રે દોષ કર્મને દીજે, વિષ ઘોળી ઘોળી પીજે.
આજ મારે ભૂંડું જોબનિયું, મદ પુરણં મારી કાયજી;
પિતા તો પ્રીછે નહિ, મારો કુંવારો ભવ કેમ જાય રે. સહિયર...
સાસરે નિત્ય જાય ને આવે, સહિયર મુજ સમાણી જી;
હું અપરાધણ હરખે પીડાણી, આંખે ભરું નિત્ય પાણી રે. સહિયર...
એ રે દુઃખે હું દૂબળી, મને અન્ન ઉદક નવ ભાવેજી;
આ રૂડી શય્યાએ સૂતાં, નિંદ કઈ પેરે આવે રે. સહિયર...
જળ વિનાની વેલડી, ને લૂણ વિના જેવું અન્ન રે,
ભરથાર વિના ભામિની, એ તો દોહલા કાડે દન રે. સહિયર...
ધન્ય હશે કામિનીને જેણે, કંઠે કંથ ગ્રહી રાખ્યોજી;
હું અભાગણી પરણ્યા પિયુનો, અધરરસ નવ ચાખ્યો રે. સહિયર...
મરજાદા માટે માણસ કરે, આંખનો અણસારો જી;
સુખ તો મેં સ્વપ્ને ન દીઠું, વ્યર્થ ગયો જન્મારોજી. સહિયર...

સ્વામી કેરો સંગ નહિ શ્યામને, એથી બીજું શું નરશુંજી;
નવ રહી આશા પરણ્યા કેરી, મુજ જોબન જાય ઝરતું રે. સહિયર...
બીજી વાત રૂચે નહિ મુજને, ભરથાર ભોગમાં મનજી;
આંહી પુરુષ આવે તો પરણું, નવ પૂછું જોષીને લગ્ન રે. સહિયર...
વચન રસિક કહેતાં તરુણી, ભારે આવે લટકતી ચાલેજી;
પ્રેમ કટાક્ષે પિયુને બોલાવે, તે રૂદિયા ભીતર સાલે રે. સહિયર...
સુખ દુઃખ કર્મે કર્યું છે, હું લેવાઈ મારે પાપેજી;
બાંધોગરી મારા કર્મે કરી, શૂળીએ ચઢાવી બાપે રે. સહિયર...
મલકતે મુખે મધુર વચને, મરજાદ નવ આણીજી;
શાક પાક પિયુને નવ પીરસ્યાં, આઘો પાલવ તાણી રે. સહિયર...
અકળ ગતિ છે ગોવિંદજીની, શું નિપજશે બેનીજી;
ગોપાળનું ગમતું થાશે, મનડું મારું રહે નહિ રે. સહિયર...

પ્રકરણ ૨૪મું

ઓખાને ચિત્રલેખાની સલાહ

(રાગ : મેવાડની દેશી)

ઓખા ને કહે ચિત્રલેખા જો, તું તો સાંભળ બાળ સ્નેહી જો;
આપણે મોટા મા-બાપના છોરું, તે કેમ કરીએ કાળું કે ગોરું જો.
બેની લાંછન લાગે કુળમાં જો, પ્રતિષ્ઠા જાય એકપળમાં જો;
અમે તો તમ પાસે ન રહીએ જો, જઈ બાણાસુરને કહીએ જો.
વાત બાણાસુરરાય જાણે જો, આપણા બેનો અંત આણે જો;
મને મેલી ગયો તારી પાસે જો, તારો બાપ રહ્યો વિશ્વાસે જો.
તુજમાં દીસે છે અપલક્ષણ જો, કોઈના કરવા ઈચ્છે છે દર્શન જો;
બેની છોકરમત ન કીજે જો, તારા બાપ થકી તો બીહે જો.
તને દેખું છું મદમાતી જો, નથી પેટ ભરી અન્ન ખાતી જો;
તારું વચન મને નથી ગમતું જો, જોબનિયું સહુને હશે સઉને ગમતું જો.
કામ વ્યાપે સર્વે અંગ જો, બહેની રહીએ પોતાને ઢંગે જો;
તું તો બેઠી નિહાળે પંથે જો, કારાગૃહમાં ક્યાંથી હશે કંથ જો.
તેં તો મને આંખમાં ઘાલી જો, માથે છાણાં થાપીને ચાલી જો;
હું પ્રીછી દામનું કારણ જો, બહેની હૈયામાં રાખજે ધારણ જો.
તું તો જુવે લોકનાં ઓઠાં જો, વામણું ક્યાંથી પામશે કોઠાં જો;
બેની ડગલાં ન ભરીએ લાંબા જો, ઉતાવળે ન પાકે આંબા જો.

આવ્યો ચઈતર માસ એમ કરતાં જો, પછી ઓખાજી વ્રત આચરતાં જો,
મારી ઓખાબાઈ અલૂણાં જો, નિત્ય અન્ન જમે અલૂણાં જો.
દીપક બાળે ને અવનીએ સૂવે જો, માતા ઉમિયાને આરાધે જો;
થયું પૂરણ વ્રત એક માસ જો, કોઈ જાણે નહિ એકાંતે જો.
વલણ : આવાસ એક સ્થંભ વિષે, વ્રત કીધું ઓખાય રે;
સ્વપ્નમાં સંયોગ સ્વામીનો, ભટ્ટ પ્રેમાનંદ ગાય રે.

પ્રકરણ ૨૫ મું

ગોર્યમાની પૂજા

(રાગ : ઢાળ)

બાઈ તું એ કુંવારી, હું એ કુંવારી, સાંભળ સહિયર વાત;
ગોર્યમાની પૂજા કરીએ, જો પામીશું નાથ.
કોણ માસે કોણ દહાડે, ગોર્યમાની પૂજા થાય;
મને કરી આપો પૂતળાં, હું પૂજું મારી માય.
ફાગણ વદી બીજના દહાડે કરવું રે સ્થાપન;
ચૈતર સુદી ત્રીજના દહાડે, કરવું ઉત્થાપન.
શય્યા શેલાં પાથરી, સંદેશરનાં ફૂલ;
પૂજે અરચી ચોખા ચોડે, પામે જે જે વસ્તુ અમૂલ્ય.

પ્રકરણ ૨૬મું

ગોર્યમા પાસે માંગણી

(રાગ : ધોળ)

ગોર્ય મા ! માગું રે, મારા બાપના રાજ;
માતા સદાયે સોહામણી. ૧
ગોર્ય મા! માગું રે, મારા ભાઈનાં રાજ;
ભાભી તે હાલ હુલાવતી. ૨
ગોર્ય મા! માગું રે, મારા સસરાનાં રાજ;
સાસુને પ્રજા ઘણી. ૩
ગોર્ય મા! માગું રે, દિયર જેઠનાં રાજ;
દેરાણી જેઠાણીનાં જોડલાં. ૪
ગોર્ય મા! માગું રે, તમારી પાસ;
અખંડ હેવાતણી ઘાટડી. ૫
ગોર્ય મા! માગું રે, હું તો વારંવાર;
ચાંદલો ચૂડો ને રાખડી. ૬
ગોર્ય મા! માંગુ રે, સરખા સરખી જોડ;
માથે મનગમતો ધણી. ૭

પ્રકરણ ૨૭ મું

ઓખા ગોર્યમાને ઠપકો દે છે

(રાગ : ઢાળ)

એક દહાડે ચિત્રલેખાને, ઊંઘ આવી સાર;
વાસી પુષ્પે કરતી પૂજા, ઓખા તો નિરધાર.
એટલે ચિત્રલેખા જાગી, જુવે વાત બની વિપરીત;
વાસી પુષ્પ ચઢાવ્યાં દીઠાં, થઈ રહી ભયભીત.
વાસી પુષ્પે પૂજા કીધી, નહિ પામે ભરથાર;
ભરથાર જો હું નહિ પામું, સાંભળ મોરી માય.
આ લે તારાં પૂતળાં, મારી પૂજે છે બલાય;
ઉપર પાણી રેડીએ, તો આફુડાં ધોવાય.
ઊંચેથી પછાડી તો, ભાંગી ને ભૂકો થાય;
હું એ આ તારા પૂતળાં, મારી પૂજે છે બલાય.
પંદર દહાડા પૂજા કીધી, બોલાવ્યા નહિ બોલે;
હું તો બહેની કહેતી હતી, જે નહિ ગોર્યમા તોલે.
પકવાન પેંડો મેલીએ, તો કકડો કોર ન ખાય;
તું આ લે તારાં પૂતળાં, મારી પૂજે છે બલાય રે.

(રાગ : સાખી)

શિવના લીજે વારણાં, જેને નેત્રે બાળ્યા કામ;
ત્રિપુરા દૈત્યને વિદારીઓ, હું કેમ મેલું શિવ નામ રે.

શિવ અખંડાનંદ, જેણે ગંગા ધરી શીશ;
ભગીરથ તપથી ઊઠ્યા, હું કેમ મેલું તે ઈશ.
શિવ ભોળો સૂવે શમશાનમાં, ચોળે અંગે રાખ;
માય ભિક્ષા વ્રત, આપે તેને લાખ.

પ્રકરણ ૨૮ મું

ઓખા શિવજી-ઉમિયાજીની મુલાકાતે જાય છે

(રાગ : ઢાળ)

હું હિમાચળનો ભાણેજ ભાઈ, ગણપતિ મારો વીર;
મહાદેવની પૂજા કરીએ, મન રાખીને ધીર.
ખેચરી ગતમાં ઓખા ચાલ્યાં, તેનો કહું વિસ્તાર;
સ્નાન કરી કામિનીએ તો, સજ્યા સોળ શણગાર.
નેપુર વાજે વિછવા ગાજે, ઝાંઝરના ઝણકાર;
માથે દામણી ઝુમણું ને વળી, એકાવળ હાર.
જડાવ ચૂડલો ઝૂલતી દામણી, દામણીએ ચકલીઓ ચાર;
પગે પાયલ નેપૂર વાજે, ઘુઘરીનો ઘમકાર.
વાળે વાળે મોતી પરોવ્યાં, મોતીની શેરો સોળ;
દરપણ લીધું હાથામાં ને, મુખે ભરિયા તંબોળ.
પકવાન થાળ મોતીએ ભરીઓ, માંહે શ્રીફળ ફોફળ પાન;
આક ધતુરો અગશીઓ, શંખાવળી નિરવાણ.
આકાશમાર્ગે પક્ષિણી તે, વેગે ચાલી જાય;
ઈન્દ્ર કેરું વિમાન ચાલે, એવી છે શોભાય.
મહાદેવ ને પાર્વતી બેઠાં, પાસા રમતાં સાર;
મહાદેવ કહે છે પાર્વતીને, ઓ આવી કોઈ નાર.
સ્વામી કાંઈ ઘેલા થયા, એ બાણ તણી કુમાર;

હવે તો એમ જાણે છે, તેને કરશે અંગીકાર.
પાર્વતીએ મન વિચાર્યું, હવે તો વંઠી વાત;
મહાદેવજીને કામી જાણી, લોચન લીધાં હાથ.
ત્રીજું લોચન ઉઘાડ્યું, શંકરને લલાટ;
પાસે આવી ઓખા દીઠી, લજ્જા પામ્યા તાત.
તેણે સમે ઓખા આવી, ઉમિયાને લાગી પાય;
આડી ઉતાવળી થઈ આવી, નહિ પામે ભરથાર રે.

પ્રકરણ ૨૯ મું

ઓખા ઉમિયાજીને શાપનિવારણ માટે વિનંતી કરે છે

(રાગ : સાખી)

ઓખા કહે અમે બેઠાં પાણીમાં, તરવા તંબુ ગ્રહ્યાં;
હું આવી સમુદ્ર વચમાં, તંબુ ફૂટી ગયાં.
ઓખા કહે તરસ લાગી મારા તનમાં, સરોવર તીરે ગઈ;
પીવા ઝબોળી કાય, મારાં ભર્યા સરોવર ગયાં સુકાઈ.
આણી જ તીરેથી અમે અળગાં થયાં, પેલી તીરે નવ ગયાં;
કરમ તણે સંજોગે અમે, મધ્ય જળ વચ્ચે રહ્યાં.
હું તો આવી ઈશ્વર પૂજવા, સામો દીધો શંભુ;
પરણ્યા પહેલું રાંડપણ થયું, મારા કિયા જનમના પાપ.
ઉમિયા તું તો મારી માવડી, છોરું ને ન દીજે છેહ;
માવિતર તમે કેમ છૂટશો, હું તો પુત્રી તમારી તેહ.

પ્રકરણ ૩૦ મું

ઓખા ગોર્યમાને ઠપકો દે છે

(રાગ : ઢાળ)

પ્રેમ પ્રદક્ષિણા કરીને, કરજોડ ઊભી બાળ;
પાર્વતી કહે માગ્યું, વર હું આપું તે તત્કાળ.
ઓખા વળતું વચન બોલી, હરખશું તેણી વાર;
માત મુજને આપીએ, મારો મનગમતો ભરથાર.
ત્રણ વાર માગ્યું ફરી ફરીને, વર આપો આ દિશ;
લાજ મૂકીને ઓખા બોલી, તવ ચઢી પાર્વતીને રીસ.
નિર્લજ થઈ તેં કામ જ કીધું, માટે દઉં છું તુજને શાપ;
જા પરણજે ત્રણ વાર તું, એમ બોલ્યા પાર્વતી આપ.
વળી ત્રીજે કહ્યું તે તેરસે આવી, તારે ત્રણ હજો ભરથાર;
શાપ એવો સાંભળીને, કપી રાજકુમાર,
પુરૂષને નારી ઘણેરી, તું સાંભળ મોરી માય;
નારીને તો પુરુષ બીજો, શ્રવણે ન સુણ્યો જાય.
સુંદર માધવ માસ આવશે, દ્વાદશીનો દન;
ત્યારે સ્વપ્નામાં આવી પરણશે, પ્રાણ તણો જીવન.
તું જાગ્યા કેડે ઓળખજે, તને કહું છું સત્ય વિવેક;
ત્રણ વાર તો પરણશે પણ વર તો એકનો એક.
વર પામી ઓખાબાઈ ચાલ્યાં, મંદિર માળિયા સાર;

અરે બાઈ હું પરણી આવી, સુંદર ભરથાર.
એણ કરતાં ઓખાબાઈના, દિન ઉપર જાય દિન;
સુંદર માધવ માસ આવ્યો, દ્વાદશીનો દિન.
સુંદર સય્યા પાથરીને, શણગાર્યું ભાવન;
આજ સ્વપ્નાંતરમાં આવશે, મુજ પ્રાણ તણો જીવન.
સંધ્યા થઈ રવિ આથમ્યો, આથમિયા કશ્યપ તન;
હજુએ ન આવ્યો હજુ એ ન આવ્યો, પ્રાણ તણો જીવન.
પહોર રાત તો વહી ગઈ ને, હજુ ન આવ્યો કોય;
ઉમિયાએ વચન કહ્યું તે રખે મિથ્યા હોય.
વા વાય ને બારી ડોલે, ખડખડાટ બહુ થાય;
ઓ આવ્યો ઓ આવ્યો, કહીને તુરત બેઠી થાય.
તમો આવ્યા તે હું જાણું છું, મારી સગી નણંદના વીર;
બોલ્યા વીણ નહિ ઉઘાડું, હઈડે છે મને ધીર.
વીણા લીધી હાથમાં ને ગીત મધુરાં ગાય;
ચેન કાંઈ પડે નહિ, ને ભણકારા બહુ થાય.
તેવામાં એક બારણું, ખડખડવા લાગ્યું જ્યારે;
ઓખાબાઈએ દોટ મૂકી, દ્વાર ઉઘાડ્યું ત્યારે.
બાણાસુરે મહેલ રચ્યો છે, તેનો સ્થંભ જ એક;
તે તણો પડછાયો તે, ઓખા નજરે દેખે.
ઓ પહેલાં આવ્યા છો, તુમ ઉપર જાઉં વારી;

બોલ્યા વિના તો નહિ બોલાવું, હું છું ગુણવંતી નારી.
બાણાસુર જો જાણશે તો, લેશે બેઉના પ્રાણ;
શાને કાજે અહીં ઊભા છો સાસુના સંતાન.
ઓખાબાઈ તો માળિયામાં, કરે છે શોરબકોર;
ઈશ્વર ને પાર્વતીએ, ગગને સાંભળ્યો શોર.
ઈશ્વર કહે છે ઉમિયાજીને, કોઈ રૂવે છે નાર;
ઉમિયા કરે છે મહાદેવજીને, ઓખા રૂવે છે નિરધાર.
વચન આપણું મિથ્યા કરવા, બેઠી બાણકુમાર;
તામસી વિદ્યા મોકલી, તે નિદ્રાનો ભંડાર.
મધ્ય રાત તો વહી ગઈ. ને મીંચાણા લોચન,
સ્વપ્નાંતરમાં આવી પરણ્યો પ્રદ્યુમનનો તન.

પ્રકરણ ૩૧ મું

ઓખાએ સ્વપ્નમાં દીઠેલ ભરથાર

(રાગ : ધોળ)

સ્વપ્નાંતરમાં દીઠી સોરઠિયાની જાન રે,
સ્વપ્નાંતરમાં વડસસરો ભગવાન રે.
સ્વપ્નાંતરમાં ખળકે મીંઢળ ચૂડી રે,
સ્વપ્નાંતરમાં ઓખા દિસે છે અતિ રૂડી રે.
સ્વપ્નાંતરમાં વસ્યા છે મંગળ ચારે ચાર રે,
સ્વપ્નાંતરમાં આરોગ્યા કંસાર રે.
સ્વપ્નાંતરમાં કરે છે પિયુજી શું વાત રે,
સ્વપ્નાંતરમાં હસી હસી તાળી લે છે હાથ રે.
ચિત્રલેખા ભરી નિંદ્રામાંથી જાગી રે,
ઓખાબાઈની કોણ કરમ ગતિ લાગી રે.
ઓખાબાઈને નાટક ચેટક લાગ્યું રે,
તે તો કેમ કરી થાશે અળગું રે.
જાગ જાગ રે ઓખા તે જાગ રે,
તારે જે જોઈએ તે માગ રે.

(રાગ : મારુ)

ઓખા ભર રે નિંદરમાંથી જાગી, અંગો અંગ અંગીઠી લાગી;
ફટ પાપણી શીદને જગાડી, મને ભર્યા અમૃતમાંથી કહાડી. ૧

ફટ પાપણી એ શું કીધું, અમૃત લઈને વિષ જ દીધું;
બીડી પાનની અડધી કરડી ખાધી, મન વિના મુખ મરડી. ૨
જુવો મારા કરમની કરણી, વરસે મેલી ગયો મુને પરણી;
મારા પિયુને જે મતિ આવી, મારા નાથ ગયા રે રિસાવી. ૩
મારા હૈયા કેરો હાર, આણી રે આપો આણી વાર. ૪

પ્રકરણ ૩૨ મું

સ્વપ્નમાંથી જગાડી

(રાગ : સોરઠ)

સહિયર શતરૂ શેં થઈને, મને સ્વપ્નમાંથી જગાડી રે હોં.
ઉમિયાનો વર આજ સફળ થયો, ને જપતાં દહાડી દહાડી રે હોં.
અધવચ કૂવામાં મુજને ઉતારી રે, વચ્ચેથી વરત મેલ્યું વાઢી રે હો.
બાગ બગીચામાં ફૂલ ફૂલ્યાં, છેતરી જાય છે દહાડી હો.
ભૂંડી સહીયર શત્રુ શેં થાઈને લાગી, મને સ્વપ્નામાંથી જગાડી રે હો.

પ્રકરણ ૩૩મું

(રાગ : સાખી)

ચંદા તું તો જીવો કરોડ વરસ, સ્વપ્ને થયો સંયોગ;
શાપ દઉં છું સુરજ દેવતા, મુજ જોગ પડિયો વિજોગ.
સ્વપ્નામાં મારા પિયુજી શું, અમે કરવા લીલા લહેર;
અમૃતરસ હું પીતી હતી, તેમાં તેં મેલ્યું ઝેર.
કંથ વિજોગણ કામિની, ગઈ પંડિતની પાસ;
હું તમને પૂછું પંડિતો, એક દિનના કીર્તના માસ.
ફરી ફરી પંડિત એ કહે, સાંભળ ઓખા કરજોડ;
એક પળ પિયુ વિના, લાગે વરસ કરોડ.
ઓખા પૂછે ઓ પંખીડા, તારી બે પાંખો માગીશ;
હું મારા સાજનને મળી, તારી પાંખો પાછી દઈશ.
પાંખ પ્યારી પંથ વેગળો, તારો પિયુ કોણ જ દેસ;
કોણ રંગે તારો પિયુ હશે, પહેરે કોણ જ વેશ.
પિયુ વિજોગે પીળી થઈ, મારું તનમન સુકાઈ જાય;
ગૌરી તું વાહન ચઢી, તો મારો સંદેશો ન લઈ જાય.
લેખ લખ્યા છઠ્ઠી તણાં, તે મટી ક્યમ જાય;
કરમે લખ્યું તે ભોગવે, તેનો પક્ષ કરે જદુરાય.

(રાગ : ઘરાડી)

મધ્ય નિશા સમ રે, માળિયામાં રોતી રાજકુમારી;

ક્યાં ગયો ક્યાં ગયો રે, બાઈ મારા સ્વપ્નનો ભરથાર.
મીઢળ મારું ક્યાં ગયું રે, બાઈ મારો ચૂડલો હતો જે હાથ;
પીતામાં ઢળી ગયું રે, બાઈ મારે અમૃત આવ્યું જે હાથ.
પિયુ પરદેશિયા રે, ભૂંડા મને લીધે શે નવ સાથ;
આજે વેરણ થઈ રે, બાઈ મારા સ્વપ્ના કેરી રાત.
લાખ સખી વિખ પીઉં રે, બાઈ મારો કાઢુ પાપી પ્રાણ;
હવે હું કેમ કરું રે, બાઈ મને વાગ્યાં વિરહનાં બાણ.
પાપી મારો જીવડો રે, ઓખાબાઈએ પડતું મેલ્યું ધરણ;
રોતાં રોતાં જ્યાં ગયો રે, ઓખાબાઈએ રોપ્યાં વાડી વન.
નાથ મેલી ગયા રે, બાઈ મારા કોણ જનમનાં પાપ,
આજ વેરણ થઈ રે, આજ વેરણ થઈ રે, બાઈ મારાં સ્વપ્ન કેરી રાત.
જોબન મેં તો જાળવ્યું રે, જાણ્યું મારા પ્રભુને ભેટ ધરીશ;
જો પ્રભુ નહિ મળે રે, હું તો મારા પ્રાણ તજીશ.

પ્રકરણ ૩૪ મું

ઓખાને ચિત્રલેખાની સલાહ

(રાગ : સાખી)

ઓખા રૂવે ચિત્રલેખા વિનવે, ઘેલી સહિયર નવ રોય;
સ્વપ્ને દીઠું જો નીપજે, તો દુઃખ ન પામે કોય.
જળ વલોવે માખણ નીપજે, લૂખું કોઈ ન ખાય;
મને વહાલી હતી સખી, તું તો ચિત્રલેખાય.
વેરણ થઈ વિધાત્રી, જેણે આડા લખિયા આંક;
એક વાર આવે મારા હાથમાં, તો ઘસીને વાઢું નાક.
કરમ લખાવે તો લખે, ભરીને મેલ્યા આંક;
કરણીના ફળ ભોગવો, તેમાં વિધાત્રીનો શો વાંક.
વિધાત્રી આપે તેને લક્ષ દીયે, ન આપે તેને છેક;
એક વાર પોકારે બારણે, તેને પુત્રી જન એક.
લાંચ લઈ લખતી હતી, તો આપાત સહુથી પહેલું;
મારા પિયુ વિજોગણ જાણતી, મારું મરણ લખાવત વહેલું.

પ્રકરણ ૩૫ મું

(રાગ : આશાવરી)

સ્વપ્નું સાચું ન હોય સહિયર મારી,
સ્વપ્નું સાચું ન હોય. ટેક.
એક રંક હતો તે રાજ્ય પામ્યો,
સ્વપ્નાંતર મોઝાર રે; હસ્તિ ઝૂલે તેને બારણે.
રથ ઘોડા પરમ વિશાળ, જાગીને જોવા જાય ત્યારે,
ગંધર્વ ન મળે એક. સ્વપ્નું.... ૧
એક નિરધનિયો તે ધન પામ્યો, સ્વપ્નાંતરમાં સાર,
તેના દેશવિદેશ વહાણ ચાલે;
વાણોતર છે સાર, જાગીને જોવા લાગ્યો ત્યારે,
કોને લાવે પાસ. સ્વપ્નું....૨
એક મૂરખ હતો, સ્વપ્નાંતરમાં ભણિયો વેદ પુરાણ,
જાગીને ભણવા જાય ત્યારે;
મુખે ન આવડે પાષાણ, સ્વપ્નું સાચું ન હોય સહિયર મારી,
સ્વપ્નું સાચું ન હોય.... ૩
એક વાંઝિયો તે સ્વપ્નાંતરમાં, વેગે પામ્યો બાળ,
જાગીને જ્યારે જોવા જાય;
ત્યારે કોનું લાવે બાળ, સ્વપ્નું સાચું ન હોય સહિયર મારી,
સ્વપ્નું સાચું ન હોય.... ૪

પ્રકરણ ૩૬ મું

ચિત્રલેખા ચિત્ર દ્વારા ઓખાના સ્વપ્ન-ભરથારને આલેખે છે

(રાગ : કલ્યાણી)

ચિત્ર ચાલીને, વાનો વાળીને, રંગ ભેલીને પટ મેલીને;
લેખણ લાવીને, કરમાં સોહીને, રંગ ભરતી રે, ચિત્ર કરતી રે. ૧
હવે સ્વર્ગલોક લખાય રે, લખ્યા સ્વર્ગલોકના રાય રે;
સુરલોક લખ્યા, ભડલોક લખ્યા, જનલોક ને તપલોક લખ્યા. ૨
સત્યલોક લખ્યા, વૈકુંઠ લખ્યું, ગણલોક લખ્યા ને ગાંધર્વ લખ્યું;
હવે ઓખાબાઈ તમે ઓરા આવોને, આમાં હોય તે વહાલો બોલાવો રે. ૩
ઓખા આવીને કાગળમાં જોય રે, એ તો રાતે લોચન રોય રે;
બાળ્ય બાળ્ય આ તો નથી ગમતું રે, એને રણવગડામાં મેલો જઈને રમતું રે. ૪
ચિત્ર ચાલીને, વાનો વાળીને, લખાણ લાવીને, કરમાં સોહીને;
રંગ ભેળીને, પટ મેલીને, હવે પાતાળલોક લખ્યા રે. ૫
પાતાળ લખ્યું, રસતાળ લખ્યું, અતળ લખ્યું, વિતળ લખ્યું તેણી વાર રે;
લખ્યા પાતાળ લોકના રાય રે, નાગલોક લખ્યા, તેણી વાર રે. ૬
વાસુકિ નાગ લખ્યા, તક્ષક નાગ લખ્યા, પુંડરિક નાગ લખ્યા તણી વાર રે;
ને મણિધર નાગ લખ્યા ને, શેષ નાગ લખ્યા તેણી વાર રે. ૭
મારી ઓખાબાઈ સલૂણાં ઓરા આવોને, આમાં હોય તેને હસીને બોલાવોને;
બળ્યું બળ્યું એનું દર્પ રે, હું શું સ્વપ્નાંતરમાં પરણી આવા સર્પ રે. ૮

આ તો કાળા લીલા પીળા સાપ રે, લખનારી ચિત્રલેખા તારા બાપ રે. ૯
ચિત્ર ચાળીને, વાનો વાળીને, દીવો બાળીને, કાજળ પાડીને;
મૃત્યુલોક લખાય રે, લખ્યા મૃત્યુલોકના રાય રે. ૧૦
અજમેર લખ્યું ને, અલિયાવર લખ્યું, ને મુલતાન લખ્યું ને, મારવાડ લખ્યું;
ખુરાસન લખ્યો, નં બંગાળ લખ્યો, ને એકમુખા લખ્યા, ને અષ્ટમુખા લખ્યા રે. ૧૧
શ્વાનમુખા લખ્યા, માંજરમુખા લખ્યા, હસ્તિમુખા લખ્યા ને, ગંધર્વમુખા લખ્યા;
એકદંતા લખ્યા, ચરિત્રવાળા લખ્યાને, લખી વનસ્પતિ ભાર અઢાર રે. ૧૨
ઓખા આવી જુઓ ભરથાર રે, બાઈ કાગળ લખ્યો તે તારો પાડ રે;
હું શું સ્વપ્નાંતરમાં, પરણી આવાં ઝાડ રે? ૧૩
થયો કાગળનો અંબાર રે, તને સ્વપ્નું નથી લાગયું સાચું રે. ૧૪

પ્રકરણ ૩૭ મું

ઓખા પોતાના સ્વપ્નનું વર્ણન કરે છે

(રાગ : સાખી)

સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ;
રત્નાકર ગોમતી ત્યાં, રાજ કરે રણછોડ.
સોરઠ દેશ સોહામણો ન ચઢ્યો ગઢ ગિરનાર;
ન ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર.
સોરઠ દેશ સોહામણો, ઢેલ ગેલ કરંત;
ગંગોદક ભરી કંચુકી, રાય હરિચરણે ધરંત.
સોરઠ સુઘડ માનવી, રોજ નિતનિત કરે વહેવાર;
એક નગર રહે માનવી, તેને ઘણા ઘણા જુહાર.

(રાગ : હુલારી)

આજે રે સ્વપ્નામાં દીઠા ગોમતીનાં નીર રે,
આજે રે સ્વપ્નામાં દીઠા હળધરજીના વીર રે.
આજે રે સ્વપ્નામાં દીઠો સુંદર વર ભરથાર રે,
તેથી અમે અડધા ઊંઘ્યાં ને અડધાં જાગતાં રે.

પ્રકરણ ૩૮ મું

ચિત્ર દ્વારા ઓખા પોતાના ભરથારને ઓળખે છે

(રાગ : કલ્યાણ)

ચિત્ર ચોળીને, વાનો વાળીને, રંગ ભેળીને, પટ મેલીને;
રંગ ભરતી રે, ચિત્ર કરતી રે, લેખણ લાવીને, કરમાં સોહીને.
હવે સોરઠ દેશ લખાય રે, ત્યાં નગર લખ્યું દ્વારકાય રે;
લખી જાદવપતિ રાજધાની, તેની શોભા સૂરજશી સમાણી રે.
લખ્યો જાદવ પરિવાર રે, ઉગ્રસેન લખ્યા તેની વાર રે;
કૃતવર્મા લખ્યા, સાત્ત્વિક લખ્યા, ઓધવ લખ્યા ને અક્રુર લખ્યા રે.
વાસુદેવ લખ્યા તેણી વાર રે, ઓખા આવી જુઓને ભરથાર રે;
બાઈ તેં તો એંધાણ મળિયાં રે, આ ઘરડાને માથે પળિયા રે.
તેને માથે મુગટ, કુંડળ કાન રે, એવા લખ્યા જો ભગવાન રે;
ઓખા આવીને જુઓને ભરથાર રે, બાઈ તેના સરખું રૂપ ને ચાળા રે.
મારા નાથજી ગોરા અને આ તો કાળા રે, તેમના આમના જેવા ચાળા રે;
તેને વડસરો સહુ કહેતા રે, હું પરણી ત્યારે ચોરી સાહીને રહેતા રે.
લખ્યા કૃષ્ણ તણા કુમાર રે, એક લાખ એકસઠ હજાર રે;
એથી આગળ લખ્યા તેણી વાર રે, ઓખા આવીને જુઓ ભરથાર રે.
એ તો રીંછડાના બાળ રે, એના માથે મોટા વાળ રે;
એના કુળમાં મારો કંથ રે, એનો ધાવણના છે દંત રે.
એ તો રૂપાળો ને ઊંચો રે, એના મોઢે ઝીણી મૂંછો રે;

ત્યારે લખિયા પ્રદ્યુમન રે, ઓખાનું માન્યું મન રે.
જાણે હોય કોઈ રે, મુજને પરણ્યો તેનું મોય રે;
એને સગો સસરો સૌ કહેતા રે, હું પરણી ત્યારે માસી પાસે રહેતા રે.
વલણઃ એમ કહીને અનિરૂદ્ધ લખિયા, ક્ષણ ન લાગી વાર રે;
મુખ મરડી ઊભી રહી, બાઈ એ મારો ભરથાર રે.

પ્રકરણ ૩૯ મું

ચિત્ર જોઈ ઓખા વિહ્‌વળ બને છે

(રાગ : ઢાળ)

ચિત્રલેખાના હાથમાંથી પેલું લખિયું પૂતળું જેહ;
પ્રેમ આણી ઓખાબાઈએ, ઝૂંટી લીધું તેહ.
કરમાં જઈને કામિની, કાંઈ દે છે આલિંગન;
માળિયામાં એ મેલી ચાલ્યાં, પ્રાણતણા જીવન.
આણી વાર હું નહિ જવા દઉં, મેં ઝાલ્યો તમારો છેડો;
મારા પિયુજી પરહરો તો, મુજને જલદી તેડો.
ચિત્રલેખા એણી પેર બોલી, સજોડે છે તે તો પહોંચ્યા દ્વારકામાં,
આ તો ચિત્રામણનો ઘોડો રે.

પ્રકરણ ૪૦ મું

(રાગ : પરજ)

આપો આણી, એ વર મુને આપો હો આણી,
નીકર કાઢું મારો પ્રાણ, એ વર મુને આપો હો આણી. ટેક
મેં સ્વપ્ને દીઠો જે છોગાળો રે, તેની પાંપણનો છે ચાળો રે;
મારું મનડું હર્યું લટકાળે, રે વર મુને આપો હો આણી. ૧
જેના દીર્ઘ બાહુ અજાન રે, મકરાકુન કુંડળ કાન રે;
અંગે શોભે ભીને વાન, રે વર મુને આપો હો આણી. ૨
જેનાં લક્ષણ વીસ ને બાર રે, મુને પરણી ગયા છે કાલ રે;
તેને વરસ થયાં દસ બાર, રે વર મુને આપો હો આણી. ૩
વરની લટકતી ચાલ રે, મુને પરણી ગયો છે કાલ રે;
તેણે ટપકું કીધું ગોરે ગાલ, રે વર મુને આપો હો આણી. ૪
રાજે પીતાંબર પરીધાન રે, મને કહેતો ગયો નહિ નામ રે;
ત્યારે ક્યાંથી સરે મારું કામ રે, રે વર મુને આપો હો આણી. ૫
ચિત્રલેખા બોલી વાણ રે, સહિયર કેમ થઈ અજાણ રે;
બાઈ દ્વારકા તે જાયે કોણ, રે વર મુન આપો હો આણી. ૬
કોટ કાંગરે ચામુંડાય રે, છપ્પન કરોડ છે ચોકી માંય રે;
ચક્ર ઝળહળતું છે ત્યાંય રે, તે વર મુને આપો હો આણી. ૭

પ્રકરણ ૪૧ મું

ઓખા ચિત્રલેખાને ભરથાર લાવી આપવા વિનવે છે

(રાગ : મારુ)

ઓખા કહે સુણ સહેલી, લાવ્ય કંથને વહેલી વહેલી,
બાઈ તું છે સુખની દાતા, લાવ્યા સ્વામીને સુખ શાતા.
ચતુરાને કહે ચિત્રલેખા, બાઈ આણ્યાના ઉપાય કેવા;
દૂર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી.
ત્યાં જઈ ન શકે રાય કે શક, રક્ષણ કરે સુદર્શન ચક્ર;
જાવું જોજન સહસ્ર અગિયાર, તારો કેમ આવે ભરથાર.
નમણે નીરની ધારા વહે છે, કર જોડી કન્યા કહે છે;
બાઈ તારી ગતિ છે મોટી, તને કોઈ કરી ન શકે ખોટી.
સહિયર ને સહિયર છે વહાલી, મેં જમણા હાથે ઝાલી;
આપણે બેઉ જણ સંગાજી, તું પ્રાણદાતા છે વિધાત્રી.
મા બાપ વેરી છે મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તમારાં;
વિધાત્રી તું દીનદયાળ, એમ કહી પગે લાગી બાળ.
કીધો ચિત્રાલેખાએ વિચાર, જાવા દ્વારકા મોઝાર;
ચિત્રલેખાએ ધારણ દીધી, પછી દેહ પક્ષિણીની કીધી.

પ્રકરણ ૪૨ મું

ચિત્રલેખા અનિરુદ્ધને પલંગ સાથે ઉપાડી લાવે છે

(રાગ : ઢાળ)

ચિત્રલેખા કહે ઓખાબાઈ, મારે દ્વારકામાં જાવું;
પ્રભુના ઘરમાં ચોરી કરવી, નથી લાડવો ખાવું.
અગિયાર સહસ્ર જોજન જાવું, હરવા શ્રી જગદીશ;
સુદર્શન ચક્ર જો મળે તો, છેદે મારું શીશ.
બાઈ મુજને જાણ તો નવ પડે ને, જેમ તેમ વહેલી થાને;
લાવ્ય મારા કંથને તું ખોટી થાય છે શાને?
જાતી વેળા ઓખા કહે છે, મારો વર તો રૂડો;
કરમે મળ્યાં છે કુંવારા, માટે રખે પહેરતાં ચૂડો.
ચિત્રલેખાએ કહેવા માંડ્યું, મનમાં રાખજે ધીર;
સ્વપ્નમાં પરણી ગયો, મારી માડી જાયો વીર.
ત્યારે ઓખા કહેવા લાગી, જોઈ રહી વાટડી;
મારો વર રૂડો જાણી, રખે ઓઢતી ઘાટડી.
હું નહિ ઓઢું ઘાટડી, તું એ શું બોલી વાત;
તુજ સ્વપ્નામાં પરણી ગયો, મારી માડી જાયો ભ્રાત.
એવું કહીને ઊપડી, તે પવનવેગે જાય;
આકાશમાર્ગે સંચરી, પહોંચી ગોમતી જયાંય.
ગોમતીમાં મર્દન કર્યું ને વિચાર્યું તે ઠામ;

પ્રભુના ઘરમાં ચોરી કરવી, નહિ એકલાનું કામ.
પછી તેણે નારદમુનિ સંભાર્યા, તતક્ષણ આવ્યા ધાઈ;
કહે રે મુજને કેમ સંભાર્યો, ચિત્રલેખા બાઈ.
બાણાસુરની દીકરીને, લાગ્યું છે સ્વપ્ન;
અનિરુદ્ધ સેજે વરી ગયો, વિહ્વળ થયું છે મન.
ચોરી કરવા હું આવી, સુદર્શન આડું થાય;
તે માટે તમને સંભાર્યા, કરવા મારી સહાય.
ચિત્રલેખા કહે સાચું કહ્યું, પણ છેતરવા જગદીશ;
પહેલું સુદર્શન ચક્ર મળે તો, છેદે મારું શીશ.
ચક્રની ચિંતા નવ કરશો, જે માર્ગે જાશે ચોકી કરવા;
તેને માર્ગે હું જઈશ, બેસાડીશ વાતો કરવા.
પછી તામસી વિદ્યા ભણાવી, જીભે જપતી જાય;
ચોસઠ કળામાં ચામુંડા તે, બમણે જોરે જાય.
ગામ તો ધારણ પડ્યું, ઊંઘ્યા સઘળા લોક;
ચિત્રલેખા નગરમાં પેઠી, મૂકી મનનો શોક.
નારદે વિચાર્યુ ચિત્રલેખા, અનિરુદ્ધને લઈ જાશે;
શિવ અને શામળિયો વઢશે, યુદ્ધ જોવા જેવું થાશે.
ચક્કર ચોકી કરતું આવ્યું, મારગમાં નિરધાર;
તે મારગે સામા મળિયા, નારદ બ્રહ્મકુમાર.
નારદ કહે છે ચક્રને, દહાડે જાય છે ફરવા;

એક ઘડીવાર બેસને, મુજ સાથે વાતો કરવા.
તું ને હું ક્યાં મળીશું, તું સાચી કહેને વાત;
કોઈ દહાડો મુજને સંભારે, દ્વારકાનાથ.
ચક્ર મુખથી બોલિયું, વળી મારું તે ધન્ય ભાગ્ય;
તમારાં દર્શનનો તો, ક્યાંથી પામું લાભ.
ભોળું ચક્કર સમજ્યું નહિ, બેઠું નિરાંત લઈ;
પેલી નારી નગરમાં પેઠી, ચોરી કરવા ગઈ.
જોતી જોતી જયાં ગઈ, કૃષ્ણ તણું રે ભવન;
ત્યાંથી આઘેરી પરવરી, જયાં પોઢ્યા પ્રદ્યુમન.
ત્યાંથી આઘેરી પરવારી, જયાં મહારથી કેરો વીર;
સોડ ઘાલીને પોઢ્યો, મહા ધનુષધારી ધીર.
હમણાં એને જો જગાડું, મારી કેડ કકડાય;
માથે હીંડોળો લઈ જાતાં દીઠી, નારદે તો ત્યાંય.
હીંડોળો લઈ પરવરી, ને સમર્યા વૈકુંઠરાય;
પવન વેગે સંચરી, આકાશ માર્ગે જાય.
બે ઘડીમાં આવી પહોંચી શોણિતપુર મોઝાર;
તે ઠેકાણે નારદજીએ, મન કર્યો વિચાર.
એ જયારે ગઈ ત્યારે, હું એ મારે જાઉં;
તેણે તેનું કામ કર્યું, ખોટી શીદને થાઉં.
નારદજી કહે છે ચક્કરને, ઊઠી જોને તારું ગામ;

કાલે પાછી ચોરી થશે, લઈશ મારું નામ.
આકાશ માર્ગે પક્ષિણી, તે વેગે ચાલી જાય;
ઓખાબાઈ તો વાટ જુએ છે, મંદિર માળિયા માંય.
વા વાય ને બારી હાલે, ખડખડાટ બહુ થાય;
ચિત્રલેખા પાપણી તે, હજુ ના આવી આંય.
ચિત્રલેખા ચાલી આવી, મંદિર માળિયા માંય,
ભલે આવી ભલે આવી ભલે આવી, હું જગાડું ભરથાર રે.

પ્રકરણ ૪૩ મું

ભરથારનું કહ્યું ન માનવાથી....

(રાગ : આશાવરી)

ઊંઘ્યા પિયુને જગાડીએ ભરનિદ્રામાંથી ઉઠાડીએ;
મન સંગાથે એવા બીજીએ, બ્રહ્મહત્યા તો શીદ લીજીએ.
ભરથાર પડેલા ભામિની, જે અન્ન રાંધીને ખાય;
વાગોળ થઈને અવતરે, ઊંધે મસ્તક ટંગાય.
ભરથાર પહેલાં ભામિની, જે સુવે સય્યા માંય;
આંધળી ચાકરણ અવતરે, પડે મારગ માંય.
ભરથારનું જે કહ્યું ન માને, આપ મતી જે નારી;
તે અવતરે કોઈ બિલાડી માંઝારી.
ભરથારનું જે કહ્યું ન માને, તરછોડે નિજ કંથ;
હડકાઈ કૂતરી અવતરે, એને માથે પડશે જંત.
ઓખા કહે છે ચિત્રલેખાને, તું તો બોલે આપ;
પિયુ પોઢ્યા હોય પારણે, કરડવાં આવ્યો હોય સાપ રે.

પ્રકરણ ૪૪ મું

મંદિર માળિયામાં અનિરુદ્ધ જાગૃત થાય છે.

(રાગ : સાખી)

સ્ત્રીચરિત્ર અનેરડાં, કોઈ તેનો ન લહે મર્મ;
સ્ત્રી શામને ભોળવે, પણ ખોયો પોતાનો ધર્મ.

(રાગ : ઢાળ)

ઓખા કહે છે ચિત્રલેખાને, હવે ન બોલીશ તું આડું;
કહે તો મારા પિયુને, પગ ચાંપી જગાડું.
ચિત્રલેખા કહે ઓખાબાઈ, આવડી ઉતાવળી શું થાય;
એ મોટાનો કુંવર કહાવે, કાંઈક હશે હથિયાર.
ઓશિકે જઈ જોવા લાગી, તો મોટી એક ગદાય;
ઉપાડીને અળગી કીધી, ઓખા ચાંપે પાય રે.

પ્રકરણ ૪૫ મું

(રાગ : મારુ)

મહા બળિયે તે જાગિયો, તેના બળનો ના આવે પાર રે;
હરડું હાક મારી, કીધા છે હોંકાર રે.
ધમક ધમક ડાકલાં વાગે, ઠારો ઠાર રે;
આ તો ન હોય રે, મારા બાપનું ગામ રે.

દ્વારકામાં વસે સઘળા વૈષ્ણવજન રે;
અહો રાત્રિ બેઠા કરે છે, ત્યાં સહુ કીરતન રે.
ભજન નાદ કેરા ચકરડા, તે હોય અપાર રે;
ભૂત ભૈરવ જોગણી અસુર કોઈની નાર રે.
ડાકણી છો, શાકિની છો, કોણ છો બલાય રે;
ચિત્રલેખા કહે છે વીરા, ખમા ખમા ખમાય રે.

પ્રકરણ ૪૬ મું

(રાગ : સામગ્રી)

અનિરુદ્ધ તે જાગીને પેખે, ભુવનથી ઓરડા દેખે;
કોણ કારણ અમને લાવિયા હો.
ચિત્રલેખા બોલે શિર નમાવી, તમને લાવી છું જાણી;
ઓખાને કરો પટરાણી વર વરવાને અરથે લાવિયા હો.
નારી ધન્ય દીસો છો કુંવારી; કન્યા પરણું તો થાય અન્યાય;
કેમ પરણું હો અસુર નંદની હો.

પ્રકરણ ૪૭ મું

અનિરૂદ્ધ અને ચિત્રલેખા વચ્ચેનો વાર્તાલાપ

(રાગ : વલણ)

બાણાસુરની નગરીમાં, ગડગડિયા નિશાન રે;
એણે રે શબ્દે અનિરૂદ્ધ જાગિયા રે.
જાગ્યા જાગ્યા જાદવરાય, જુગતીથી દેખે રે;
આ તો ન હોય અમારી નગરી રે.
આ અસુરના માળિયા રે, અમારું ન હોય ગામ રે;
ન હોય કનકની દ્વારિકા રે.
ન હોય અમારી વાડી રે, અમે રમતા દહાડી રે;
ન હોય ન હોય, પુષ્પ કનકનો ઢોલિયો રે.
અહીંયા નાદ ઘણા વાગે, રણતુર ઘણેરાં ગાજે રે;
ન હોય ન હોય શંખ, શબ્દ સોહામણો રે.
મને કોઈ રાંડ લાવી રે, મારી દ્વારિકાને છોડાવી રે;
કઈ ભૂમિમાં રે, મુજને ભોળવ્યો રે.
આ ઊંચા ઊંચા માળ રે, લોઢે જડ્યા કમાડ રે;
રત્નાગર શેં નથી ગાજતો રે.
ચિત્રલેખા બોલી વળતી રે, તમે જોઈને દેજો ગાળ રે;
આવ્યા છો તો આ કન્યા સુખે વરો રે.
ત્યારે અનિરૂદ્ધ બોલ્યો વાત, મૂછે ઘાલી હાથ રે;

જાણી જોઈને જાત, ગળીમાં કેમ બોળીએ રે.
મારો વડવો જુગજીવન, પ્રદ્યુમનરાયનો તન રે;
તે માટે નહિ પરણું, દૈત્યની દીકરી રે.
ચિત્રલેખા બોલી વાત રે, ઢાંકી રાખો તમારી જાત રે;
હમણાં વાતો કાઢીશ, વડવા તણી રે.
સનકાસુરને મારી રે, સોળ હજાર લાવ્યા નારી રે;
તમો સમજો મનમાં, તમારા બાપે એકે નતી પરણી રે.
એકે લગ્ને નવ વરિયા રે, નવ પૂછ્યા કુળ ને પાળિયા રે;
જાતભાત કોઈની પૂછી નહિ રે.
તારા બાપની જે ફોઈ, અર્જુન સંન્યાસીને ગઈ રે;
મોં કાઢીને બોલે એવું છે નહિ રે.
જેણે વાયો વૃંદાવનમાં વંશ, જેણે માર્યો મામા કંસ રે;
ધાવતાં માસી મારી પૂતના રે.
તારો વડવો માખણિયો ચોર, ચોર્યા વૃંદાવનનાં ઢોર રે;
છાશ ઘીમાં તો ઉછરિયો રે.
સત્રાતજીને કાજે રે, મણિ લેવા ગયા મહારાજ રે;
ત્યાંથી ભરણી લાવ્યા જાંબુવતી રીંછડી રે.
લાંબા નખ ને ટૂંકા કેશ રે, વરવો દિશે વેશ રે;
ભૂંડા મુખના છૂંછા ઉપર શું મોહી રહ્યા રે.
કહો તો વાત વધારી કહીએ, નિકર અહીંથી છાના રહીએ રે;

પૂછો છો તો, કન્યાનું કુળ સાંભળો રે.
તારો વડવો જુગજીવન, એનો વડવો કૈલાસનો રાજન રે;
ઓખાની માડી તો, ઉમિયા સતી રે.
હિમાચલની ભાણેજી રે, ગણપતિ તેનો વીર રે;
ઉમિયાની અર્ધાંગથી ઓખા ઊપજી રે.
તારો વડવો જુગજીવન, એનો વડો બલિ રાજન રે;
એક સમયે બલિરાયે, યજ્ઞ માંડિયો રે.
બલિરાય જગ્નનો અધિકારી, તારો વડો ભિખારી રે;
સાડા ત્રણ ડગલાં માટે, કર જોડિયા રે.
આટલી વડાઈ શાને કરો, એના બાપની ભૂમિમાં રે;
કરમ હીણના કપાળમાં, કોઈ ચોડે નહિ કંકુ રે.
કહો તો વાત વધારી કહીએ, નિકર અહીંથી છાના રહીએ;
આવ્યા છો તો આ કન્યા સુખે વરો રે.

પ્રકરણ ૪૮ મું

અનિરૂદ્ધ ગુસ્સે થાય છે

(રાગ : ઢાળ)

અનિરૂદ્ધ વળતો કોપ્યો, ક્યાં ગઈ મારી ગદાય;
બે જણના મારી કરું કટકાય.
તમો જાણ્યું અહીંયા લાવી, કર્યું ભલેરું કામ;
તમને બે જણને મારી, ઊડી જાઉં દ્વારકા ગામ.
ઓખા ત્યારે થરથર ધ્રૂજી, વેગે આવી આડી;
મારા પિયુજીને હું મનાવું, લાવી તે તારો પાડ રે.

પ્રકરણ ૪૯ મું

ઓખા અનિરૂદ્ધને વિનવે છે

(રાગ : સિંધુડો)

મારા સોરઠિયા સુજાણ, મળ્યા મને મેલશો મા;
મારા જીવના જીવન પ્રાણ, મળ્યા મને મેલશો મા.
મારા હૈયા કેરા હાર, મેલ્યા મને મેલશો મા;
સાસુડીના જાયા, મળ્યા મને મેલશો મા.
સ્વપ્ને શીદ ઝાલ્યો તો હાથ, ચાલો તો કાઢું પ્રાણ;
તમને દાદાજીની આણ, મળ્યા મને મેલશો મા.

ત્યારે અનિરૂદ્ધ બોલ્યા વાણ. સાંભળ સુંદરી;
એ અબળાએ નાખ્યા બોલ, અમશું લડી.
મારા વડવાની વાત, કાઢી જે વઢી;
ત્યારે ઓખા બોલી વાત, એ છે દાસલડી.
કૌભાંડની તે આપના પગની ખાસલડી;
ત્યારે અનિરૂદ્ધ બોલ્યા વાણ, હવે હું તને વરું.
તમે ગાળો દીધી સાર, મારું વેર વળ્યું ખરું;
અંતર થયો આનંદ, મનડું મારું ઠર્યું.
ચિત્રલેખા બોલી વાણ, ગાળો દીધી સહી;
તમે બે થયા છો એક, પરણાવું નહિ.
પરણાવવાની પેર, સઘળી મેં લહી;
મને મળિયા નારદ મુનિ, વિદ્યા શીખવી.
ત્યારે ઓખા બોલી વાણ, હવે વાર શેની;
પરણાવ માળિયા માંય, રાજકુંવરી નાની.

પ્રકરણ ૫૦ મું

ઓખા અનિરૂદ્ધને પરણે છે

(રાગ : ધોળ)

માળિયામાં મિથ્યા અગ્નિ પ્રગટ કીધો રે,
માળિયામાં દેવતા સાક્ષી લીધો રે;
માળિયામાં નારદ તંબુર વાય રે,
માળિયામાં કળશ ચોરી બંધાય રે.
માળિયામાં પહેલું મંગળ વરતાય રે,
પહેલે મંગળ શાં શાં દાન અપાય રે;
ચિત્રલેખા આપે છે કરની મુદ્રિકાય રે,
દાન લે છે કૃષ્ણ તણો સંતાન રે.
માળિયામાં બીજું મંગળ વરતાય રે,
બીજે મંગળ શાં શાં દાન અપાય રે,
ચિત્રલેખા આપે છે સોળ શણગાર રે,
દાન લે છે કૃષ્ણ તણો સંતાન રે.
માળિયામાં ત્રીજું મંગળ વરતાય રે,
ત્રીજે મંગળ શાં શાં દાન અપાય રે;
ચિત્રલેખા આપે છે નવસર હાર રે,
દાન લે છે કૃષ્ણ તણો સંતાન રે.

માળિયામાં ચોથું મંગળ વરતાય રે,
ચોથે મંગળ શાં શાં દાન અપાય રે;
ચિત્રલેખા આપે છે ગાયોના દાન રે,
દાન લે છે કૃષ્ણ તણો સંતાન રે.
માળિયામં સમે વર્તે સાવધાન રે,
માળિયામાં આરોગ્યા કંસાર રે;
માળિયામાં ચાર સૌભાગ્યવંતી તેડાવો રે,
ઓખાબાઈને સૌભાગ્યવંતી કહી બોલાવો રે.
માળિયામાં ઓખા-અનિરુદ્ધ પરણી ઊઠ્યો રે,
માળિયામાં ત્યાં તો સૌનેયે મેરુ થાય રે.

પ્રકરણ ૫૧ મું

ઓખા ને અનિરૂદ્ધ રંગવિલાસ માણે છે

(રાગ : ચોપાઈ - ત્રિતાલ)

બોલ્યા શુકજી પ્રેમ વચન, સાંભળ પરીક્ષિત રાજન;
મળીને બેઠી સૌ સહિયર નારી, વદે વચન કૌભાંડ કુમારી.
સુખ ભોગવો શ્યામ ને સ્વામી, ચિત્રલેખા કહે શિર નામી;
બાઈ તું કરજે પિયુના જતન, રાંક હાથે આવ્યું રતન.
વર કન્યા સુખે રહેજો, બાઈ મુજને જાવા દેજો;

અન્ન બેનું આપે છે રાય, તેથી ત્રીજું કેમ સમાય?
તમો નરનારી રીજે કીજે, હવે મુજને આજ્ઞા દીજે;
બોલી ઓખા વળતી વાણી, મારી સઈયર થઈ અજાણી.
હવે સખી ઓખા વળતી ભાખે, કેમ બાઈ જીવું તું જ પાખે;
આપણે બે જણ દિન નીરગમશું, અન્ન વહેંચીને જમીશું.
દુઃખ થાશે તો દઈશું થવા, પણ નહિ દઉ તુજને જાવા;
બેની હું તો રહીશ ભૂખી, તુજને નહિ થાવા દઉં દુઃખી.
હું આપીશ મારો ભાગ, હમણાં નથી જવાનો લાગ;
મા-બાપ વેરી થયાં છે મારાં, મેં તો ચરણ સેવ્યાં છે તમારા.
તુજ તાતને ઘેર ન જવાય, જાણ બાણાસુરને થાય;
ચિત્રલેખા કહે સુણ વાણી, મારી સઈયર થઈ અજાણી.
પ્રધાનપુત્રી કહેવાઉં છું માત્ર, હું છું બ્રહ્માણીનું ગાત્ર;
તુજ લીધે લીધો અવતાર, મેળવ્યાં નારી ભરથાર.
એમ કહી કરી પ્રસન્ન, ચિત્રલેખા ગઈ બ્રહ્મસદન;
ઓખાએ આંખડી ભરી, કંથે આસના-વાસના કરી.
સ્વામી આશા બાંધી નારી, પછી ચિત્રલેખાને વિસારી;
જે દહાડે તુજને સ્વપ્ન, તે દહાડે મુજને સ્વપ્ન.
જાણે પરણ્યો છું ઓખા તારી, ઉઘાડી મેલી'તી બારી;
બંને સરખી વિજોગની પીડા, નરનારી કરે ક્રીડા.
બેની ચડતી જોબનની કાયા, પ્રીતબંધને બાંધી માયા;

નેહ જણાવે ઓખા નારી, રમે અનિરુદ્ધ કુંજબિહારી.
જે જોઈએ તે ઉપર આવે, ભક્ષ ભોજન કરે મન ફાવે;
પહોંચ્યો ઓખાનો અભિલાષ, પછી આવ્યો અષાઢીમાસ.
આવ્યા વર્ષા કાળના દન, મેહ ગાજે વરસે બહુ પરજન્ય;
ચમકે આકાશે વીજળી ઘણી, બોલે કોકિલા વાણી મધુરી.
મહા તપસીનાં મન ડોલે, ત્યાં તો બપૈયા બહુ બોલે;
તેલ મરદન કરે છે અંગે, કેસર ચંદન ચરણે રંગે.
આંખે અંજન આભ્રણ સાર, તંબોળ કેરા આહાર;
નિલવટ ચાંદલો તેવો, ચંદ્ર શરદ પૂનમના જેવો.
શીશ ફૂલ સેંથો સિંદૂર, તને મોહ્યો અનીરુદ્ધ સુર;
કાને ઝાલ ઝબકતી જોઈ, કામ કુંવર રહ્યો છે મોહી;
તાકે સોહીએ મોતીની વાળી, તેને રહ્યો અનિરુદ્ધ નિહાળી;
મોહ્યો મોહ્યો ભ્રુકુટીને જોડે, મોહ્યો મોહ્યો તે મુખને મોડે.
મોહ્યો મોહ્યો છે ટીલડી વડે, મોહ્યો મોહ્યો કેશની લટે;
મોહ્યો મોહ્યો ઘુઘરીના ઘમકે, મોહ્યો ઝાંઝરને ઝમકે.
દીઠું મેડીએ સુંદર કામ, તેણે વિસાર્યું દ્વારકા ગામ;
ઘણું ભક્ષ ભોજન કરે આપ, તેણે વિસાર્યા મા ને બાપ.
પામ્યો અધરામૃત પકવાન, તેણે વિસાર્યુ હરિનું ધ્યાન;
ઓખા સુખ તણો સાગર, તેણે વિસાર્યો રત્નાગર.
અનિરુદ્ધને ચાલે છે ગમતી, નારી હીંડે નરની ચાલે નમતી;

નારી નારી મુખે આચરતા, હીંડે ઓખાની પૂંઠળ ફરતા.
ઘેલો કીધો મરજાદા મેલી, નવ જુએ દિવસ કે રાત્રિ;
રાત દિન નિરગમે છે રમી, ચારે આંખે ઝેર છે અમી.
નરનારી રમે રંગે વિલાસ, જાયે દિન પછી માસ;
શુધ બુધ તો વિસરી તહીં, એટલે ચોમાસું ગયું વહી.
વલણ : ચોમાસું તો વહી ગયું, આવ્યો આસો માસ રે;
કન્યા ટળી નારી થઈ, ઓખા પામી સુખ વિલાસ રે.

પ્રકરણ ૫૨ મું

ઓખાના આવાસે પ્રધાન કૌભાંડ તપાસ કરવા આવે છે

(રાગ : મલાર)

વર્ષાઋતુ વહી ગઈ રે, રમતાં રંગ વિલાસ;
સુખ પામ્યા ઘણું રે એટલે આવ્યો અશ્વિન માસ.
ચંદ્રમાને કિરણે બેઠાં, હીંડોળે નર નાર;
હાસ્ય વિનોદમાં રે, કરતાં વિવિધ વિલાસ.
રક્ષક રાયનો રે, તેણે દીઠી રાજકુમારી;
કન્યારૂપ ક્યાં ગયું રે, ઓખા દિસે મોટી નારી.
ચિત્રલેખા ક્યાં ગઈ રે, એકલી દીસે છે ઓખાય;
રાતી આંખલડી રે, ફૂલી દીસે છે કાયા.
હીંડે ઉર ઢાંકતી રે, થયા છે નખપાત;
અધરમાં શ્યામતા, કોઈ પુષ્પદંતનો ઘાત.
સેવક સંચર્યો રે, એવો દેખીને દેદાર;
મંત્રી કૌભાંડને રે, જઈને કહ્યા સમાચાર.
પ્રધાન પરવર્યો રે, જ્યાં અસુર કેરો નાથ;
રાયજી સાંભળો રે, મંત્રી કહે છે જોડી હાથ.
લૌકિક વારતા રે, કાંઈ આપણને લાંછન;
જીભ્યા છેદીએ રે, કેમ કહીએ વજ્ર વચન.
બાળકી તમ તણી રે, તે તો થઈ છે નારી રૂપ;

વાર્તા સૂણી રે, આસનથી ઢળિયો ભૂપ.
ધ્વજા ભાંગી પડી રે, એ તો અમથી અકસ્માતે;
બાણ કોપ્યો ઘણો રે, મંત્રી સાંભળ સાચી વાત.
શિવે કહ્યું તે થયું રે, તારી ધ્વજા થશે પતન;
તે વારે જાણજે રે રિપુ કોઈક થશે ઉત્પન્ન.
જાઓ મંત્રી તમો, પુત્રી કેરી પેરે;
તેને કોઈ જાણે નહિ, તેમ તેડી લાવો ઘેર.
પ્રધાન પરવર્યો ને, સાથે લીધા ડાહ્યા જન;
ઓખાજી માળિયે રે, હેઠે રહીને કહે વચન.
કૌભાંડ આચર્યો રે, ઓખાજી દ્યોને દર્શન;
ચિત્રલેખા ક્યાં ગઈ રે, ચાલો તેડે છે રાજન.
ઓખા થરથર ધ્રૂજતી રે, પડી પેટડિયામાં ફાળ;
શું થાશે નાથજી રે, આવી લાગી મહા જંજાળ.
રખે તમે બોલતા રે, નાથજી દેશો ના દર્શન;
મુખ ઊડી ગયું રે, ઓખા નીર ભરે લોચન.
બાળા બહુ વ્યાકુળી રે, કાંઈ કદળી કેરે રે વર્ણ;
કસ કસ્યા વિના રે, કંચુકી પહેરી અવળે વર્ણ.
બારીએ બાળકી રે ઊભી રહીને ત્યાં આવી;
કૌભાંડે કુંવરીને રે, ભયંકર વચનો બોલાવી.
ચિત્રલેખા ક્યાં ગઈ રે, તું એકલડી દીસે બાળ;

કન્યા રૂપ ક્યાં ગયું રે, ખીજશે બાણાસુર ભૂપાળ.
શરીર સંકોચતી રે, કરતી મુખડા કેરી લાજ;
ઘરમાં કોણ છે રે, મુજને સાચું કહોને આજ.
ગંડસ્થળ કર ધરી રે, કોઈ પુરૂષ દંતનો ઘાત;
શણઘટ તાણતી રે, બોલી ઓખા ભાખી વાત.
શરીર સારું નથી રે, ચિત્રલેખાએ કીધું શયન;
તેને હું આકળી રે, દુઃખથી નીર ભર્યું લોચન.
મંત્રી ઓચર્યો રે, ઓખા બોલી આળપંપાળ;
હેઠા ઊતરો રે, નહિ તો ચડીને જોશું માળ.
વલણ : માળ જોઈશું તમ તણો, ભાંગશે તમારો ભાર રે;
જાણીને હેઠા ઊતરો, રાય કોપ્યો છે અપાર રે.

પ્રકરણ ૫૩ મું

કૌભાંડ સમક્ષ અનિરુદ્ધ પ્રગટ થાય છે

(રાગ : સામગ્રી)

કન્યાએ ક્રોધ જણાવિયો, હાકોટ્યો પ્રધાન;
લંપટ બોલતાં લાજે નહિ ઘડપણે ગઈ શાન.
પાપી પ્રાણ લેવા ક્યાંથી આવિયો, બોલતો ક્ષુદ્ર વચન;
એ વાત સારું કરવી જોઈએ, જીભલડી છેદન. કન્યાએ...
હું તો ડાહ્યો દાનવ તને જાણતી, ભારેખમ કૌભાંડે;
એવું આળ કોને ન ચડાવીએ, ભાંગી પડે રે બ્રહ્માંડ. કન્યાએ...
કહેવા દેને માતને, પછી તારી વાત;
હત્યા આપું તુજને, કરું દેહનો પાત. કન્યા...
કૌભાંડ લાગ્યો કંપવા, પુત્રી પરમ પવિત્ર;
પછી કાલાવાલા માંડિયા, જાણ્યું સ્ત્રીચરિત્ર. કન્યાએ...
બાઈ રાજાએ મને મોકલ્યો, લોકો પાડ્યો વિરોધ;
ઓખાજી પૂછવા માટે, આવડો શો ક્રોધ. કન્યાએ...
એવું કહેતા સેવક મોકલ્યો, બાણાસુરની પાસ;
રાજાએ મંત્રીને કહાવિયું, જુઓ ચઢીને આવાસ. કન્યાએ...
કૌભાંડ કોપ કરીને ગાજીયો, વગડાવ્યાં નિશાન;
માળિયામાંથી બંને ઊતરો, બાણાસુરની આણ. કન્યાએ...

દાસને આપી આજ્ઞા, સ્તંભ કરોને છેદન;
ઓખાએ આંસુડા ઢાળિયાં, ચાંપશે સ્વામીન. કન્યાએ...
હોકારો અસુરનો સાંભળી, ઊભો થયો અનિરુદ્ધ;
મેઘની પેઠે ગાજિયો, કંપી નગરી બદ્ધ. કન્યાએ...
મંત્રી કહે સુભટ સાંભળો, કોઈ જોદ્ધો બોલ્યો અહીં;
આપણા નાદે ઊઠિયો, મેઘ શબ્દથી સહી. કન્યાએ...
ઓખાએ નાથને બાથમાં ઘાલિયા, શું જાઓ છો વહીં;
માંડી જુઓ જુદ્ધને, હવડાં જાઉં કહી. કન્યાએ...
આ શો ઉદ્યમ વઢવા તણો, નથી બાપનું ધામ;
દાનવને માનવ જીતે નહિ, ન હોય ઋતુ સંગ્રામ. કન્યાએ...
નાથ કહે સુણ સુંદરી, વાત સઘળે થઈ;
હવે ચોરી શાની આપણે, બેસીએ બારીએ જઈ. કન્યાએ...
વલણ : દઈ બેઠાં નરનારી બંને, વાત વિપરીત કીધી;
છજે બેટા કાન કુંવર, ઓખા ઉછંગે લીધી રે.

પ્રકરણ ૫૪ મું

કૌભાંડ સમક્ષ અનિરુદ્ધ પ્રગટ થાય છે

(રાગ : રામકલી)

જોડી જોવાને જોધ મળ્યાં ટોળેજી;
ઓખાને બેસાડી અનિરુદ્ધ ખોળેજી;
કંઠમાં બાવલડી ઘાલીને બાળાજી;
દેખી કૌભાંડને લાગી જવાળાજી.

(રાગ : ઢાળ)

જ્વાળા પ્રગટી, ઝાળ પ્રગટી, સુભટ દોડ્યા સબળા;
મંત્રી કહે ભાઈ સબળ શોભે, જેમ હરિ ઉછંગે કળા.
લઘુ સ્વરૂપ ને લક્ષણવંતો, આવી સૂતા સંગ બેઠો;
જ્યાં સ્પર્શ નહિ પંખી તણો તે, માળિયામાં કેમ પેઠો?
નિઃશંક થઈને છજે બેઠાં, નિર્લજ નર-નારી;
હાસ્ય-વિનોદ કરે ઘણો, લજ્જા ન આણે મારી.
ઓખાએ અપરાધ માંડ્યો, ધાઈ ધાઈ છે સોઈ;
પ્રધાન કહે એ પુરુષ મોટો, કારણ દીસે કોઈ,
અંબુજ વરણી આંખલડીને, ભ્રુકુટી રહી ખમખમી;
રોમવાળી વાંકી, વળી વઢતા રહ્યો ટમટમી.
માળ ઘેર્યો સુભટ સર્વે, બોલે છે આનંદ;

અહો વ્યભિચારી ઊતર હેઠો, એમ કહે કૌભાંડ.
અલ્પ આયુષ્યના ધણી, જમપુરીનો માર્ગ સત્ય;
અસુર સરીખા રિપુ માથે, કેમ થઈ બેઠો સ્વસ્થ.
બાણાસુરની દીકરી, તેને ઈન્દ્રે ન થાય આળ;
તેં રાજકુંવરીની સંગે, તું ચઢીને બેઠો માળ.
સાચું કહું જેમાં શીશ રહે, કોણ નાત કુળ ને ગામ;
યથાર્થ તું ભાખજે, કેમ સેવ્યું ઓખાનું ધામ.
અનિરુદ્ધ વળતાં બોલિયો, સાંભળો સુભટ માત્ર;
ક્ષત્રીનંદન હું ઈચ્છાએ આવ્યો, બાણનો જમાત્ર.
મંત્રી કહે : અલ્યા બોલ્યા વિચારી, ઊતરશે અભિમાન;
જમાત્ર કોનો બાળ કોનો, કોણે દીધું કન્યાદાન.
અપરાધી પૂરણ ઊતર હેઠો, તને બાણરાયની આણ;
આ દાનવ તારો પ્રાણ લેશે, મરણ આવ્યું જાણ.
વિચાર જાણ જીવ્યાનો, જો પડ્યો રણવાસે ચૂપ;
સિંહ હોય તો હાકે ઊઠે, પણ દીસે છે જાંબુક.
બેઉ જણાને જોઈને, પાછો ચાલ્યો કૌભાંડ;
કૌભાંડનું વાક્ય સાંભળી, બોલ્યો બલિરાજાનો તન.
સાંભળતાં ચાર લાખ, યોદ્ધા મોકલ્યા તત્કાળ;
તે ઓખાએ દીઠા આવતા, પડી પેટમાં ફાળ.

પ્રકરણ ૫૫ મું

બાણાસુરનું સૈન્ય જોઈ ઓખા નિરાશ થાય છે.

(રાગ : પરજ)

કામિનીએ જ્યારે કટક દીઠું, ઓખા થઈ નિરાશ;
અરે દૈવ આ શું કીધું.
મનમાં હતી મોટી આશ, વાલા કેમ રે,
મારા પાતળિયા ભરથાર. વાલા....૧
અરે પિયુ તમે એકલા, કરમાં નથી ધનુષ્ય ને બાણ,
પાપી કોપિયો, તે લેશે તમારા પ્રાણ. વાલા....૨
આછી પોળી ઘીએ ઝબોળી, માંહે આંબા રસ ઘોળી;
તમે જમતા હું પીરસતી, ભરી કનક કેરી કટોરી. વાલા...૩
આળોટો પાળોટે અવની પર, રુદન કરે છે અપાર;
બોલાવી બોલે નહિ, નયણે વરસે આંસુની ધાર. વાલા....૪
વળી બેસે ઊઠે ને વળી, થાય વદન વિકાસણ વીર;
તીવ્ર બાણ જ્યારે છૂટશે; સહશે કેમ કોમળ શરીર. વાલા....૫
મારા માતા-પિતાને જાણ થયું, ને કટક મોકલ્યું પ્રૌઢ;
પાપી બાપે કંઈ નવ જાણ્યું, બાણાસુર મહા મૂઢ. વાલા....૬

પ્રકરણ ૫૬ મું

બાણાસુરના સૈન્યનો અનિરુદ્ધે નાશ કર્યો

(રાગ : ઢાળ)

ઘેલી નારી કાલાવાલા, જે કરો તે ફોક;
અમો એવું યુદ્ધ કરીએ, તે જાણે નગરનાં લોક.
તું જાણે પિયું એકલા ને, હાથે નહિ હથિયાર;
તારા બાપે ચાર લાખ મોકલ્યા, તે મારે મન છે ચાર.
તું જાણે પિયુ એકલા ને, કર નહિ ધનુષ્ય ને બાણ;
એક ગદા જ્યારે ફરશે ત્યારે, લઈશ સર્વના પ્રાણ.
ચિત્રલેખા ચતુર નારી, વિધાત્રીનો અવતાર;
ઓખાએ તે ધ્યાન ધરિયું, આવી માળિયા મોઝાર.
એવું કહીને જોયું શય્યામાં, ગદા તો નવ દીઠી;
ચમકીને પૂછ્યું ચિત્રલેખાને, અંગ લાગી અંગિઠી.
ચિત્રલેખા કહે મહારાજ, હું તો ચતુર થઈને ચૂકી;
મેં જાણ્યું મુજને મારશે, ગદા દ્વારિકામાં મૂકી.
અનિરુદ્ધ કહે શાને વઢું, મારે હાથ નથી હથિયાર;
ચિત્રલેખાએ નારદ સાંભર્યા, માળિયા મોઝાર.
નારદ કહે મુજને કેમ સાંભર્યો, કૌભાંડ કેરી તન;
મહારાજ જુદ્ધે ચઢે અનિરુદ્ધ, દેજો આશીર્વાદ વચન.

નારદે આશીર્વાદ દીધો, સૌભાગ્યવતી ઓખાબાઈ;
ભલો ભલો પુત્ર પ્રદ્યુમનનો, ચિરંજીવી અનિરુદ્ધભાઈ.
ભલો ભલો તું પુત્ર પ્રદ્યુમનનો, વીર ઘણો વિકરાળ;
અંતરિક્ષ ઊભો હું જોઉં છું, આણ સરવનો કાળ.
અલ્યા ઘણી વાર બેસી રહ્યો, ને વાત તણું નહિ કામ;
બૈરામાં બાકરી બાંધી, બોળ્યું બાપનું નામ.
અનિરુદ્ધ કહે શાને લઢું, હથિયાર નથી કંઈ એક;
જોદ્ધા ઝાઝા શોર કરે છે, ત્યાં શો કરવો વિવેક?
નારદ કહે છે ઓખાબાઈને તું આદ્ય જગતની માત;
તારું સામર્થ્ય હોય જેટલું, જે આપ સ્વામીને હાથ.
ઓખાએ એક ભોગળ લઈને, કાઢી આપી બહાર;
સ્વામીના કરમાં આપી, તેમાં હજાર મણનો ભાર.
વીરે વિકાસી ભોગળ લીધી, માળિયામાં ધાય;
ચાર લાખ જોદ્ધા તરવરિયા, તે સામા યુદ્ધે જાય.
ગેડી ગુપ્તી ફરસી તુંબર, છૂટે ઝાઝાં બાણ;
માળિયાને ઢાંકી દીધું, જેમ આભલિયામાં ભાણ.
આવતાં બાણ એકઠાં કરીને, પાછાં નાખે બાણ;
ઊંચેથી આવી પડે છે, આણે સરવનો કાળ.
ભડાક લઈને ભોંગળ મારી, અનિરુદ્ધે જેણી વાર;
તે રણકારા કરતી આવી, તેણે કર્યો ઘણો સંહાર.

અનિરુદ્ધ કેરો માર, તે યોદ્ધાથી ન ખમાય;
મારી કટક સર્વે કટકા કીધું, આપે નાઠે જાય.
રહો રહો શા માટે નાસો, કાં થાઓ રાંક?
હું તમારા કાજ આવ્યો છું, મારો ન કાઢો વાંક.
અંગ ધ્રૂજે કાંઈ ન સૂઝે, આવ્યા રાયની પાસ;
બાણાસુર શું બેસી રહ્યો ને, કટક થયું સૌ નાશ.
જોદ્ધા સહુ નાશ થયા રે, હું ચોરીથી નાઠો સાર;
તમને આવ્યો સંભળાવવા ઘણું કરી પોકાર.
નાસ રાજા ભોગળ આવી પ્રાણ તારો જાય;
બાણાસુર પડ્યો ગાભરો, દેવ આ તે શું કહેવાય?
રાયે બીજા છ લાખ મોકલ્યા જઈ કરો સંગ્રામ;
મારી બાંધી લાવો કહું છું, એને તો આ ઠામ.
જોદ્ધા આવ્યા જોરમાં તે, કરતા મારો માર;
છ લાખ આવી ઊભા રહ્યા, તેના બળ તણો નહિ પાર.
કોઈ એક ને બે જોજન, ઊંચા જે કહેવાય;
કોને માથે શીંગડાં, લોચન ઉદર સમાય.
ખડ્ગ ખાંડા તુંબર ફરસી, ગોળા હાથે નાળ;
તોપ કવચ રણભાલા, બરછી મુદગર ને ભીંડીમાળ.
સાંગ ગેડી ને ગુપ્તી, ગદા ને ઝળકતી તલવાર;
બાણાસુરના યોદ્ધા તે કરતા મારો માર.

કંઈક કચ્ચર થયા ને, કોઈકના કકડાય;
કુંભસ્થળ ફાટી ગયા ને, પડ્યા તે પૃથ્વીમાંય.
અનિરુદ્ધે પછી વિચાર્યું, ગદા પડી છે ધર્ણ;
જોદ્ધા આવ્યા જોરમાં, તે કેમ પામશે મરણ?
પછી પડતું મૂક્યું પૃથ્વી પર, ગદા લીધી હાથ;
કાળચક્રની પેઠે સેજે, સૌ સંહાર્યા સાથ.
કોઈ જોદ્ધાને ઝીંકી નાખ્યાં, ઝાલ્યા વળતા કેશ;
કોઈને અડબોથ મૂકીને, કોઈકને પગની ઠેસ.
કોઈનાં મોઢાં ભાંગી નાખ્યાં, હાથની લપડાકે;
કોઈને મારી ભૂકો કીધો, ભોગળને ભડાકે.
એમ હુલ્લડ કર્યું ને ત્રાસ પડ્યા, બુમરાણ બહુ થાય;
છ લાખ ચકચુર કરીને, ગયો માળિયા માંય.
નાઠા જોદ્ધા વેગે ગયા, જ્યાં છે બાણાસુર રાય;
નાશ રાજા ભોગળ આવી, પ્રાણ તારો જાય.
ન હોય કંઈ નાનો કુંવર, દીસે છે કોઈ બળિયો;
ઘણીવારનો યુદ્ધ કરે છે, કોઈનો ન જાય કળિયો.
કૌભાંડને તેડાવી પૂછ્યું, હવે શું કરવું કાજ;
આટલે છોકરે નીચું જોવડાવ્યું, ધિક ધિક મારું રાજ.

બાણાસુર અનિરુદ્ધને પકડી લાવવા સૈન્યે લલચાવે છે

(રાગ : બિહાગ)

મતવાલો મહાલે માળમાં, જઈ જોદ્ધાએ સભામાં સંભળાવ્યું;
કૌભાંડ ચડિયો કાળ, મતવાલો મહાલે માળિયામાં. મતવાલો...
જુગ જીત્યું પણ કોઈ નવ દીઠું, સ્વર્ગ મૃત્યુ પાતાળમાં;
કહો કૌભાંડ હવે શું, મારો લાગ્યો ભારે ભૂપાળમાં. મતવાલો...
સહુ સૈન્યનું સામર્થ્ય ભાગ્યું, બહુ બળ દીઠું છે બાળમાં રે;
દશ લાખનો દાટ જ વાળ્યો, હજી છે વઢવાની ચાલમાં. મતવાલો...
કહો પ્રધાન હવે શી વલે થાશે, બાણ પડ્યો જંજાળમાં.
રાતમાં જઈને રોકી રાખો, નાસે પ્રાતઃ કાળમાં. મતવાલો...
વિખિયા રે વળગ્યો તે નહિ થાય અગળો, જેમ માખી મધજાળમાં રે;
બાળકને બકરી શાને ધારો, જણાય સિંહની ફાળમાં. મતવાલો...
બાળકને જે બાંધી લાવે, તેને વધાવું રતન ભરી થાળી રે;
સિંહપણું વેરાઈ ગયું ને, થયો સંગ્રામ શિયાળમાં રે. મતવાલો...

પ્રકરણ ૫૭ મું

કૌભાંડ - બાણાસુર વચ્ચે વાર્તાલાપ - અનિરુદ્ધ ઉપર આક્રમણ

(રાગ : સોરઠ)

કૌભાંડ કહે તું સાંભળ રાજા, કહું એક સાચો ધર્મ;
એ ભોગળે દશ લાખ માર્યા, તેને ન રહ્યો તારો ધર્મ.
અચરજ એક લાગે છે મુજને, પડી અસંગે વાત;
એક ભોગળે દશ લાખ માર્યા, કીધો મહા ઉત્પાત.
પૂર્વે મેં તને પ્રીછવ્યો, અહંકારે થયો તું અંધ;
અહંકારે લંકા ગઈ, રામે માર્યો દશસ્કંધ.
અહંકાર ચંદ્રમાએ કર્યો, તેણે રોહિણી શું સંજોગ;
'છવ્વીસ નારી પરહરી, માટે ભોગવે ક્ષય રોગ.'
એવા અહંકાર હું અનેક કહું, સાંભળને ભૂપાળ;
વાંક કોઈનો કહાડીએ નહીં, પણ ફૂટ્યું તારું કપાળ.
અહંકાર તુજ બાપે કર્યો જેણે જીત્યા દશ દિગ્પાળ;
વામન રૂપ વિઠ્ઠલે ધરીને, બળી ચાંપ્યો પાતાળ.
અહંકાર કોઈનો છાજ્યો નહિ, ગર્વ ન કીજે રાય;
ગર્વ કોઈનો રહ્યો નહિ, તમે વિચારો મનમાંય.
પહેલી ધજા ભાંગી પડી, વરસ્યો રુધિરનો વરસાદ;
નક્ષત્ર તૂટી પડ્યું ને, થવા માંડ્યો ઉત્પાત.
હવે તત્પર થઈને સેના સંભાળો, નહિ નાઠાનું કામ;

દશ દિશા તું જીતીને આવ્યો, છોકરે બોળ્યું તારું નામ.
રાય પહેલાં મેં તને પ્રીછવ્યો, પ્રતાપ તારો પ્રત્યક્ષ;
આ સમે એ વિલોક્તામાં, ઉદય પામ્યો અસ્ત.
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, કહેવાયો તું એક;
તરણાવત તુજને કર્યો, એ છોકરે વાળ્યો છેક.
વચન એવું સાંભળીને, રાયની ગઈ છે સુધ ને શાન;
સ્થળ અંગ દેખી રાજાનું, પછી બોલ્યો પ્રધાન.
કૌભાંડ કહે તું સંભાળ રાજા, પરાક્રમ મારું પ્રચંડ;
શશક ઉપર સિંહ અખંડ છે, તેમ પૃથ્વી કરું શતખંડ.
કહો તો એને બાંધી લાવું, એમાં તે કેટલું કામ;
શોણિતપુરના સુભટ કેરા, શોક ટાળું હાલ.
રળિયાત થયા વચન સાંભળી, આપ્યા સહુ શણગાર;
તું મારો વડો બાંધવ, આ તારા સર્વ ભંડાર.
જાઓ વીરા તમે જઈને, કરી આવો શુભ કામ;
વધામણી પહેલા મોકલજો, પેલા શત્રુનો ફેડી ઠામ.
વચન શીશ ચઢાવીને ઊઠ્યો, તેણે કીધો સૌ શણગાર;
સેના સઘળી સજ્જ કરી, તેની શોભાનો નહિ પાર.
મહામોટો ગજ ગિરિવર સરખો, મદગણીત કહેવાય;
હીરા માણેક-રત્નજડિત અંબાડી, તેની જ્યોતે રવિ ઢંકાય.
સૂર્યવંશી ને સોમવંશી, પાખોરિયા કેકાણ;

મોરડે મોતી જડિત, તેને હીરા જડિત પલાણ.
અનેક અશ્વ દોડિયા, આગળ ગણતાં ન આવે પાર;
અનેક પાલખી રથ ઊંટની, તેના સુભટ થયા અસવાર.
સિંહલદ્વીપના હસ્તિ મોટા, તેને જડ્યાં માણેક અપાર;
મેઘાડંબર છત્ર ધરીને, મંત્રી ગયો અસવાર.
નગારાનો ઘોંસ વાગે, શરણાઈઓના સૂર;
સૈન્ય સઘળું પરવળ્યું, જાણએ સાગર આવ્યું પૂર.
નાળ ગોળા કવચ ભાલા, કરતા મારો માર;
માળિા આગળ ઊભો એટલે, ઓખા કરે વિચાર.
સ્વામી તમારા મનમાં આવે તો, કહું વિનંતી આજ;
ચિત્રલેખા દ્વારિકા લઈ જાય તો, સાધે સઘળું કાજ.
વચન સુણીને જ્વાળા લાગી, ચઢી અનિરુદ્ધને રીસ;
ચરણ કેરી આંગળીથી, જ્વાળા લાગી શીશ.
યુદ્ધ વિશે સનમુખ ન રહું તો, લાજે મારો વંશ;
બાણાસુરને એણી પેરે મારું, જેમ કૃષ્ણે માર્યો કંસ.
એવા માંહે જોદ્ધા આવ્યા, દેવા લાગ્યા ગાળ;
ક્રોધ ચઢ્યો બહુ કામ કુંવરને, કીધી ઈચ્છા દેવા ફાળ.
વલણ : ફાળ દઉં અંત લઉં, હોંકારો તવ કીધો રે;
ઓખાએ અનિરુદ્ધને માળિયામાં ઊંચકી દંડવત કીધો રે.

પ્રકરણ ૫૮ મું

ઓખા - અનિરુદ્ધ વાર્તાલાપ - અસુરો સાથે અનિરુદ્ધનું યુદ્ધ

(રાગ : ભુપાળ)

ઓખા કહે કંથને એમ ન કીજે, બળિયાશું વઢતા બીજે;
એ ઘણાં ને તમો એક, તાતે મોકલ્યા જોદ્ધા અનેક.
દૈત્યને વાહન તમો પગપાળા, એ કઠણ તમો સુંવાળા;
એને ટોપ કવચ ને બખતર, તમારે અંગે સોહે પીતાંબર.
દૈત્યને સાંગ ને બહુ ભાલા, પ્રભુ તમો છો ઠાલામાલા;
આ તો મસ્તાના છે બહુ બળિયા, તમો સુકોમળ પાતળિયા.
પહેલું મસ્તક મારું છેદો, સ્વામી પછી અસુરને ભેદો;
તમારા દેહને દેખીને હું તો મોહું નેત્રે જુદ્ધ કરતાં કેમ જોઉં?
મુવા દૈત્ય કરે હોકારા, પ્રભુ પ્રાણ કંપે છે મારા;
ઈચ્છા અંતરમાં પેઠી, દૈત્યે માળિયું લીધું વીંટી.
ઘણો ક્રોધી વિરોધી છે બાણ, હાકે ઈન્દ્ર જાય આસમાન;
જન સ્થંભે તાતની હાંકે, બાણે સૈન્ય ચડાવ્યું ચોકે.
જેને નામે તે મેરુ હાલે, ચક્રધારી સરખાનું નવ ચાલે;
ક્ષત્રી સ્થંભે તાતની હાંકે, બાણે સૈન્ય ચડાવ્યું ચોકે.
મંત્રી રહ્યો છે દંત જ કરડી, શે ઘાઓ છો મૂછો જ મરડી;

કંથ કહે ન કરું સંગ્રામ, નાસી પેઠાનો કીયો ઠામ?
હવે જીવતા છૂટવું નહિ, સૈન્ય મારીએ સામા થઈ;
નથી ઉગરવાનો ઉપાય, ત્યારે ભય પામે શું થાય?
નાઠે લાંછન લાગે કુળમાં, જેમ શીશને લાંછન મુખમાં;
મહુવર વાજે મણિધર ડોલે, ન ડોલ તો અળશિયા તોલે.
ઘન ગાજે કેશરી દે ફાળ, ન ઉછાળે તો જાણવો શિયાળ;
ક્ષત્રી શોભે દેખીને દળ, ન શોભે તો વ્યંઢળ જાણ.
હાકે વાઘ ન માંડે કાન, તો જાણવો નિશ્ચે શ્વાન;
ઘરમાં જોદ્ધો રહે કો પેસી, તો ચરણ વિનાનો રહે બેસી.
એમ કહીને ઓખા અળગી કીધી, ગાજ્યો ને ભોગળ લીધી;
અસુર સૈન્યમાં જઈને અડિયો, છજેથી કપિની પેઠે પડિયો.
જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ અનિરુદ્ધ લીધો વીંટી દળમાં;
અસુર કહે એ માનવી કશું, બહુ સિંહમાં બગલું તશું.
જો મુગટ મંત્રીને ચરણે ધરે, તો તું મૃત્યુ થકી ઊગરે;
તેના આવાં વાક્ય સાંભળી, અનિરુદ્ધ ધાયો હોંકારો કરી.
નાખે દૈત્ય ખાંડા ને મુગદલ, તેમ વિષ્ણુ નાખે ભોગળ;
વીસ સહસ્ર અસુર સૌ તૂટ્યા, એક વારે બહુ છૂટ્યા.
આયુષ ધારા રહી છે વરસી, છૂટે પરિઘ આયુધ ને ફરસી;
થાય દાનવ ટોળે ટોળાં, વરસે ભીંડમાલ ને ગોળા.
બોલે દંદુભીના ગડગડાટ, થાય ખાંડા તણા ખડખડાટ;

હાકે હસ્તિ ને પાડે સુસવાટ, રથ ચક્ર વાગે ગડગડાટ.
હોય હયના ઘણા હણહણાટ, દેખી દોહ્યલો નાથનો ઘાટ;
થાય છે ઓખાને ઉચાટ, દેખી દોહ્યલા નાથનો ઘાટ.
પછી દાનવનો વાળ્યો દાટ, અનિરુદ્ધે મુકાવી વાટ;
કોઈને ઝીંક્યા ઝાલી કેશ, કોઈને ઉડાડ્યા પગની ઠેસ.
કોઈને હણ્યા ભોગળને ભડાકે, કોઈના મોં ભાંગ્યા લપડાકે;
કોઈને ભાલ્યા વાગ્યા ભચોભચ, કોઈનાં નાક વાઢ્યાં ઢચ.
કોઈ અધકચરા કોઈ પૂરા, મારી સૈન્ય કર્યું ચકચુર;
તે રણમાં ભયાનક ભાસે, દળ દેખી ઓખા ઉલ્લાસે.
મેં તો આવડું નહોતું જાણ્યું, ચિત્રલેખાએ રત્ન જ આણ્યું;
થાય પરસેવો અનિરુદ્ધ ડીલે, પોતાના વસ્ત્રમાં ઓખા ઝીલે.
ભડ ગાજ્યો ને પડ્યું ભંગાણ, નાઠો કૌભાંડ લઈને પ્રાણ;
થઈ બાણાસુરને જાણ, એક પુરૂષે વાળ્યો ઘાણ.
અસરુને ચઢિયો બહુ કોપ, સજ્યા કવચ આયુધ ને ટોપ;
વાગી હાક ને ચઢિયો બાણ, તે તો થઈ ઓખાને જાણ.
વલણ : જાણ થઈ જે તાત ચઢિયો, કોણ જીતશે સહસ્ત્ર હાથ રે;
ઓખા આંખ ભરતી, રુદન કરતી, સાદ કરતી નાથ રે.

પ્રકરણ ૫૯ મું

ઓખા - અનિરુદ્ધ વાર્તાલાપ - અસુરો સાથએ અનિરુદ્ધનું યુદ્ધ

(રાગ : સામગ્રી)

મારા સ્વામી હો ચતુર સુજાણ, બાણદળ આવ્યું રે જાદવજી;
દીસે સૈન્ય ચારે પાસ, હવે શું થાશે રે જાદવજી.
એવા બળિયા સાથે બાથ, બાથ કેમ ભીડો રે જાદવજી;
સામો દૈત્ય છે કુપાત્ર, માટે ડરીને હીંડો રે જાદવજી.
એ દળમાં આવ્યું બળવંત, દીસે રાતા રે જાદવજી;
એકલડા અસુરના મુખે, રખે તમે જાતા રે જાદવજી.
ઓ ગજ આવે બળવંત, દંત કેમ સહેશો રે જાદવજી;
અસુર અવર્ણ ધાય, તણાયા જાશો રે જાદવજી.
એવું જાણીને ઓસરીએ, ન કરીએ ક્રોધ રે જાદવજી.
ધીરા થાઓ ને ધાઓ, વઢો તો ફાંસી રે જાદવજી;
મારી ફરકે છે જમણી આંખ, વરસે છે આંસુ રે જાદવજી.
મને દિવસ લાગે છે ઝાંખો, ભોંગળ હઠી નાખો રે જાદવજી;
હું તમને સમજાવું આ વાર, વચન મારું રાખો રે જાદવજી.
તમો મુજ દેહલડીના હંસ, મૂકોને જુદ્ધ રે જાદવજી;

પાછા વળોજી લાગું પાય, માનો મારી બુધ રે જાદવજી.
ઘેલી દીસે છે તરુણી, આ શી ટેવ રે રાણીજી;
અમો બાણ થકી ઓસરશું, તો કરશું સેવ રે રાણીજી.
આવ્યો બાણાસુર ભૂપાળ, તેને હું મારું રે રાણીજી;
એના છેદું હાથ હજાર, દળ સંહારું દૈત્યનું રે રાણીજી.
અનિરુદ્ધ રણ થકી ઓસરે, તો લાજે શ્રીગોપાળ રે રાણીજી;
અંત આપણો આવ્યો, હવે નાઠે આવે આળ રે રાણીજી.
વલણ : નાઠે આવે આળ, નવ કીજે આવા વાદ રે;
કહે પ્રેમાનંદ ઓખાબાઈએ, અનિરુદ્ધને કર્યો સાદ રે.

પ્રકરણ ૬૦ મું

ઓખા અનિરુદ્ધને યુદ્ધ ન કરવા વિનવે છે.

(રાગ : વેરાડી)

ઓખા કરતી કંથને સાદ રે, હો હઠીલા રાણા;
આ શા સારુ ઉન્માદન, હો હઠીલા રાણા.
હું તો લાગું તમારે પાય, હો હઠીલા રાણા;
આવી બેસો માળિયા માંય, હો હઠીલા રાણા.
હું તો બાણને કરું પ્રણામ, હો હઠીલા રાણા;
છે કાલાવાલાનું કામ, હો હઠીલા રાણા.
એ તો બળિયા સાથે બાથ, હો હઠીલા રાણા;
તે તો જોઈને ભરીએ નાથ, હો હઠીલા રાણા.
એ તો તરવું સાગર નીર, હો હઠીલા રાણા;
બળે પામીએ ન પેલે વીર, હો હઠીલા રાણા.
મને થાય છે માઠા શુકન, હો હઠીલા રાણા;
મારું ફરકે છે જમણું લોચન, હો હઠીલા રાણા.
મારો મોતીનો તૂટ્યો હાર, હો હઠીલા રાણા;
ડાબે નેત્રે વહે જળધાર, હો હઠીલા રાણા.
દીસે ગગને ઝાંખો ભાણ, હો હઠીલા રાણા;
દીસે નગરી તો ઉજ્જડ રાન, હો હઠીલા રાણા.

રુવં વાયસ ગાય ને શ્વાન, હો હઠીલા રાણા;
એવા શુકન માઠા થાય, હો હઠીલા રાણા.
ધ્રૂજતી દેખું ધરણ, હો હઠીલા રાણા;
એ તો સાગરે શોણિત વરણ, હો હઠીલા રાણા.
આવ્યા અગણિત અસવાર, હો હઠીલા રાણા;
માંહોમાંહે થયા છે હાહાકાર, હો હઠીલા રાણા.
ઓ દુંદુભી વાગ્યો ધાય, હો હઠીલા રાણા;
એ તો સૈન્ય તમ પર ધાય, હો હઠીલા રાણા.
ઓ આવ્યું દળ વાદળ, હો હઠીલા રાણા;
એ ઝળકે ભાલાનાં ફળ, હો હઠીલા રાણા.
પાખર બખ્તર પહેર્યો ટોપ, હો હઠીલા રાણા;
દૈત્ય ભરાયા આવે ક્રોધ, હો હઠીલા રાણા.
આ વાજે ઘુઘરમાળ, હો હઠીલા રાણા;
અશ્વ દેતા આવે ફાળ, હો હઠીલા રાણા.
એ તો શૂરવીર મહાકાળ, હો હઠીલા રાણા;
હવે થાશે કોણ હાલ, હો હઠીલા રાણા.
નાથ જુઓ વિચારી મન, હો હઠીલા રાણા;
જૂધ રહેવા દો રાજન, હો હઠીલા રાણા.
જો લોપો મારી વાત, હો હઠીલા રાણા;
તમને માત-પિતાની આણ, હો હઠીલા રાણા.

આવ્યો બાણ તે પ્રલય કાળ, હો હઠીલા રાણા;
મેઘાડંબર છત્ર વિશાળ, હો હઠીલા રાણા;
વલણ : મેઘાડંબર છત્ર બિરાજે, ઊલટી નગરી બદ્ધ રે;
અગણિત અસવાર આવિયા, તેણે વીંટી લીધો અનિરુદ્ધ રે.

કડવું ૬૧ મું

અનિરુદ્ધ અને બાણાસુર વચ્ચે વાર્તાલાપ

(રાગ : સિંધુ)

આવી સૈન્યા અસુરની, અનિરુદ્ધને લીધો ઘેરી;
કામ કુંવરને મધ્યે લાવી, વીંટી વળ્યા ચોફેર.
અમર કહે શું નીપજશે, ઈચ્છા પરમેશ્વરની;
રિપુના દૈત્યના જૂથ માંહે, અનિરુદ્ધ લઘુ કેસરી.
બાણાસુર રાયને શું કરું, જો ભોગળ ધરી ફોગટ;
વેરી વાયસ કોટિ મળ્યા, હવે કેમ જીવશે પોપટ.
બાણાસુરે સુભટ વાર્યા, નવ કરશો કો ઘાત;
વીંટો ચોદિશ સહુ મળીને, પૂછું એને વાત.
માળિયેથી ઓખાબાઈએ રુદન મૂક્યું છોડી;
પિતા પાસે જોદ્ધા સર્વે, હાથ રહ્યા છે જોડી.
બળવંત દીસે અતિ ઘણાં, સૈન્યા બિહામણી;
પવનવેગી ખાપરિયા તે, રહ્યા તે હણહણી.
આ વાદળ કેમ સહેશો, ઓ સ્વામી સુકોમળ;
અરે દૈવ હવે શું થાશે, પ્રગટ કામનાં ફળ.
દેવના દીધેલ દૈત્ય મુવા, તેને દયા નહિ લવલેશ;
કાચી વયમાં નાથજીને, નથી આવ્યા મૂછ ને કેશ.

ચાર દિવસનું ચાંદરણું, તે ચઢી ગયું છે લેશ વહી;
જો આંચ આવશે તમ પુત્રને, લજવાશે જાદવ સહુ.
પ્રજાના પ્રતિપાળ છો, તમે પનોતા મોરારી;
સંભાળ સર્વેની લીજિયે, નવ મૂકીએ વિસારી
અમને તો પણ આશા તમારી, અમે રહ્યા છોરું;
લાજ લાગશે વૃદ્ધને, કોઈ કહેશે કાળું ગોરું.
પક્ષ પલાણ પ્રભુજી, પુત્રાનો કરવા પક્ષ;
ભગવાનને ભજતી ભામતી, ભરથાર છે રિપુ મધ્ય.
મુખ વક્ર નેત્ર બિહામણા, મુખ મૂછો મોટી;
તેવા અસુર આવી મળ્યા; એક શંખ ને સપ્તકોટિ.
દળ વાદળ સેના ઊલટી, મધ્ય આણ્યો અનિરુદ્ધ;
વીર વીંટિયો વેરીએ, જેમ મક્ષિકાએ મધ.
ધનુષ્ય ચઢાવ્યાં પાંચસો, બહુ ચઢાવ્યાં બાણ;
ગાયે ગુણીજન ગુણ બહુ, ગડગડે નિશાન.
અનંગ અર્ભક એમ વીંટ્યો, જેમ શોભે છે ઈન્દુ લઘુ;
જેમ ઊલટે ધણીને લલાટે, શ્વેતબિંદુ લઘુ.
કુંજરની સૂંઢ સરખા, શોભે છે ભુજ;
સરાશન સરખી ભ્રૂકુટી; નેત્ર બે અંબુજ.
તૃણ માત્ર જે વઢતો નથી, બાણના જે બાહુ;
અનિરુદ્ધ અસુર એવા શોભે, જેમ ચંદ્રમા ને રાહુ.

આવી જોયું વક્ર દૃષ્ટે, મૂછો મોટી ચક્ષવપુ શોભાવે;
ભુજ ભાલા ને કેશ રૂપનું, છે જેમ વૃક્ષ.
આ સમે કોવાડાને, અથવા ભોગળ રે કર ધારી;
અરે ટાળું રિપુ સંસારના, ઉતારું એનો ભાર.
શિવબાણનું બળ છે, માંહે સર્વનો સાથ;
પેટાળમાં પૂરવજ વસે છે, પીડ લેવા કાઢે છે હાથ.
કાષ્ટના કે લાખના, એણે ઘડીને ચડ્યા કર;
અથવા કોઈ પંખી દીસે છે, વંખેર્યો છે પર.
ત્યારે હવસું આવ્યું બાણને, એ શું બોલે બાળ;
કૌભાંડ સાંભળો એ, તમને દે છે ગાળ.
બલિસુત અંતર બળ્યો, ને લોકમાં તે બળવાન;
શું કરું જો લાંછન લાગે, નિકર વિધિએ દઉં કન્યાદાન.
સુભટ નિકટ રાય આવ્યો, બોલિયો બહુ ગરવે;
નફફટ નથી લાજતો, વીંટ્યો હણવા સરવે.
કુળ લજામણો કોણ છે, તસ્કરની પેઠે નિરલજ;
અપરાધ આગળથી કેમ ઉગરે, જેમ સિંહ આગળથી અજ.
અમસ્થો આવી ચઢ્યો, કાંઈ કારણ સરખું ભાસે;
સાચુ કહે જેમ શીશ રહે તુજ, બાળક રહે વિશ્વાસે.
કોણ કુળમાં અવતર્યો, કોણ માત તાતનું નામ;
અનિરુદ્ધ કહે વિવાહ કર્યો, હવે પૂછ્યાનું શું કામ?

પિતૃ પિતામહ પ્રસિદ્ધ છે, દ્વારિકા ગામ;
છોડી છત્રપતિની વર્યો, હવે ચતુર મન વિચાર.
વૈષ્ણવ કુળમાં અવતર્યો, મારું નામ તે અનિરુદ્ધ;
જો છોડશો તો નક્કી, બાંધી નાખીશ સાગર મધ્યે.
બાણાસુર સામે જઈને, કૌભાંડ વળતું ભાખે;
ચોરી કરી કન્યા વર્યો તે, કોણ વૈષ્ણવ પાખે?
પુત્ર જાણી કૃષ્ણનો, પછી બાણ ઘસે છે કર;
નિશ્ચે કન્યા વરી, મારું દૈવ બેઠું ઘર.
રીસે ડોકું ધુણાવીને, ધનુષ્ય કરમાં લીધું;
બાણાસુરે યુદ્ધ કરવાને, દળમાં દુદુંભી દીધું.

પ્રકરણ ૬૨ મું

બાણાસુરે બાણ વડે અનિરુદ્ધને બાંધ્યો

(રાગ : ગેડી)

આવ્યો કુંવર રથે ભાલા ભરી, આવ્યો બાણાસુર વેગે કરી;
જોદ્ધાને નવ માયે શૂર, ચઢી આવ્યું જેમ સાગર પૂર.
વાજે પંચ શબ્દ રણતુર, મારી જોદ્ધા કર્યા ચકચુર;
બાણાસુરના છૂટે બાણ, છાઈ લીધો આભલિયામાં ભાણ.
થયું કટક દળ ભેળાભેળ, જેમ કાંપે કોવાડે કેળ;
આવ્યા એટલા ધરણી ઢળ્યા, તેમાં કોઈ પાછા નવ વળ્યા.
આવી ગદા તે વાગી શીશ, નાઠાં હસ્તિ પાડી ચીસ;
બાણાસુર ઉપર ભોગળ પડી, ભાંગ્યો રથ કડકડી.
રાયની ગઈ છે શુદ્ધ ને શાન, ભાગ્યું કુંડળ છેદ્યા કાન;
પાછા લઈ ચાલ્યો પ્રધાન, ઘર જાતામાં આવી શાન.
પછી બોલે છે રાજન, સાંભળો મારા પ્રધાન;
હાય હમણાં ભોંગળ આવશે, જાણું છું જે જીવડો જશે.
પ્રધાન કહે કેમ થયા અજાણ, ક્યાં ગયું મહાદેવનું બાણ;
મેલો તો થાય કલ્યાણ, આ ફેરી એના બંધાશે પ્રાણ.
તે લઈ બાણાસુર પાછો ફર્યો, તે ઉપર માળિયે સંચર્યો;
અનિરુદ્ધે વિચારી વાત, હવે હું જોડું હાથ.

શિવનું વ્રત તે સાચું કરું, વચન એનું મસ્તક ધરું;
અનિરુદ્ધે બે જોડ્યા હાથ, બાણાસુરે મેલ્યું બાણ.
આ ફેરીએ બંધાઈ પડ્યો, ઉપરથી પર્વત ગડગડ્યો;
લાતો ગડદા પાટુ પડે, તે દેખી ઓખા રડે.
ત્યાંથી મનમાં વિચાર જ કર્યો, અનિરુદ્ધને લઈને સંચર્યો;
મારતા કુંવરને લઈ જાય, ઓખા રૂવે માળિયા માય.

પ્રકરણ ૬૩ મું

ઓખાનો વિલાપ

(રાગ : રામકલી)

મધુરે ને સાદે રે હો, ઓખા રૂવે માળિયા રે હો,
બાઈ મારા પિયુને લઈ જાય;
સખી મારા થકી નવ ખમાય,
હમણાં કોઈ કહેશે રે હે પિયુજીને મારિયા રે.
બાઈ મારા પેલા ભવનાં પાપ, બાઈ મારો આવડો શો સંપાત,
શે નથી મરતો પાપી બાપ.
માથેથી આભ તૂટી પડજો રે હો, પડજો સગા બાપને માથે રે.
હાં રે મારા કંથની કોમળ કાય, એવા એવા માર તે કેમ ખમાય;
ઓ પેલા દુષ્ટને ના મળે દયાય, રંડાપણ આવ્યું રે હો,
બાળપણ વેશમાં રે.

પ્રકરણ ૬૪ મું

અનિરુદ્ધને કારાગૃહમાં રાખ્યો

(રાગ : ચાલ)

ચિત્રલેખા કહે બાઈ શાને રડે છે, તારા કંથની નહિ થાય હાણ;
જઈને હું સમજાઉં રે, જે નહિ લે તેના પ્રાણ.
ચિત્રલેખા આવી ઊભી રહી, જ્યાં પોતાનો તાત;
સાંભળો પિતા વિનંતી, કહેશો સમજાવી અહીં વાત.
એ છે મોટાનો કુંવર તે, તમે જોઈને છેદશો શીશ;
માથા ઉપર શત્રુ થશે, હળધર ને જગદીશ.
એને વડવે બલિ પાતાળે ચાંપ્યો, એવાં છે એના જે કામ;
વગર વિચારે મારશો તો, ખોશો ઘર ને ગામ.
પ્રધાને જઈને કહ્યું, બાણાસુર ભૂપાળ;
રાજા રખે એને મારતા, એ છે મોટાનો બાળ.
પરણી કન્યા કોઈ પરણે નહીં, માથે રહેશે આળ;
લોકમાં કહેવાશે જમાઈ માર્યો, એવી દેશે ગાળ.
માટે ઘાલો કારાગૃહમાં, હાથે ન કીજિયે ઘાત;
એકલે દશ લાખ માર્યા, તે મોટી કીધી વાત.
પછી વજ્ર કોટડીમાં, બેસાડ્યો એ તન;

સરપે એને વીંટીઓ રે, કર્યો ફરતે અગન.
તે પૂંઠે જળની ખાઈઓ ખોદી, મેલ્યા બહુ રખવાળા;
સરપ કેરા ઝેરથી, પ્રજવળવા લાગ્યો બાળ.
અનિરુદ્ધને બંધન કરીને, વીંટ્યા બહુ સરપ;
કામ કુંવરને બાંધિયો, પછી ગરજીયો છે નૃપ.
વલણ : નૃપ ગાજ્યો મેઘની પેરે, ઉતરાવી ઓખાય રે;
અનિરુદ્ધને બંધન કરી, બાણ મંદિરમાં લઈ જાય રે.

પ્રકરણ ૬૫ મું

અનિરુદ્ધને કારાગૃહમાં રાખ્યો

(રાગ : સામગ્રી)

બાણે બંનેને બાંધીયાં, નૌતમ નરને નાર;
અનિરુદ્ધ રાખ્યો મુખ આગળે, ગુપ્ત રાખી કુમાર. બાણે...
ચૌટામાં ચોર જણાવિયો, ઢાંક્યો વ્યભિચાર;
ઓખા છાની મંદિર મોકલી, રાખ્યો કુળનો તે ભાર. બાણ...
લક્ષણવંતો હીંડે લહેકતો, બહેકતો બહુ અવાસ;
દૈત્યનું દળ પૂંઠે ભમે, ઘેરી હીંડે તે દાસ. બાણે...
એક પેચ છૂટ્યાં પાઘડી તણો, તે આવ્યો પાઘ પ્રમાણ;
ચોરે તે મોરજ મારીયો, તેના કરે લોક વખાણ. બાણ...
ઓખા ફરીને વર જો પરણશે તો, ભૂલશે ભવ ભરથાર;
તે સ્વામીથી શું સુખ પામશે, લીધું એણે અમૃત ચાર. બાણે...
કાં કહે એમાં દૈવત દીસે ખરું, રૂપવંતો રસાળ;
કટાક્ષમાં કામિની મોહી પડે, એવી માયા મોહજાળ. બાણ...
તેની ભુલવણી ભ્રુકટી તણી, ભૂલે પડે તે નાર;
કુંવારી કન્યાને કામણ કરે, સંતાડે સર્વ કુમાર. બાણે...
સખી પ્રત્યે સખી ઓચરી, દેખી અંગ ઉન્માદ;
બાંધ્યૂ જુવે છે આપણા ભણી, એને છે એવી ટેવ. બાણે...

ચાર માસ આશા પહોંચી, ઘણો લાગ્યો સ્નેહ વિવાદ;
માળિયા સુખ પામ્યો ઘણું, લાગ્યો લોક અપવાદ. બાણે...
વલણ : લાગ્યો લોકોપવાદ પણ, પામ્યો દેવ કન્યાય રે;
પછી બાણાસુરે અનિરુદ્ધને, રાખ્યો ઓખા ઘરમાંય રે.

પ્રકરણ ૬૬ મું

ઓખા-અનિરુદ્ધ વચ્ચે વાર્તાલાપ

(રાગ : ધવળ - ધનાશ્રી)

શુકદેવ કહે પરીક્ષિતને તમે, સાંભળો કહું વાતજી;
કૃષ્ણ કુંવરને બાંધી રાખ્યો, ઓખાના ઘરમાંયજી.
નાના વિધનાં બંધન કીધાં, કાઢી ન શકે શ્વાસજી;
એક એકના મુખ દેખી દામણા, થાય બધા ઉદાસજી.
બાણામતી બાણાસુરની રાણી, જળે ભરે ચક્ષુજી;
પુત્રી જમાઈ ભૂખ્યાં જાણી, છાનું મોકલી ભક્ષજી.
કષ્ટ દેખી નાથનું ઓખા, નયણે ભરે છે નીરજી;
અનિરુદ્ધ આપબળે કરીને, ઓખાને દે છે ધીરજજી.
આદરું તો અસુર દળને, ત્રેવડું તૃણ માત્રજી;
શોભા રાખવા શ્વસુરની તો, હુંયે બંધાયો છું ગાત્રજી.
આગમાં ઊઠું તો શીઘ્ર છૂટું, દળું દાનવ જૂથજી;
શું કરું જો શ્વસુર પક્ષમાં, રાખવું છે સુખજી.
આકાશ અવની એક થાશે, એવો નીપજશે ધંધજી;
અગ્નિ કેરી જ્વાળા ધૂમ્રમાં, અસુરો થાશે અંધજી.
સહાયે થાશે શામળિયો સબળો, છૂટશે બંધજી;
કૃષ્ણ આવી બાણાસુરના છેદશે સઘળા સ્કંધજી.

મારા સમ જો સુંદરી તમે, ઝાંખો કરો મુખ ચંદ્રજી;
બંધનથી દુઃખ દે છે ઘણું, તારી આંખના અશ્રુબુંદજી.
એમ આસના-વાસના કરીને, રાખ્યું ઓખાનું મનજી;
ત્યાર પછી ત્યાં શું થયું, તે સાંભળો રાજનજી.
પછી ભવાનીનું સ્મરણ કરીને, બાળક લાગ્યો પાયજી;
ભગવતી ભવતારિણી, આવી કરજે સહાયજી.

અનિરુદ્ધ માતાજીનું સ્મરણ કરે છે - નારદજી અનિરુદ્ધને આશ્વાસન આપે છે

મા તું બ્રહ્માણી, તું ઈન્દ્રાણી, તું કૃષ્ણા;
સ્થાવર જંગમ સચરાચર, મૃગ ઉપર જેમ તૃષ્ણા.
દૈત્યને પાતાળ ચાંપ્યો, રક્તબીજ રણે રોળ્યા;
શુંબ નિશુંભ મહીષાસુર માર્યો, ચંડમુંડ ઢંઢોળ્યા.
ધુમ્રલોચનને હાથે હણિયો, મધુકૈટભને માર્યા;
અનેક રૂપ ધર્યા તેં અંબા, સુરીનર પાર ઉતાર્યા.
ઓ હીંગરાજ, હીંગોળી માતા, કોઈલાપુર તે કાળી;
આદ્ય ઈશ્વરી તું છે અંબા, શંખલપુર બહુચરબાળી.
નગરકોટની તું સીંધવાઈ, બગલામુખી લાગું પાય;
રાણી રૂડી ઊંટવાળી માતા, બિરાજતી દક્ષિણ માંય.
અન્નપૂર્ણા ભૈરવી ત્રિપુરા, રેણુકા છત્રાસંગી;
રાજેશ્વરી ચામુંડા માત, દુઃખહરિણી માતંગી.

એવી રીતે સ્મરણ કીધું, તતક્ષણ ભવાની આવી;
અનિરુદ્ધને માએ કહ્યું, તેં બાળક કેમ બોલાવી?
અનિરુદ્ધ કહે સાંભળો માતા, મારું દુઃખ કહ્યું નવ જાય;
સરપ કેરા ઝેરથી, મારી ઘણી બળે છે કાય.
ભવાનીએ પ્રસન્ન થઈને, ઝેર કર્યું સરવે નાશ;
પછી અંતરધ્યાન થયા માત, બાળકની પહોંચી આશ.
એવામાં નારદ આવ્યા, બ્રહ્માના કુમાર;
જુવે તો કારાગૃહમાં, અનિરુદ્ધ વરસાવે જળધાર.
નારદ કહે અનિરુદ્ધને, મારું સંકટ કાપો;
રૂડી વહુ તમે પરણ્યા, માટે મુજને દક્ષિણા આપો.
તમને દક્ષિણાની પડી ને, જાય છે મારા પ્રાણ;
શરીર ધ્રૂજે અતિ ઘણું ને, બોલી શકે ન વાણ.
શીદ બીહે પરાક્રમી તું, બોલ્ય મુંજ સંગાથ;
બાણાસુરની વર્યો પુત્રીને, જઈ પૃથ્વીમાં પ્રખ્યાત.
દીપાવ્યો વંશ વાસુદેવનો, બંધાયે લાંછન શુંય;
કાલે માધવને મોકલું, દ્વારકામાં જાઉં છું હુંય.
ઊડળમાં તે આભ ઘાલ્યું, અંતરમાં શે ન ફૂલે;
ઘોડે તે ચડે તે પડે પૃથ્વી પરે, ભણે તે નર ભૂલે.
વલણ : અંતર શે ન ફૂલ્યો જોદ્ધા, મુકાવશે ભગવાન રે;
અનિરુદ્ધની આજ્ઞા લઈ, ઋષિ થયા અંતરધ્યાન રે.

પ્રકરણ ૬૭ મું

અનિરુદ્ધ શામળિયાને સમરે છે

(રાગ : બિહાગડો)

દયા ના આવે પેલા દૈત્યપતિને, મહાબળિયો દુરમત્યજી;
બાકરી બાંધી દ્વિજવર સાથે, વેર વધાર્યું સત્યજી. દયા...૧
પાતળિયા પંકજ મુખ પિયુજીને, નાગપાશના બંધનજી;
બાંધી લીધો, બળે કરીને, કોમળ રૂપે કંથજી. દયા...૨
ધાજો રે ધરણીધર શ્રીવર, આપદા પામે નાથજી;
પુત્ર તમારા પર પ્રહાર કરે છે, દૈત્યનો આ નાથજી. દયા...૩
ભારે દળ કૌભાંડે મેલ્યું, વકર્યો બળિયો વીરજી;
તોય એ રણથી નવ ઓસરિયો, સાગરનું જેમ નીરજી. દયા..૪
ભેદ કરીને બાંધી લીધો, નાગપાશના બંધજી;
શ્વાસ ન માયે બહુ અકળાયે, સળગે આખું અંગજી. દયા...૫
તાપ સમાય નહિ સ્વામીને, કરું દેહનો પાતજી;
વાર લાગે લક્ષ્મીવર તમને, તો થાશે મહા ઉત્પાતજી. દયા..૬
કોમળ મુખ શ્રમથી સુકાયું, કન્યા કરે આક્રંદજી;
અનિરુદ્ધ સમરે શામળિયાને, કમળાવર ગોવિંદજી. દયા..૭
ત્રાહે ત્રાહે રે ત્રિકમજી, સુતની કરજો સહાયજી;
વિપદ વેળા વારે ચડીને, કરો ભક્તની રક્ષાયજી. દયા..૮

ગજગ્રાહથી મુક્ત પમાડ્યો, કીધી હરિશ્ચંદ્રની રક્ષાયજી;
દાનવકુળ નિકંદન કીધાં, કીધી પ્રહ્‌લાદની સહાયજી. દયા..૯
આજ આંખેથી આંસુડાં ચાલે, જાશે મારા પ્રાણજી;
સુખ શરીરે શાતા નહિ, અંગે લાગ્યો દવ નિરવાણજી. દયા..૧૦
મનસા વાચાએ વર કર્યો, અવર તે મિથ્યા જાણજી;
રૂપે અને ગુણવંતો સ્વામી, સત્ય કહું છું વાણજી. દયા...૧૧
તાત કઠોર દયા નહિ હૃદીએ, કોમળ મારાં કંથજી;
પ્રહાર કરીને બાંધી લીધો, શ્રીહરિ વળજો પંથજી. દયા...૧૨
કોણ સહોદર આવે અવસર, શોધ કરવાને જાયજી;
તાત ભ્રાતને જાણ નહિ, ને કોણ ઊડીને ધાયજી. દયા..૧૩
પિતા પિયુજીને વેરી રે દેખે, દુઃખ દે છે બહુ પેરજી;
નાગ તણા ફૂંફાડા હળાહળ, ફેરવી નાખે ઝેરજી.દયા...૧૪
હળાહળ અંગે અગ્નિ ઊઠ્યો, કંઠે પડિયો શોષજી;
પૂર્વ તણાં કર્મ આવી નડિયાં, કોને દીજે દોષજી. દયા...૧૫
પતિ પીડાએ કાયા પાડું, વિખ ખાઉં આ વારજી;
સ્નેહ ન જાણે રે કોઈ મનનો, સહુ પીડે ભરથારજી. દયા...૧૬
તાત તણે મન કોઈ નહિ, મુને સબળો લાગે સ્નેહજી;
છોરું પોતાનાં જાણી કીજે દયા, ન દીજે છેહજી. દયા..૧૭
બાણાસુર મહાપુરુષ જ્ઞાતા, જેથી ચૂક ન થાયજી;
બાળક ઉપર હાથ શો કરવો, કદાપિ હોય અન્યાયજી. દયા..૧૮

વહાલો થઈને વેર જ વાળે, શું નથી આવતી લાજજી;
નીચ પદાર્થ, નથી કુળ નીચું, કૃષ્ણ કુંવર મહારાજજી. દયા..૧૯
નીચું નાક ન હોય એથી, નિરર્થક શો સંગ્રામજી;
મોટા સાથે વિરોધ ન કરીએ, નહિ નિર્બળ હળધર-શામજી. દયા૨૦
સકળ પૃથ્વી સાકે ચઢાવી, અસુરનો ફેડ્યો ઠામજી;
વેર વધારી વિઠ્ઠલ સાથે, ક્યાં કરશો સંગ્રામજી. દયા..૨૧
જુદ્ધ સામે આકાશે રહીને, જુવે છે નારદ દેવજી;
ભય મા આણીશ એમ જાણું દ્વારામતી, ને જુદ્ધ કરીશું તતખેવજી. દયા.૨૨
નિર્ભય કરી વીણાધર ગયા, પરવરિયા આકાશજી;
પહોંચી દ્વારિકા ઊતરી હેઠા, ભેટ્યા શ્રી અવિનાશજી. દયા..૨૩
વલણ : ભેટ્યા શ્રી અવિનાશને, કુશળ વાર્તા પૂછી વળી;
કહે નારદ અનિરુદ્ધ, રાખ્યો કારાગૃહમાં દૈત્યે મળી રે.

પ્રકરણ ૬૮ મું

નારદજી દ્વારિકામાં - નારદ - શ્રીકૃષ્ણ વચ્ચે વાર્તાલાપ

(રાગ : ધનાશ્રી)

શુકદેવ કહે પરીક્ષિતને, બાંધ્યા તે જાદવ ઓધવજી;
હવે દ્વારિકાની કહું કથા, જાદવ કરે શોધાશોધજી.
હીંડોળા સહિત કુંવર હરિયો, છોડી ગયું કોઈ દોરીજી;
હાહાકાર થયો પુર મધ્યે, અનિરુદ્ધની થઈ ચોરીજી;
અતિ અતિ આક્રંદ કરે છે, મળ્યું વનિતાનું વૃંદજી;
રુકમણી, રોહિણી, દેવકી, સરવે કરે આક્રંદજી.
જાદવ કહે છે માધવને, શું બેઠા સ્વામીજી;
વિચાર કરીને વિલંબ ન કીજે, કુળને આવી ખામીજી.
વસુદેવ કહે શામળાને, શું બેઠા છો ભૂપજી;
વિચારો ક્યાં જળમાં બૂડ્યો, ક્યાં ગયો કુંવર અનુપજી.
ઉગ્રેસન કહે અચરજ મોટું, કોણે હર્યો હીંડોળોજી;
દેવ દૈત્ય રાક્ષસનું કારણ, તે ખપ કરીને ખોળોજી.
જાદવજીને જદુનાથ કહે છે, ભાઈ શાને કરો છો શ્રમજી;
ગોત્રદેવીનું ગમતું થાશે, કુંવર હરાયાનું કર્મજી.
અગિયાર વરસ ગોકુળ સેવ્યું, મામાજીને ત્રાસેજી;

પ્રદ્યુમનને શંખ હરી ગયો, આવ્યો સોળમે વરસેજી.
તેમ અનિરુદ્ધ આવશે, સાચવશે કુળદેવીજી;
કૃષ્ણે કુટુંબને રોતું રાખ્યું, આશા દીધી એવીજી.
પાંચ માસ વહી ગયા ને, જાદવ છે મહા દુ:ખીજી;
શોણિતપુરથી કૃષ્ણ સભામાં, આવ્યા નારદ ઋષિજી.
હરિ સાથે જાદવ થયા ઊભા, માન મુનિને દીધુંજી;
આનંદ આસન આપ્યું ને, ભાવે પૂજન કીધુંજી.
નારદની પૂજા કરીને, હરિએ કર્યા પ્રણામજી;
કહો મુનિવર ક્યાંથી પધાર્યા, અમ સરખું કોઈ કામજી.
કર જોડી નારદ કહે છે, સાંભળો જુગજીવનજી;
પુત્ર તમારા સર્વનું મારે, કરવું છે દર્શનજી.
મારા જોતાં પુત્ર, સર્વને સાથે તેડાવોજી;
એક લાખ અડસઠ હજાર, એ સૌ આગળ આવેજી.
સર્વે પુત્રના સામું જોઈને, પૂછે છે નારદજી મુનિજી;
આટલામાં નથી દીસતો, પ્રદ્યુમનનો તનજી.
ભગવાન કહે છે નારદજીને, કંઈ તમે જાણો ભાળજી;
ઘરમાંથી જતો રહ્યો છે, પ્રદ્યુમનનો બાળજી.
નારદ કહે છે હું શું જાણું, તમો રહો છો સાગર બેટજી;
જેને ઝાઝા દીકરા, તેને દેવની વેઠજી.
ત્યારે ભગવાન કહે નારદને, પુત્ર વિના કેમ રહેવાશેજી;

ત્યારે નારદ કહે, પ્રશ્નમાં આવશે એવું કહેવાશેજી.
પછી આસન વાળી, દીધી તાળી, નાક ઝાલ્યું મુન્યજી;
વેઢા ગણીને નારદ કહે, સાંભળો જુગજીવનજી.
તમારા પુત્રનું એક નારીએ, કર્યું છે હરણજી;
ત્યારે હરિ કહે દ્વારિકામાં, આવે તે તો પામે મરણજી.
નારદ કહે છે સુણો શામળા, સંભળાવું એક વાતજી;
મારી એવી પ્રતિજ્ઞા છે, જૂઠું ન બોલું જાતજી.
શોણિતપુર એક નગર છે, તેમાં બાણાસુરનું રાજજી;
પ્રસંગે હું ત્યાં ગયો તો, મારે કંઈ એક કાજજી.
રાજા બાણની પુત્રી ઓખા, તેને હતું સ્વપ્નજી;
અનિરુદ્ધ સહેજે વરી ગયો, તેનું વિહવળ થયું મનજી.
ચિત્રલેખા ચતુર નારી, વિધાત્રીનો અવતારજી;
તે આવી, દ્વારિકામાં, પછી મન કર્યો વિચારજી.
કઠણ કામ કરવું છે મારે, એકલડાનું નહિ કામજી;
મારું તેણે ધ્યાન ધરિયું, હું આવ્યો તેને ઠામજી.
મેં તો તામસી વિદ્યા ભણાવી, ઊંઘ્યું બધું ગામજી;
અનિરુદ્ધને લઈ તે ગઈ ને, ઓખાનું થયું કામજી.
કઈ પેરે તે લઈ જાયે, એમ બોલ્યા શ્રીજગદીશજી;
ચક્ર મારું ઊંઘે નહિ ને, છેદી નાખે શીશજી.
ચક્રનો વાંક નથી ને, એ નિસર્યું હતું ફરવાજી;

અમ સરખા સાધુ મળ્યા, તેણે બેસાડ્યું વાતો કરવાજી.
ભગવાન કહે છે શાબાશ નારદિયા, એવાં તારાં કામજી;
માથા ઉપર ઊભો રહીને, ભલું કરાવ્યું કામજી.
નારદ કહે છે કૃષ્ણજીને, મેં નથી કર્યો અન્યાયજી;
જોયા પછી તમે જાણશો, ઘણી ફૂટડી છે કન્યાયજી.
મહારાજ જેણે ભોગવી છે, બાણાસુરની બાળજી;
દસ લાખ દૈત્યનો એકી વારે, પુત્રે આણ્યો કાળજી.
શિવનો વર સાચો કરીને, ગયો અસુરને હાથજી;
હમણાં તમારા પુત્રની, ઘણી દુઃખની છે વાતજી.
ઊંધે મસ્તક બાંધ્યા છે ને, તળે લગાડ્યો અગનજી;
લીલા વાંસનો માર પડે છે, ભાગ્ય હશે જીવશે તનજી.
વાત સાંભળીને વધામણીના, વગડાવ્યાં નિશાનજી;
શામળા તત્પર થાવો હવે, જીતવો છે બાણજી.
તે માટે તમને હું કહું વિઠ્ઠલજી, વહેલા તમે ધાઓજી;
જો પુત્રનો ખપ કરો તો, શોણિતપુરમાં જાઓજી.

પ્રકરણ ૬૯ મું

શ્રીકૃષ્ણ અનિરુદ્ધની સહાયે શોણિતપુર જાય છે

(રાગ : સારંગ)

કમળા તો કલ્પાંત કરે છે, હૈડે તે ઊઠી જ્વાળા;
જો મારો કુંવર કારાગૃહમાં બાંધિયો રે.
મારાને પાઘડી બાંધતા ન આવડે રે;
મારો અનિરુદ્ધ નાનેરું બાળ જો. મારો...
રુકમણીએ કૃષ્ણ તેડાવિયા રે;
તમે સાંભળો દીનાનાથ જો;
મારો બાળક અસુર ઘેર બાંધિયો રે;
તે તો કહી નારદજીએ વાત જો. મારા...
મારો બાળક અસુર ઘેર બાંધિયો રે;
તે તો કહી નારદજીએ વાત જો. મારા...
અનિરુદ્ધ બોલી નથી જાણતો રે;
તે તો શું જાણે જુદ્ધ કેરી વાત જો;
હીંડતા ચાલતાં અથડાઈ પડે રે;
અનિરુદ્ધ નાનેરું બાળ જો. મારો...
મારાને નિશાળે ભણવા નથી મોકલ્યો રે;

નથી સહ્યો અધ્યાપકનો માર જો;
પ્રભુએ અમને પુરુષ ન સરજાવિયા રે;
તો પહેલાં વઢવા જાત જો. મારો...
ત્યારે શ્રીકૃષ્ણે ગરુડ તેડાવિયા રે;
તે તો આવિયા તત્કાળ જો;
ભગવાન કહે છે ગરુડને રે;
તમે કેટલો સહેશો ભાર જો. મારો...
તમો છપ્પન કોટિ જાદવ જેટલા રે;
તે તો સર્વ થાઓ અસવાર જો;
તમે સાંભળો કૃષ્ણ કોડામણા રે;
મારા અંગ તણા રખેવાળ જો. મારો...
મુજ ઉપર ચડે બધી દ્વારિકા રે;
તોયે મુંજને ન આવે આંચ જો;
છયાસી જોજનની મારી પંખના રે;
ત્રણ જોજનની મારી ચાંચ જો. મારો...
પછી ગરુડે ગોવિંદ પરવાર્યા રે;
ત્યારે ગડગડિયા નિશાન જો;
પંખના વાગી જયારે ગરુડની રે;
ત્યારે નાસી ગયા સર્વે સરપ જો. મારો...
મારા કુંવરને છોડાવવાને રે;

આવી પહોંચ્યા સારંગપાણિ જો;
શ્રીકૃષ્ણ વાડીમાં ઊતર્યા રે;
તેના કોણ કરે રે વખાણ જો. મારો...
વલણ: કૃષ્ણ વાડીમાં ઊતર્યા, માંગ્યું રાયનું વન રે;
ગરુડને આજ્ઞા આપી, મુકાવી લાવો તન રે.

પ્રકરણ ૭૦ મું

ગરુડ અનિરુદ્ધને શ્રીકૃષ્ણ પાસે લઈ આવે છે

(રાગ : ઢાળ)

ગરુડ ત્યાંથી પરવર્યો, એક નદી આવી અશેષ;
તેમાં તેણે ચાંચ બોળી, પાણી પીધું વિશેષ.
ત્યાંથી આઘેરો પરવર્યો, જ્યાં ધગધગતા અંગાર;
પાણી પેલું પીધું હતું તે, ઠાલવ્યું તે ઠાર.
ત્યાંથી આઘેરો પરવર્યો, જ્યાં ભૂત ને પ્રેત;
પાંખે મારી પાડિયાં, કીધાં સર્વે અચેત.
ત્યાંથી આઘેરો ચાલિયો, કુંવરને કોટે નાગ;
નાના ને આખા ગળ્યા, મોટાના કર્યા બે ભાગ.
ભલું થજો ભગવાન તમારું, પૂરણ પામ્યો આહાર;
કુંવરને મુકાવી લાવ્યો, જ્યાં જુગદાધાર.
ઓધવ ને અક્રૂર બે હસિયા, ભલા કૃષ્ણના તન;
તમે આવ્યા પરણવાને, ન અમને લાવ્યા સંગ.

પ્રકરણ ૭૧ મું

શ્રીકૃષ્ણ અનિરુદ્ધને સલાહ આપે છે

(રાગ : ઢાળ)

આણી વાતે કુંવર મારા, શરમાણા નવ થઈએ;
મારી વાતો તુજને કહું, રાખ તારે હૈયે.
કુબજા પેલી રાંટી ટુંડી, કંસરાયની દાસ;
મારા મનમોં તે ગમી, બેસાડી રાખી આવાસ.
નરકાસુરને મારીને, સોળ હજાર લાવ્યો તરુણી;
તારા સમ જો એમાં મુજને, એકે નથી પરણી.
તારી માને જઈને લાવ્યો, બાંધવને બંધાવી;
જાંબુવતી રીંછડી તેને, માનીતી કહી બોલાવી.
તું મારો દીકરો, ધન્ય તારી માનું પેટ;
બીજા સર્વે દીકરા તે, દેવ કેરી વેઠ.
આપણા કુળમાં ચાલ્યું આવ્યું, શરમાણા નવ થઈએ;
રૂડી નારી દેખીએ તો, હરણ કરી જઈએ.
ઓધવ ને અક્રૂર બે હસિયા, ખડખડ કાઢ્યા દાંત;
રૂડી શિખામણ છોકરાને, દ્યો છો જાદવનાથ.
આવી શિખામણ અમારા છોકરાને, જો દેશો તમે શ્યામ;
તો તો મૂકવું પડશે, જરૂર દ્વારકા ગામ રે.

કડવું ૭૨ મું

શ્રીકૃષ્ણ - બાણાસુર વચ્ચે વાર્તાલાપ

(રાગ : જેજેવંતી)

શ્રીકૃષ્ણે જાદવ મોકલ્યો, શોણિતપુરમાં જાય;
જઈને કહેજો બાણાસુરને, પરણાવો કન્યાય. શ્રીકૃષ્ણે...
હોંશ હોય તો જુદ્ધે આવો, તેમાં નથી અમારી નાય;
જાદવ ત્યાંથી સંચર્યો, આવ્યો અસુરસભાની માંય. શ્રીકૃષ્ણ...
સાંભળને રાજા વિનંતી, આવ્યા છે વૈકુંઠનાથ;
દીકરી પરણાવી ચરણે લાગો, નહિ તો જુદ્ધ કરો અમ સાથ...
બાણાસુરને મહાદુઃખ લાગ્યું, નેત્રે વરસી અગન;
નીચ જાદવને જોઈએ મારી, કુળવંતી એ તન. શ્રીકૃષ્ણે...
એ ભરવાડો, એ પીંઢારો, ગોકુળમાં ચારી ગાય;
માર્યા વિના મૂકું નહિ, થનાર હોય તે થાય. શ્રીકૃષ્ણ...
સેના લઈને રાજા ચાલ્યો, જોદ્ધાનો નહિ પાર;
હસ્તિઘોડા ને સુખપાલો, બાંધ્યાં બહુ હથિયાર. શ્રીકૃષ્ણ...
ખડગ ખાંડા ને તંબુર ઝોર, ગોળા હાથને નાળ;
ત્રિશૂળ સાંગ ને મુદગર ફરસી, તોમર ને ભીંડીમાળ. શ્રીકૃષ્ણ...
લાલ લોહમય ઝળકે હાથ ધરી તલવાર;
જોદ્ધા જોર કરતા મારો માર. શ્રીકૃષ્ણ...

કો જોજન બે જોજન ઊંચા, કોને સમ ખાવા નહિ શીશ;
વિકરાળ દંત દેખાડીને, વળી પાડે ચીસ. શ્રીકૃષ્ણ...
બુમરાણ કરતા આવી પડિયા; જાદવની સેન્યા માંહ્ય;
ગિરધારીને ઘેરી લીધા, પડે બાણાસુરના ધાય. શ્રીકૃષ્ણ...
પરિઘ ત્રિશૂલે પડે કોવાડા, મુદગર ને વળી ફરશી,
સંગ્રામ સહુ સૈન્યા કરે, આયુધ ધારા રહી વરસી. શ્રીકૃષ્ણ...
જગદીશે જાદવ હલકાર્યા, કર ધનુષ્ય બાણ ને તીર;
તૂટે કુંભસ્થળ, તૂટે દંતશૂળ, ચાલે નીર રૂધિર. શ્રીકૃષ્ણ...
બહુ ભડ ત્યાં પડવા લાગ્યા, ગળને ભડાકે;
વાંકડી તલવારો મારે, ખડગને ઝાટકે. શ્રીકૃષ્ણ...
તૂટે પાખર ને બખ્તર; કીધો કચ્ચરઘાણ;
સર્વ જોદ્ધાઓને મારી કરીને, પાછા વળ્યા ભગવાન. શ્રીકૃષ્ણ...
વલણ : પૂરણ પુરુષોત્તમ પાછા વળ્યા, કરી અસુરનો નાશ;
સૈન્યમાં આવી કરીને, શંખનો કર્યો નાદ રે.

પ્રકરણ ૭૩ મું

બાણાસુરે કૃષ્ણને યુદ્ધ માટે સાદ દીધો

(રાગ : મારુ)

શંખ શબ્દ તે વિકરાળ, રિપુ દૈત્યને વિદારનાર;
શ્રીકૃષ્ણ આવ્યા તે જાણ થયું, બાણ પરાક્રમ તે ક્યાં ગયું.
અનિરુદ્ધ કહે પણ સુંદરી, શંખ જણાયો આવ્યા હરિ;
છૂટ્યા બંધ તે આજ થકી, ઓ ગાજે હળધર સાત્યકી.
બોલે પ્રદ્યુમન મોટે સ્વરે, બાણ હાથ છેદાય ખરે;
ગોવિંદની ગત્ય ન જાએ કળી, જાદવ સેના આવી મળી.
જાદવ સૈન્યાએ ચાપ્યો દેશ, મંત્રી કહે ઊઠો નરેશ;
અનુચર આવ્યો તે લાવ્યા વાત, કહે દ્વાર દીસે ઉતપાત.
મંત્રીને કરી નેત્રની સંજ્ઞા, જઈ સેનાને આપો આજ્ઞા;
દુંદુભી નાનાવિધ ગડગડે, આયુધ ધારીને યુદ્ધે ચઢે.
ત્યાં નૃપ થયા તૈયાર, સેના સજી ટોપ જીવ રાખી;
ધરી ત્રિશૂળ ને બખ્તર પાળ, ડચકારે ઘોડા દે ફાળ.
મોરડે મણિ ફૂમતાં લટકે, પોતાના પડછાયા દેખી ભડકે;
વાંદરા વાદે નાચતા, ઘૂંટે ઊંટ ઘોડા ને પાણીપંથા.
કાબરો ને કલંકી, કુમેદ લીલા ને પચરંગી;
હાંસીયો હણહણિયા જેહ, કાળા પછી કાબરો તેહ.
પીળા પાખેર પોપટ શ્વેત, વાયુવેગે માંકડિયા કેતક;

રથપાળા અસવાર અનંત, દીર્ઘ દીસે ને કરડે દંત.
પુરની પોળે સેના નવ માંય, હણો જાદવ કહેતા જાય;
ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરતી ધ્રુજાવે.
રીસે અંતરમાં હર ઘડે, રખે રાય બાણાસુર ચઢે;
ઝટકાર કરે બાણાસુર મલ્લ, પૃથ્વી થઈ ઉથલ.
ગર્જના કીધી મુખથી ભૂપાળ, ખળભળ્યા ત્યારે સાત પાતાળ;
બ્રહ્મલોક સુધી પહોંચ્યો નાદ, બાણે કૃષ્ણને દીધો સાદ.
ગરુડ આસન આવ્યો ખેપ કરી, નહિ જાવા દઉ કુશળો ફરી;
ઉન્મત જાદવ ઉછાંછળા, સકળ સંસારે બહુ આકળા.
કુંવારી કન્યા કપટે વર્યો, બોલાવે પાશ થાય પધારો;
કૂડું કરમ કીધું કુંવરે, વળી તું વઢવા આવ્યો ઉપરે.
ત્યારે હસીને બોલ્યા ભગવાન, અમો લઈ આવ્યા છીએ જાન;
જે વિધાતાએ કીધો સંબંધ, વરકન્યાના છોડો બંધ.
બાણાસુર બોલ્યો તત્કાળ, સંબંધ શાનો રે ગોવાળ;
એવી આપીશ પહેરામણી, સૌને મોકલીશ જમપુરી ભણી.
બાણાસુર જ્યારે બોલ્યો વ્યંગ, ત્યારે કૃષ્ણે લીધું સારંગ;
કડાઝુડ બે કટક થયાં, ઉઘાડાં આયુધ કરમાં ગહ્યા.
ફરસી તલવાર, કો કહાડે માથેથી ભાર;
ત્રિશૂળ તોમર ગદા ત્રિશૂળ, ગર્જ્યો હાથ ધરી મુશળ.
છપ્પન ક્રોડ જાદવ ગડગડે, દાનવ ઉપર તૂટી પડે;
દાનવ દળ બહુ પળાય, બાણાસુર દેખી અકળાય.

પ્રકરણ ૭૪ મું

બાણાસુર શ્રીકૃષ્ણને કડવા વેણ કહે છે

(રાગ : ઝુલણા છંદ)

અલ્યા જો પરો, જા નંદના છોકરા, વઢવાને તું શીદ આવ્યો;
નીચે ગોવાળિયા જાત કહાવ્યો, તું મારી સાથ નહિ જાય ફાવ્યો.
અલ્યા ગોકુળ માંહી ગાવલડી ચારતો, પનિહારી કેરા તું ચીર હરતો;
હાથમાં લાકડા ખાંધે હતી કામળી, મધુવન વિશે તું રે ફરતો.
સાંગ શ્રી સૂર્યતણી, તેજ ત્રિશૂળતણું, મારા હાથમાં તે તો ચળકે;
મારે ક્રોધે કરી ડોલે છે દેવતા, ધરણી ધ્રૂજે અને શેષ સળકે.

પ્રકરણ ૭૫ મું

શ્રીકૃષ્ણ બાણાસુરના બધા હાથ છેદે છે

(રાગ : ઢાળ)

એવી વાણી સાંભળતાં, કોપ્યા દીનદયાળ;
બાણાસુરના હાથ છેદ્યા, સ્વામી શ્રી ગોપાળ.
કોપ કરી પાઉ મેલ્યું, વળતું તેણી વાર;
બે હાથ રહ્યા છે બાણાસુરના, તેનો કહું વિસ્તાર.

રુધિર વહે છે બાણાસુરને, મન થયો નિરાશ;
મહાદેવજીએ હાથ આપ્યા, માટે ગયો કૈલાસ.
નારદ ચાલી આવિયા, જ્યાં બાણાસુરની માય;
તારા કુંવરના હાથ વાઢ્યા, કહો વલે શી થાય?

પ્રકરણ ૭૬ મું

બાણાસુરની પત્નીનું વર્ણન

(રાગ : ગુર્જરી)

શુકદેવ કહે છે વાત, વેવાણ આવિયાં રે,
જેની જોવા સરખી જાત, વેવાણ...
માથે કેશ વાંસની જાળ, વેવાણ આવિયા રે;
જેનું નેત્ર સરોવર પાળ, વેવાણ...
જેના સુપડા જેવા કાન, વેવાણ...
જેનું મસ્તક ગિરિ સમાન, વેવાણ...
એની આંખ અંધારા કૂપ, વેવાણ...
જેનું મુખ મસત્ક ગિરિ સમાન, વેવાણ...
હળદાંડી જેવા દંત, વેવાણ...
દીઠે જાએ ન ેનો અંત, વેવાણ...

એના સ્તન ડુંગર શાં ડોઝા વેવાણ...
કાને ઘાલ્યા છે હાથીનાં હોજાં, વેવાણ...
કોટે ખજુરાના તનમનિયા, વેવાણ...
કાને ઊંટના ઓગનિયા, વેવાણ...
પગે રીંછ કલ્લાં વિકરાળ, વેવાણ...
બળતી સઘડી મૂકી માથે વેવાણ...
જેની પીઠ ડુંગરશાં ડોઝાં વેવાણ...
એના મસ્તકમાં ફરે રોઝાં, વેવાણ...
કોટડા આવી જયાં મોરાર વેવાણ...
કુંવરે સાસુ ખોળી સાર. વેવાણ...

પ્રકરણ ૭૭ મું

બાણાસુરની પત્ની શ્રીકૃષ્ણને કરગરી

(રાગ : ગુર્જરી)

કોટડા કહે છે કરગરી, બાપને ચાંપ્યો પાતાળ;
હવે તો હદ થાય છે, પ્રભુ એ છે તમારો બાળ.
કરુણાસાગર કૃપાનિધિ, ક્ષમા કરો આ વાંક;
દીન જાણી દયા કરો, એ છે તમારો રાંક.
ચક્ર ચતુરભુજે પાછું તેડ્યું, કરુણા કરી જગન્નાથ;
નવસો છન્નુ કર છેદી નાખ્યા, રાખિયા ચાર હાથ.
રુધિરભર્યો આંસુ ગાળતો, આવિયો શિવની પાસ;
એમ કહીને પાયે લાગ્યો, સાંભળો પતિ કૈલાસ.
એક મારી વિનંતી, તમે સાંભળો જગદીશ;
સાંભળી કોપે ભરાયા, પોતે ઉમિયા ઈશ.
વલણ : મનમાં રીસ ચઢી ઘણી, તમે સાંભળો રાજકુમાર રે;
સદાશિવ યુદ્ધે ચઢ્યા, તેથી ધરા ધ્રુજી અપાર રે.

કડવું ૭૮ મું

શ્રીકૃષ્ણ - શિવનો સંવાદ અને યુદ્ધ

(રાગ : સાગર)

એ ભરવાડો, એ પીંઢારો ગોકુળમાં ચારી ગાય;
મારા આપ્યા હાથને, તે છેદીને ક્યાં જાય?
બડબડતા ગણેશ ચાલ્યા, ઉંદરડા પર અસવાર;
મોર ઉપર સ્વામી કાર્તિક, ચાલ્યા શંકરના કુમાર.
સિંહ ઉપર વીરભદ્ર ચાલ્યા, વૃષભ ઉપર શિવરાય;
સેના બહુ ભેળી કરી, કહું તેનો મહિમાય.
ડાકણ ચાકણ ભૂત અને પિશાચ વંતર;
દડુક ચાલે ભૂતડા જેનાં હલ્લાં સરખાં ગાત્ર.
હરિ જઈ કૃતવર્માને કહે છે, મહાદેવને સમજાવો;
આ શું ઉપરાણું કરી, જોગીડો વઢવા આવ્યો.
શંકર મુખથી બોલ્યા, આવી લાગી મનમાં ઝાળ;
સનમુખ આવી ઊભા રહી, માંહે ભાંડે ગાળ.
હે કાળા અર્જુનના સાળા, ભર્યા ઉચાળ જેહ;
મધ્ય રાતે મથુરાથી નાઠો, ગયો વિસરી તેહ.
મારી માસી પૂતનાને, દહીનાં લીધાં દામ;
મોસાળનું છેદન કરીને, થઈને બેઠો રાજન.

તું અહીરડામાં અવતર્યો, નથી વાત મારી અજાણી,
ત્યારે શંર પ્રત્યે કોપ કરીને, બોલ્યા સારંગપાણિ.
મડે મસાણે ફરતો હીંડે, રાખ ચોળે અંગ;
આક ભાંગ ધતુરો ચાવે, નફ્ફટ તારા ઢંગ.
ડાકણ શાકણ ભત પ્રેત, ને નીચ સંગે રહેતો;
બળદ ઉપર ભાર મૂક્યો, ઘરમાં ન મળે ઘોડો.
રાત-દહાડો બાવો થઈને ફરતો, ઘરમાં રોતી નારી;
કૃષ્ણ પ્રત્યે કોપ કરીને, બોલ્યા છે ત્રિપુરારી.
અલ્યા છોકરીઓની છાશ પીતો, મરદ મટી થયો મહિયારી;
જગતમાં એવું કહેવાયું, કાનુડે કાંચળી પહેરી!
પરનારી શું ક્રીડા કરતો, કહેવાયો વ્યભિચારી;
ત્યારે શંકર પ્રત્યે કોપ કહીને, બોલ્યા દેવ મોરારી.
ભગવાન કહે હું વ્યભિચારી, મુને બધા વિશ્વે જોયો;
તું એવો સાધુ હતો, ત્યારે ભીલડીશું કેમ મોહ્યો?
વચન એવું સાંભળીને, કોપિયા શિવરાય;
કડાક લઈને ત્રિશૂળ માર્યું, થનાર હોય તે થાય.
ત્યારે શ્રીકૃષ્ણે મૂક્યું સુદર્શન, આવ્યા સામસામા ધાય;
માંહે માંહે યુદ્ધ કરે છે, બલ કહ્યું નવ જાય.
ગણપતિ ને કુંવર પ્રદ્યુમન, વઢતા બંને કુમાર;
વસુમાન ને બટુક ભૈરવ, કરતા મારામાર.

વીરભદ્ર ને બલરામ સામા, યુદ્ધ કરે માંહે માંહે;
શિવ ને શામળિયો વઢે; ત્યાં જોવા સરખું થાયે.
કાળ ભૈરવ કપાળ ભૈરવ, તૈક્ષણ ભૈરવ સાર;
સંહાર ભૈરવ ક્રોધ ભૈરવ, દંભ ભૈરવનો સાથ.
ઉગ્રસેન અને વીરસેન, બે જોદ્ધા કહેવાય;
આપ આપના ભીરું લઈને, યુદ્ધ કરે રણમાંય.
ભૂત પ્રેત પિશાચ વંતર, ડાકણ વગેરે ચૂસે;
અવળા પગે જેને ચૂડેલ કહીએ, રુધિર સહુનું ચૂસે.
કૃષ્ણ કેરા મારના ભાલા, વાગે ભચોભચ;
તલવારોની ધારોએ, કોનાં નાક વાઢ્યાં ટચ.
કોઈને અધમુઆ કીધા, હાથ તણી લપડાકે;
કોઈને માર્યા પાટુ પાની, ભોગળને ભડાકે.
જાદવ કેરા મારથી, બહુ ઝોળિયે ઘાલ્યા જાય;
કોઈને રણમાં રોળિયા, કોઈની થરથર ધ્રૂજે કાય.
પરિઘ ત્રિશૂળ તંબુર ફરસી, નાળ છૂટે સરસરાટ;
ગડગડતા ગોળા પડે, થાય બહુ ખડખડાટ.
અસ્થિ ચર્મ ને માંસની, બે પાળ બંધ ન થઈ;
સાગરને સંગમ મળ્યો, એમ રક્ત કેરી સરિતા વહી.
પાંડુરોગને હૈયે હોળી, ભગંદર કેરી જાત;
હરસ નારું ને પાઠું કહીએ, કરુણ તુલ્ય સનેપાત.

રોગતણો માર બહુ દેખી, જાદવ નાસી જાય;
રોગના વરસાદથી કોઈથી, ઊભું ન રહેવાય.
રોગના વરસાદથી, ચઢી હરિને રીસ;
તાવની ટોળી બાંધીને, છેદવા માંડ્યા શીશ.
વાત વાણી બોલિયો, રહેવાને આપો ઠામ;
તમે અમને પેદા કરીને, ક્યાં મારો ભગવાન?
પાપી તમે મૃત્યુલોકના, માનવીના લ્યો પ્રાણ;
તાવ વાણી કહે કથા સાંભળે, હરી કેરું જ્ઞાન.
મહારાજ ત્યાં અમે નહિ જઈએ, સાંભળો અશરણશરણ;
ચૈતર માસમાં સાંભળે, જે કોઈ ઓખાહરણ.
તેના સ્વપ્રાંતરમાં જાશો, તો છેદી નાખીશ શીશ;
તાવની વાણી સાંભળીને, બોલ્યા શ્રી જગદીશ.
ઓખાહરણ સાંભળે, મનભાવ કરીને જેહ;
તેને પીડો તો મારી નાખું એમાં નહિ સંદેહ.
તાવ કહે એક વાર સાંભળે, તે વરસમાં ન જાવું;
બે વાર સાંભળે તેને, દીઠેથી નાસી જાઉં.
ત્રણ વાર જે સાંભળે, તમારું જે જ્ઞાન;
તેને જનમ માંહે નવ પીડું, તમે સાંભળો ભગવાન.
ઓખાહરણ જે સાંભળે, તેનું ન લઈએ નામ;
કોલ લઈને સંચર્યા, ગયા કૈલાસ ધામ.

શુકદેવ કહે પરીક્ષિતને, તમે સાંભળો કહું રાય;
વળતાં ભાથા ભીડિયા, કૈલાસ કેરે રાય.
શસ્ત્ર એવાં કહાડિયાં, તેનો કોઈ ન પામે પાર;
ઈશ ને જગદીશ વઢતાં, કોઈ ન પામે હાર.
વજસ્ત્ર ત્યાં મેલિયું, પોતે શ્રી ત્રિપુરારી;
ત્યારે મોહાસ્ત્ર મેલિયું, સામા રહી દેવ મોરારી.
નાગાસ્ત્ર ત્યાં મેલિયું, સામા રહી ઉમિયાઈશ;
ગરુડાસ્ત્ર ત્યાં મેલિયું, પોતે શ્રી જગદીશ.
પર્વતાસ્ત્ર ત્યાં મેલિયું, સામા રહી શિવરાય;
વાવાસ્ત્ર ત્યાં મેલિયું, તેનું જોર કહ્યું નવ જાય.
સુદર્શન ત્યાં કહાડિયું, ક્રોધ કરી જગદીશ;
ત્યારે ત્રિશૂળને લઈ રહ્યા, પોતે ઉમિયા ઈશ.
એકે લીધો પોઠિયો ને, એકે લીધો ગરુડ;
ત્રિશૂળ ને સુદર્શન વળગ્યાં, તે આવ્યા કડાઝૂડ.
તેમાંથી અગ્નિ વરસે, બ્રહ્માંડ પ્રલય થાય;
શષનાગ સળકવા લાગ્યો, ભાર ન ખમે ધરાય.
બ્રહ્માણી કહે છે બ્રહ્માજીને, તમે સાંભળો નાથ,
શિવ ને શામળિયો વઢે, નારદે કીધો ઉતપાત.
રાડ જઈને ચૂકવો, તેમાંથી થાય કલ્યાણ;
હંસે ચઢીને બ્રહ્માજી આવ્યા, વિચારીને જ્ઞાન.

પ્રકરણ ૭૯ મું

બ્રહ્માએ કરાવેલ શ્રીકૃષ્ણ-શિવનું સમાધાન

(રાગ : ધનાશ્રી)

આ બેમાં કોને નિંદુ, તે સાંભળો શિવ રણછોડજી;
વિરોધને વેગળો મૂકીને, પૂરો ભગતના કોડજી.
શંકર કહે છે કૃષ્ણને, તમે ક્યારે આવ્યા ભગવાનજી;
હરિ હર બે કોટે વળગ્યા, દીધું ઝાઝું માનજી.
શિવે કૃષ્ણને તાળી મારી, બોલ્યાનો વિવેકજી;
વઢનારા તો કોઈ હશે, પણ આપણે એકના એકજી.
કૃષ્ણે ચક્રને પાછું લીધું, શિવે લીધું ત્રિશૂળજી;
બ્રહ્માએ આવી સમાધાન કીધું, થયું પૃથ્વીમાં શુભજી.
શિવે લઈને પાસે તેડ્યો, શોણિતપુરનો નાથજી;
અલ્યા તુજને ભુજ આપ્યા માટે, વઢવા આવ્યો મુજ સાથજી.
વળી હોંશ હોય તો યુદ્ધ કરો, શામળિયાની સાથજી;
મદ મત્સર અહંકારથી તેં, ખોયા હજાર હાથજી.
બાણાસુર કહે હવે વઢું તો, છેદે મારું શીશજી;
બાણાસુર શરણે ચાલ્યો, સાંભળો ઉમિયાઈશજી.
વલણ : મેં ખોયા હાથ હજાર, ને હવે શીશ છેદાવું રે;
જેમ તેમ કરીને જાન તેડાવો, પછી કન્યા પરણાવું રે.

પ્રકરણ ૮૦ મું

દ્વારિકાથી શ્રીકૃષ્ણના પરિવારને શોણિતપુર તેડાવ્યો

(રાગ : સોહિણી)

હરિ હર બ્રહ્મા ત્રણે મળ્યા, દુઃખ ભાગિયાં રે;
ત્યાં દાનવનું શું જોર, મળ્યા મન માનિયા રે.
બ્રહ્મા વિષ્ણુ શિવ ત્રણે એક છે, દુઃખ ભાગિયાં રે;
તેમાં તે શી વઢવાડ, મળ્યા મન માનિયા રે.
શિવ બાણે કૃષ્ણને નમાવીઓ, દુઃખ ભાગિયાં રે;
શીરરે કૃષ્ણે ફેરવ્યો હાથ, મળ્યા મન માનિયા રે.
કાપ્યા હાથની પીટા મટી, દુઃખ ભાગિયાં રે;
જ્યારે પ્રસન્ન થયા જદુનાથ, મળ્યા મન માનિયા રે.
હવે ગરુડને દ્વારકા મોકલો, દુઃખ ભાગિયાં રે;
તેડાવો સઘળો પરિવાર, મળ્યા મન માનિયા રે.
સોળ સહસ્ર એકસો આઠ પટરાણી, દુઃખ ભાગિયાં રે;
તેડાવો જાદવની નાર, મળ્યા મન માનિયા રે.
તેડી છપ્પન કોટિને ત્યાંય, દુઃખ ભાગિયાં રે;
વળી તેડો સહુ પરિવાર, મળ્યા મન માનિયા રે.
તે ગરુડ ઉપર સહુએ ચઢ્યાં, દુઃખ ભાગિયાં રે;
ત્યારે ગરુડની પાંખ ભરાય, મળ્યા મન માનિયા રે.

તેડી શોણિતપુરમાં આવિયા, દુઃખ ભાગિયાં રે;
આવી જાદવની સર્વે નાર, મળ્યા મન માનિયા રે.
જાનીવાસા આપ્યા મન માનતા, દુઃખ ભાગિયાં રે;
તેમાં ઊતર્યા છપ્પન કરોડ, મળ્યા મન માનિયા રે.

પ્રકરણ ૮૧ મું

અનિરુદ્ધને સ્નાન ને પીઠી ચોળાય છે

(રાગ : ધોળ)

પાર્વતીને પિયરનાં નોતરડાં રે, બેસવા તો રૂડાં લાવજો પાથરણાં રે.
તેડાવોને ઉદિયાચળ અસ્તાચળ રે, તેડાવોને વિંધ્યાચળ પીના ચળ રે;
વરરાયને નાવણ વેળા થાય રે, વરરાયને પીઠી ત્યાં ચોળાય રે.

પ્રકરણ ૮૨ મું

ઓખાબાઈને લઈ સંચરો

(રાગ : ગુર્જરી)

કૃષ્ણ કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
અનિરુદ્ધને તે લઈ સંચરો, રિવંતી જાગવું રે;
બળભદ્ર કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
અનિરુદ્ધને તે લઈ સંચરો, રૂકમણી જાગવું રે;
મહાદેવ કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
ઓખાબાઈને તે લઈ સંચરો, પાર્વતી જાગવું રે;
ગણપતિ કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
ઓખાબાઈને તે લઈ સંચરો, સુધ બુધ જાગવું રે;
બાણાસુર કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
ઓખાબાઈને તે લઈ સંચરો, બાણમતિ જાગવું રે;
કૌભાંડ કેરી તરુણી, નિદ્રા નવ પોઢશો રે;
ઓખાબાઈને તે લઈ સંચરો, રૂપવતી જાગવું રે;

પ્રકરણ ૮૩ મું

અનિરુદ્ધનો લગ્ન માટે તૈયાર કર્યો

(રાગ : ધોળ)

હલહલ હાથણી શણગારી રે, ઉપર ફરતી સોનાની અંબાડી રે;
તેના ઉપર બેસે વરજીની માફી રે, સોનેરી કોર કસુંબલ સાડી રે.
માથે મોડ ભમરિયાળો ઝળકે રે, ઉષ્ણોદકે વરને કરાવ્યું સ્નાન રે;
નાનાવિધનાં વસ્ત્ર પહેરાવ્યાં પરિધાન રે, કનક મેખલા પોંચીઓ બાજુબંધ રે.
અનુપમ ઊપજ્યો આનંદ રે, મુગટ મણિમય ધર્યો અનિરુદ્ધ શીશ રે;
ઝળકે ઝળકે ઉદય જવો દીસે રે, કસ્તૂરીનું તિલક કર્યું છે ભાલે રે.
વળતી તેને ટપકું કર્યું છે ગોરે ગાલે રે, હળાધરનો જશ બોલે બધા જન રે;
જાદવ સહિત બધા શોભે છે જુગજીવન રે; સાત પાંચ સોપારી શ્રીફળ અપાય રે;
વરજીને તો ઘોડીની વેળા થાય રે.

પ્રકરણ ૮૪ મું

અનિરુદ્ધ લગ્ન કરવા ઘોડેસવાર થઈને જાય છે

(રાગ : દેશી ઘોડલીનો)

હારેઅનિરુદ્ધ ઘોડની, અંતરિક્ષથી ઊતરી, પૂજીએકુમ્કુમ્ફૂલે;
ચંચળ ચરણે ચાલતી રે, એનું કોઈ ન કરી શકે મૂલ.
મોરડ મોતી જડ્યા રે, હીરા જડિત પલાણે;
રત્નજડિત જેનાં પૈગડાં રે, તેના વેદ કરે છે વખાણ.
અંગ જેનું અવનવું રે, ઝળકે ઝાકઝમાળ;
ઝબુકે જેમ વીજળી રે, તેને કંઠે છે ઘુઘરમાળ.
દેવ દાનવ માનવી રે, જોઈ રહ્યા સુંદર શ્યામ;
થનક થનક ચાલતી રે, એનું પંચકલ્યાણી છે નામ.
રૂપવંતી ઘોડી ઉપર રે, અનિરુદ્ધ થયા સવાર;
પાનનાં આપ્યાં બીડલાં રે, શ્રીફળ ફોફળ સાર.
હીંડે હળવો હાથિયો રે, ઊલટ અંગ ન માય;
સુરીનર મુનિજન જાએ વારણે રે, આગળ ઈન્દ્ર રહ્યા છડીદાર.
સનકાદિક શિર છત્ર ધરે રે, નારદ વીણા વાય;
ચંદ્ર સૂરજ બેઉ પેંગડે રે, આગળ વેદ ભણે બ્રહ્માય.
વાજાં છત્રીસ વાગતાં રે, નગર અને પરદેશ;
લોક સર્વે જોવા મળ્યું રે, શોણિતપુર દેશ.

રાયે નગર સોવરાવિયું રે, સોવરાવી છે વાટ;
ધજા પતાકા ઝળહળે રે, જશ બોલે બંદીજન ભાટ.
દેવ સરવરે તે આવિયા રે, જશ બોલે બંદીજન જાચક;
ત્યાં તો બહુ જાચતા રે, જેને હીંડોળે નિરધન.
રામણ દીવો ઈચ્છે રુકમણી રે, લૂણ ઉતારે એની ધીર;
ગાન કરે છે અપ્સરા રે, ત્યાં તો જોવા ઈચ્છે જદુવીર.
એવી શોભાયે વર આવ્યો રે, ત્યાં તોરણે ખોટી થાય;
વરરાયને સાળો છાંટે છાંટણા રે, મળી માનુની મંગળ ગાય.
ધુસળ મુસળ રવઈઓ રે, સરિયો સંપુટ ત્રાક,
ઈંડી પીંડી ઉતારતાં રે, વરને તિલક તાણ્યું નાક.
નીચે અપ્સરા ઈન્દ્રની રે, નારદ તંબૂર વાય;
મધુર વીણા વાજતી રે, એવો આનંદ ઓચ્છવ થાય.
પુંખવા આવી પ્રેમદા રે, માથે મેલી મોડ;
રામણ દીવો ઝળહળે રે, રૂકમણીએ ઘાલ્યો મોડ.
ગળે ઘાટ ઘાલી તાણિયા રે, આવ્યો માંહ્યરા માંહ્ય;
આડા સંપુટ દેવરાવિયા રે, ત્યાં વરત્યો જૈ જૈ કાર.
ઘોડી ગાય ને સાંભળે રે, તેને ગંગા કેરું સ્નાન;
વાંઝિયો પામે પુત્ર રે, નિરધનીઓ પામે ધન.

પ્રકરણ ૮૫ મું

વડીલોની હાજરીમાં ઓખા-અનિરુદ્ધનાં થતાં લગ્ન

બાણાસુર પખાળે ચરણ, શોભા ઘણેરી રે;
ત્યાં તો બાણમતિ મંગળ ગીત ગાય, શોભા...
ત્યાં તો પહેલું મંગળ વરતાય, શોભા ઘણેરી રે;
પહેલે મંગળ સોનાના દાન અપાય, શોભા...
દાન લે છે કૃષ્ણનો સંતાન, શોભા ઘણેરી રે;
ત્યાં તો બીજું મંગળ વરતાય, શોભા...
બીજે મંગળ ધેનુના દાન અપાય, શોભા ઘણેરી રે;
ત્યાં તો ત્રીજું મંગળ વરતાય, શોભા...
ત્રીજે મંગળ હસ્તિના દાન અપાય, શોભા ઘણેરી રે;
દાન લે છે કૃષ્ણનો સંતાન, શોભા...
ત્યાં તો ચોથું મંગળ વરતાય, શોભા ઘણેરી રે;
ચોથા મંગળે કન્યાનાં દાન અપાય, શોભા...
ત્યાં તો વરતાયાં છે મંગળ ચાર, શોભા ઘણેરી રે;
આપે ગરથ સહિત ભંડારા, શોભા...
લાવે બાણમતિ કંસાર, શોભા ઘણેરી રે;
ત્યાં તે પીરસે છે ચાર વાર, શોભા...

ત્યાં તો આરોગે નરનાર, શોભા ઘણેરી રે;
ત્યાં તો દુધડે સ્નાન કરાય, શોભા...
સૌભાગ્યવંતી બોલાવે, શોભા ઘણેરી રે;
ઓખા સૌભાગ્યવંતી કહેવડાવે, શોભા...
ઓખા અનિરુદ્ધ પરણીને ઊઠ્યાં, શોભા ઘણેરી રે;
ત્યાં તો જાનૈયે મેરુ ત્રુઠ્યા, શોભા...

પ્રકરણ ૮૯ મું

વિવિધ ભોજનનું શબ્દચિત્ર

બાણાસુર ગોરડી નોતરે, સૌ કોઈ સાથશું રે;
સાથે જમણની રીત, હળધર ભ્રાત શું રે.
શ્રીકૃષ્ણ કરે પ્રણામ, હળધર ભ્રાતશું રે;
તમો ગોરડી વેળા પધારજો, સૌ કો આવજો રે.
સાથે માણસની તે રીતે, ગમે તેને લાવજો રે;
વેવાણ ઘરમાં ગઈ, જયાં વરની માવડી રે.
તેના કુમકુમ રોળ્યા પાય, જઈ પાયે પડી રે;
અનિરુદ્ધની માવડી બોલિયાં, રીત અમારડી રે.
ગોરડી મનાવીને ચાલિયાં, મન શું માલતાં રે;
હાલ હાલ કરો રસોઈ, રાંધણ ચાલતાં રે.
રસોઈ બહુ પ્રકારની, ગણતાં નવ લહું રે,
કાંઈ વસ્તુ અનેક, ગણતાં સહુ કહે રે.
જાદવ કેરી જોડ સહુકો, માથશું રે;
આવ્યા કૃષ્ણ મહારાજ, છપ્પન કોડશું રે.
વેવાઈની વાત, કાંઈક સાંભળી રે;
ભોજન કરવા ઠામ, જુગતીઓ ભલી રે.
આજ્ઞા આપી રાય, સહુકો બેઠા થયાં રે;

એ તો સ્નાન કરી, મંદિરમાં ગયાં રે.
સ્મરણ કીધું નાથનું, બેઠો બેસણે રે;
નવ જોબનવંતી નાર, નીકળી પીરસણે રે.
ચમકતા તકિયા ઘણા, ઝારી ને લોટડા રે;
માંહે બેસણે બહુ વિવેક, દીસે ફૂટડા રે.
બાવન ગજની થાળી, સોનાના વાડકા રે;
પીરસનારી પ્રમાણ, જમનારા લાડકા રે.
ખાંડ પકવાન મેવા, બહુ ઘમા રે;
પૂરણ ને દૂધપાક, સાકરિયા ચણા રે.
ગોટા તળિયા તડબૂચા, આંબા સાખશું રે;
પિસ્તા ને અખરોટ, દાડમ દ્રાક્ષશું રે.
તલ સાંકળી મોળાં દહીંચરાં, સેવ છૂટી કળી રે;
ખોબલડે પીરસે ખાંડ, મસ્તી બેવડી રે.
ખાજાં જલેબી દીસતી, દાળિયા મસમસે રે;
ઘેબર ને મોતીચુર, જમતાં સૌ હસે રે.
મગદાળ ને મેસૂર, પેંડા લાવિયા રે;
પકવાન બીજાં અનેક, લાકડશી ભાવિયા રે.
બાટબંધટો રાંધીએ, માંહે ખાંડ ભેળી રે;
ગવરીના તાવ્યાં ઘી, સેવો ગળી રે.
સારો કર્યો કંસાર, પોળી પાતળી રે;

સાકરની મીઠાસ, આણી કચોલે ભરી રે.
જમવા બેઠી નાર, જાદવની બાપરી રે;
જમતાં જમતાં કહે ભલી રે.
લવિંગ સોપારી એલચી, પન સમારિયા રે;
બીડલે બાસઠ પાન, સહુને આપિયા રે.
સાજન હતું કૃષ્ણનું, તે સર્વે જમ્યું રે;
પ્રેમાનંદના નાથ, ત્યાં વહાણું થયું રે.

પ્રકરણ ૮૭ મું

શ્રીકૃષ્ણ પરિવારને પહેરામણી થઈ

(રાગ : પહેરામણીનો)

આપ્યું મૂક્યું સર્વે પહોંચ્યું, કન્યાને વળાવો, મારા નવલા વેવાઈઓ.
રથ ઘોડો ને પામરીઓ, સૌ જાદવને બંધાવો, મારા નવલા વેવાઈઓ.
જરકસી અને જામા, તમે કૃષ્ણને પહેરાવો, મારા નવલા વેવાઈઓ.
પંચ વસ્ત્ર ને શણગાર, તમે જમાત્રને આપો, મારા નવલા વેવાઈઓ.
દક્ષિણનાં ચીર રાણી, રૂકમણીને આપો, મારા નવલા વેવાઈઓ.
સાળું ને ઘરચોળા, સતી સત્યભામાને આપો, મારા નવલા વેવાઈઓ.
પાટણનાં પટોળાં રાણી, જાંબુવતીને આપો, મારા નવલા વેવાઈઓ.
વલણ : પહેરામણી પૂરણ થઈ, હૈયે હરખ ન માંય રે; કન્યા તેડી કોડ ભરી, હવે કૃષ્ણ દ્વારિકા જાય રે.

પ્રકરણ ૮૮ મું

ઓખા ચિત્રલેખાનો આભાર વ્યક્ત કરે છે

(રાગ : વરાડી)

ઓખા ચાલી ચાલણહાર, સૈયરો વળાવા સચરી;
ઓખા ઊભી રહે, મળતી જા માને વહાલી દીકરી.
કોઈ લાવે એકાવળ હાર, કોઈ લાવે સોનાનાં સાકળાં;
કોઈ લાવે સોળ શણગાર, ઓખા બાઈને પહેરાવવા.
ઓખાજી વળતાં બોલિયાં, કહે મારી બાઈ રે;
ચિત્રલેખા આવ ઓરી આ વાર રે.
આ લે સોનાનાં સાંકળાં, બોલ્યા બાઈ રે;
તારા ગુણ ઓશિગણ ગાઉં, બોલ્યાં બાઈ રે.
નિત નિત ગોમતી ને રણછોડ આવ્યા નક્કી રે;
એટલે પહોંચ્યા મનના કોડ, મારી બાઈ રે.

પ્રકરણ ૮૯ મું

ઓખા સાસરિયે જવા નીકળે છે

(રાગ : ધોળની દેશી)

ઓખાબાઈ સાસરીએ હવે જાય રે,
માનુની તો મળી મંગળ ગાય રે.
રથ અને શ્રીફળ તે સિંચાય રે,
ઓખાબાઈને લાડુ કચોળું અપાય રે.
ઓખાબાઈના ગીત ગવાય રે,
ઓખાબાઈને શિખામણ દે છે માય રે.

પ્રકરણ ૯૦ મું

સાસરિયાના સાથમાં, તું ડાહી થાજે દીકરી;
હું તુજને શિખામણ દઉં, તે રખે જાતી વિસરી.
હળવે હળવે ચાલિયે, સાસરિયાના સાથમાં;
ખોળે ખાવા ના ઘાલિયે, સાસરિયાના સાથમાં.
કંથ સારુ માલિયે, સાસરિયાના સાથમાં;
સૈડકો આધો તાણિયે, સાસરિયાના સાથમાં.
કૂવે વાત ન કીજિયે, સાસરિયાના સાથમાં;

પરપુરુષ સાથે વાત કરતાં બ્હીજીએ, સાસરિયાના સાથમાં.
ઢુંકી પાણી નવ લીજિયે, સાસરિયાના સાથમાં;
પરપુરુષથી હસી તાળી નવ લીજિયે, સાસરિયાના સાથમાં.
પિયુજીને પરમેશ્વર જાણી, સાસરિયાના સાથમાં;
પગ ધોઈ પીજીએ રે, સાસરિયાના સાથમાં.

પ્રકરણ ૯૧ મું

જાન જતી વખતે ફટાણા ગવાય છે

(રાગ : ફટાણાની ચાલ)

આવ્યો આવ્યો દ્વારિકાનો ચોર, લાખેણી લાડી લઈ વળ્યો રે;
જેણે વડવે ચાર્યા ઢોર, હાર્યો હાર્યો બાણાસુર રાય.
કૃષ્ણ રાય જીતિયા રે, વેગે આવ્યા દ્વારિકાની માંય;
કેશવ રાય જીતિયા રે, રાણી રુકમણીએ વધાવી લીધા.
ત્રિકમ રાય જીતિયા રે, તે તો પુરાણે પ્રસિદ્ધ;
ધીંગડમલ જીતિયા રે, તે તો ગોત્રજ આગળ જાય.
કલ્યાણ રાય જીતિયા રે, બંનેના હાથે મીંઢળ છોડાય.

પ્રકરણ ૯૨મું

મીંઢળ છોડવા સમયે ઓખા-અનિરુદ્ધ વચ્ચે શાબ્દિક યુદ્ધ

(રાગ : ધોળ-મંગળ)

તારા બાપનો બાપ તેડાવ, છોગાળા ન છૂટે;
તારો કૃષ્ણ વડવો તેડાવ, છબીલા દોરડો નવ છૂટે.
તારી રુકમણી માત તેડાવ, છબીલા દોરડો નવ છૂટે;
બ્રહ્માએ વાળી ગાંઠ, છબીલા દોરડો નવ છૂટે.
તારો બળભદ્ર કાકો તેડાવ, છબીલા દોરડો નવ છૂટે;
તારી રેવતી કાકી તેડાવ, છબીલા દોરડો નવ છૂટે.
તેની રુદ્રે બાંધી ગાંઠ, કેમ છૂટી જાય, હો લાડી;
તારો બાણાસુરબાપ તેડાવ, હો લાડી.
બાણમતિ માત તેડાવ, હો લાડી;
તારો શંકર તાત તેડાવ, હો લાડી, દોરડો નવ છૂટે.
તારી પારવતી માત તેડાવ, હો લાડી;
તારો ગણપતિ ભ્રાત તેડાવ, હો લાડી, દોરડો નવ છૂટે.
તારી શુધ બુધ ભોજાઈ તેડાવ, હો લાડી;
તારી ચિત્રલેખા ચોર તેડાવ, હો લાડી, દોરડો નવ છૂટે.
ઓખા છોડે સેરડો, તે જાદવજુવતી ગાય;
બેઠી ગાંઠ તે છૂટી જાય, છબીલા છોરડો કેમ છૂટે.

પ્રકરણ ૯૩ મું

કથા સમાપ્તિ વેળા જય જય શ્રી રણછોડ બોલો

(રાગ : ધનાશ્રી)

રીત ભાત પરિપૂર્ણ કરી, ઊઠ્યા કૃષ્ણ તનજી,
નવું રે મંદિર વસાવવાને, ત્યાં આપ્યું રે ભુવનજી.
એક વાર શ્રીકૃષ્ણે ઓખાતે, ખોળા માંહે બેસારીજી;
માંગવું હોય તે માંગી લેજે તું છે વહુઅર અમારીજી.
મારા બાપને એક દીકરો, તમે આપો રે ભગવાનજી;
ભગવાને આપ્યો દીકરો, તેનું ગયાસુર નામજી.
બાણાસુરનો ગયાસુર, વંશ ધારણ હારજી;
કહી કથા ને સદેહ ભાંગ્યો, પરીક્ષિત લાગ્યો પાયજી.
શુકદેવજી અમને પાવન કીધા, સંભળાવ્યો મહિમાયજી;
આરાધું ઈષ્ટ ગુરુદેવને, ગણપતિને લાગું પાયજી.
શ્રોતા વક્તા સહુ સાંભળો, કહ કવિ કર જોડજી;
ભાવ ધરી સહુ બોલજો, જય જય શ્રી રણછોડજી.